ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 20 સપ્ટેમ્બર 2026 રવિવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 9

વર્ષ : 18
અંક : 81

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
'FAKE NEWS સહન નહીં થાય' : ટ્રમ્પે CNN સહિત 3 મીડિયા હાઉસ પર લગાવ્યો ગંભીર આરોપ, વ્હાઇટ હાઉસના દરવાજા કાયમી બંધ કર્યા

4 
'વોટ ચોરી પછી હવે પાર્ટી ચોરી', મુંબઈના સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સચીન વાંઝે વિવિધ આરોપો હેઠળ ઘણા વર્ષોથી જેલમાં છે.

6 

'એક્ટિંગ કરિયરને લઈને પપ્પા સાથે ઘણીવાર બોલાચાલી થાય છે' : મલ્હાર અને પૂજાએ શેર કર્યા 'ચટણી'ના ખાટા-મીઠા અનુભવો

7 
UPI પર કોને GST ચૂકવવો પડશે અને કોને છૂટ મળશે? : પૂરી રકમ પર 18% ટેક્સ લાગશે કે માત્ર MDR ફી પર? જાણો તમામ સવાલોના જવાબ

બિટ્ટૂને કસ્ટડીમાં લેવાયા; બોલ્યા- માન દારૂની મજા માણે, કેજરીવાલને પંજાબ લૂંટવા દે

પંજાબના CMના કાફલા પર પૂર્વ મંત્રીએ ઈંડા-ટામેટા ફેંક્યા

પ્રદર્શન દરમિયાન પંજાબ પોલીસે બિટ્ટૂને કસ્ટડીમાં લઈ લીધા. કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ બિટ્ટૂના એક્સ હેન્ડલ પરથી પોસ્ટ કરવામાં આવ્યું-

નવી દિલ્હી, તા.19

પૂર્વ કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂના નેતૃત્વમાં ભાજપના કાર્યકરોએ શનિવારે લુધિયાણામાં સીએમ ભગવંત માનના કાફલા પર ઈંડા-ટામેટાં ફેંક્યાં. બિટ્ટૂએ પંજાબ કૃષિ યુનિવર્સિટીના ગેટ પાસે મુખ્યમંત્રીના કાફલા તરફ દારૂની બોટલ લહેરાવતા કહ્યું કે તેઓ માનને બોટલ પરત આપી રહ્યા છે. તેમણે બોટલો ફેંકતાં કહ્યું-ભગવંત માન, તમારી દારૂની મજા માણો અને અરવિંદ કેજરીવાલને દિલ્હીથી પંજાબને લૂંટવા દો. પ્રદર્શન દરમિયાન પંજાબ પોલીસે બિટ્ટૂને કસ્ટડીમાં લઈ લીધા. કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ બિટ્ટૂના એક્સ હેન્ડલ પરથી પોસ્ટ કરવામાં આવ્યું-

લોકોના અવાજને કસ્ટડી અને કેસોથી દબાવી શકાય નહીં. આજે પંજાબ પોલીસે અમને કસ્ટડીમાં લીધા છે, પરંતુ અમારો જુસ્સો બુલંદ છે. જણાવી દઈએ કે એક દિવસ પહેલાં BJPની નશામુક્ત રથયાત્રા શરૂ થાય તે પહેલાં પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી રવનીત બિટ્ટૂના કાફલા પર હુમલો થયો હતો. બિટ્ટૂ શુક્રવાર (18 સપ્ટેમ્બર)ના રોજ અમૃતસરથી પઠાણકોટમાં યાત્રામાં સામેલ થવા માટે જઈ રહ્યા હતા.



રવનીત સિંહ બિટ્ટૂએ CM માનના કાફલા પર દારૂની બોટલ અને ઈંડું ફેંક્યું.

AAPનું ચૂંટણી અભિયાન લોન્ચ કરવા પહોંચ્યા હતા CM

પંજાબમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં CM માન આજે લુધિયાણા ખાતે આમ આદમી પાર્ટીનું ચૂંટણી અભિયાન લોન્ચ કરવા પહોંચ્યા હતા. પખ્ખોવાલ રોડ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમમાં મુખ્યમંત્રી ભગવંત માને પાર્ટીનું ચૂંટણી પેમ્ફલેટ પણ બહાર પાડ્યું.

બિટ્ટુ બોલ્યા- મારા પર ફેંકાયેલા ઈંડા-ટામેટાં પાછા આપ્યાં

રવનીત બિટ્ટુએ કહ્યું- એક દિવસ પહેલાં બટાલા નજીક મારા કાફલા પર ઈંડા અને ટામેટાં ફેંકવામાં આવ્યાં હતાં, આજે પ્રદર્શન દરમિયાન એ જ પાછા આપવામાં આવ્યાં. મારા કાફલા પર થયેલા હુમલામાં વાહનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું, આ બધું AAPએ જ કરાવ્યું હતું.

AAPને ભાજપ જવાબ આપશે

બિટ્ટુએ કહ્યું કે જો આમ આદમી પાર્ટીના કાર્યકરો ભાજપના નેતાઓ, રેલીઓ અને યાત્રાઓનો વિરોધ કરશે તો ભાજપના કાર્યકરો પણ પંજાબ સરકાર અને તેના નેતાઓ વિરુદ્ધ લોકતાંત્રિક રીતે પ્રદર્શન કરશે. તેમણે કહ્યું કે ભાજપ પંજાબ સાથે જોડાયેલા મુદ્દાઓ સતત ઉઠાવતું રહેશે.

રવનીત બિટ્ટૂ હાથમાં દારૂની બોટલ અને ટામેટાં લઈને ઉભા છે.

CMના કાર્યક્રમોની બહાર પ્રદર્શન કરવાની ચેતવણી

બિટ્ટૂએ કહ્યું કે જરૂર પડશે ત્યારે ભાજપ મુખ્યમંત્રીના કાર્યક્રમો અને કાર્યાલયોની બહાર શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક રીતે વિરોધ પ્રદર્શન કરશે. તેમણે પંજાબ સરકાર પર પોલીસ કાર્યવાહી દ્વારા રાજકીય વિરોધનો અવાજ દબાવવાનો આરોપ લગાવ્યો. શુક્રવારે BJPની નશામુક્ત રથયાત્રા શરૂ થવા પહેલાં બટાલા નજીક પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી રવનીત બિટ્ટુના કાફલા પર હુમલો થયો હતો.

કેરળ નેવી એકેડેમીમાંથી બાંગ્લાદેશી ઝડપાયો : લગભગ એક વર્ષથી લોન્ડ્રી વિભાગમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો હતો

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ 32 વર્ષીય બિપ્લબ સોરેન તરીકે થઈ છે.

કેરળ, તા.19

કેરળની એઝિમાલા નેવી એકેડેમીમાં નકલી દસ્તાવેજોના આધારે ભારતીય નાગરિક બનીને કામ કરી રહેલા બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ 32 વર્ષીય બિપ્લબ સોરેન તરીકે થઈ છે. તે એકેડેમીના લોન્ડ્રી વિભાગમાં કોન્ટ્રાક્ટ વર્કર હતો. નેવીના અધિકારીઓએ શુક્રવારે રાત્રે લગભગ 8:15 વાગ્યે તેની પૂછપરછ કરી હતી. તેના દસ્તાવેજોની તપાસ કર્યા બાદ તેને પોલીસને સોંપી દીધો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, તે માન્ય દસ્તાવેજો વિના ભારતમાં રહેતો હતો.

વર્તન પર શંકા થતાં પૂછપરછ

ખરેખર, નેવીના અધિકારીઓને બિપ્લબના વર્તન પર શંકા થઈ હતી. ત્યારબાદ તેના પર નજર રાખવામાં આવી અને અધિકારીઓએ તેને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરી હતી. તપાસ દરમિયાન તેના મોબાઈલ ફોનમાંથી એવા દસ્તાવેજો અને માહિતી મળી આવી, જેનાથી તેના બાંગ્લાદેશી નાગરિક હોવાનો સંકેત મળ્યો. ત્યારબાદ નેવીના અધિકારીઓએ તેની પૂછપરછ કરી અને દસ્તાવેજોની ચકાસણી કરી.

લગભગ એક વર્ષથી એકેડમીમાં હતો

બિપ્લબ સોરેન લગભગ એક વર્ષથી સંવેદનશીલ સંરક્ષણ સંસ્થામાં



કોન્ટ્રાક્ટ કર્મચારી તરીકે કામ કરી રહ્યો હતો. તેની રાષ્ટ્રીયતા વિશે જાણકારી ન મળતાં સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે.

તપાસ એજન્સીઓ હવે એ જાણી રહી છે કે બિપ્લબે નકલી દસ્તાવેજો કેવી રીતે મેળવ્યા અને સંવેદનશીલ સંરક્ષણ સંસ્થામાં પ્રવેશ કેવી રીતે મેળવ્યો.

રોજગાર અપાવનારની પણ તપાસ


અધિકારીઓ એ પણ તપાસ કરી રહ્યા છે કે તે એકેડમીમાં ક્યારથી કામ કરી રહ્યો હતો. તેની રોજગારીની વ્યવસ્થા કોણે કરી અને આ મામલાને કારણે સુરક્ષા પર કોઈ વ્યાપક અસર તો થઈ નથી ને, તેની પણ તપાસ થઈ રહી છે.

આ ધરપકડ ગુપ્તચર એજન્સીઓ પાસેથી મળેલી માહિતીના આધારે કરવામાં આવી હતી. આ કાર્યવાહી કન્નૂર જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં દસ્તાવેજો વિના રહેતા બાંગ્લાદેશી નાગરિકો વિરુદ્ધ ચાલી રહેલી પોલીસ કાર્યવાહીની વચ્ચે થઈ છે. આ કાર્યવાહીમાં મહિલાઓ પણ સામેલ છે. અમદાવાદ પોલીસે અને ક્રાઈમ બ્રાન્ચે ચંડોળા, ગુલાબનગર અને ખોડિયાનગર વિસ્તારોમાં કાર્યવાહી કરી , અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર ઘૂસણખોરી વિરુદ્ધ કાર્યવાહી કરતાં શહેરના ત્રણ વિસ્તારોમાંથી 300થી વધુ શંકાસ્પદ લોકોને કસ્ટડીમાં લીધા છે. તપાસમાં 166 બાંગ્લાદેશી નાગરિકો મળી આવ્યા છે, જ્યારે અન્ય શંકાસ્પદોના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે.

રાજસ્થાનમાં આજથી ચોમાસાની વિદાય શક્ય : યુપીના ગોંડામાં 10 હજાર લોકો પૂરમાં ફસાયા; મહારાષ્ટ્રમાં વીજળી પડવાથી 5નાં મોત

રાજસ્થાન, તા.19

દેશભરમાં ચોમાસાની અસર હવે ઓછી થવા લાગી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાનના પશ્ચિમી ભાગમાં આજથી ચોમાસાની વિદાય શરૂ થવાની સંભાવના છે. ત્યારબાદ તે પંજાબ, હરિયાણા, દિલ્હી અને મધ્ય પ્રદેશમાંથી ધીમે-ધીમે પાછું ખેંચાશે. પછી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના બાકીના ભાગોમાંથી ચોમાસું નબળું પડતાં સમગ્ર દેશમાંથી વિદાય લેશે. યુપીમાં 22 સપ્ટેમ્બરથી વરસાદી પ્રવૃત્તિઓ અટકવાની સંભાવના છે. જોકે, કેટલાક વિસ્તારોમાં હજુ પણ પૂરની સ્થિતિ જેવી પરિસ્થિતિ છે. રાજ્યના ગોંડામાં ઘાઘરા નદીના જળસ્તરમાં ઘટાડો થતાં થોડી રાહત મળી છે, પરંતુ 15 ગામોમાં આશરે 10 હજાર લોકો હજુ પણ પૂરના કારણે પ્રભાવિત છે. અનેક ઘરો અને આસપાસના



વિસ્તારોમાં પાણી ભરાયેલું છે. બીજી તરફ, મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં શુક્રવારે લાંબા સમયના દુષ્કાળ બાદ વરસાદ થયો. આ દરમિયાન વીજળી પડવાની બે ઘટનાઓમાં એક દંપતી સહિત 5 લોકોનાં મોત થયા છે. અકસ્માતોમાં ચાર લોકો ઘાયલ પણ થયા છે. બીજી તરફ, મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં શુક્રવારે લાંબા સમયના દુષ્કાળ બાદ વરસાદ થયો. આ દરમિયાન વીજળી પડવાની બે ઘટનાઓમાં એક દંપતી સહિત 5 લોકોનાં મોત થયા છે. અકસ્માતોમાં ચાર લોકો ઘાયલ પણ થયા છે.

ગઈકાલે નંદીગ્રામના ઉમેદવારે નામ પાછું ખેંચ્યું હતું

મમતા જૂથના TMC ઉમેદવારનો યુ-ટર્ન

સવારે કહ્યું- પેટાચૂંટણી નહીં લડું, બપોરે કહ્યું- રેજીનગરથી ચૂંટણી લડીશ

પશ્ચિમ બંગાળ, તા.19

પશ્ચિમ બંગાળની રેજીનગર બેઠક પર પેટાચૂંટણીમાં મમતા બેનર્જીના TMC જૂથના ઉમેદવાર રબીઉલ આલમ ચૌધરીએ શનિવારે બપોરે ફરીથી ચૂંટણી લડવાની જાહેરાત કરી. સવારે તેમણે ઉમેદવારી પાછી ખેંચવાની વાત કહી હતી. તેનું કારણ તેમણે TMCનું જૂનું ચૂંટણી ચિહ્ન ટ્વિન ફ્લાવર્સ એટલે કે જોડીયા ફૂલ ઘાસ ચિહ્ન ન મળવાનું જણાવ્યું હતું.

આના એક દિવસ પહેલાં શુક્રવારે નંદીગ્રામમાં પણ મમતા જૂથના ઉમેદવાર સંચિતા પ્રધાન ડેએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. ત્યારબાદ મમતા બેનર્જીએ નંદીગ્રામથી કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.



જોકે, તેના થોડા કલાકો બાદ મિલન પ્રધાનની 2007ના એક જૂના હત્યા કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. બંને બેઠકો પર 6 ઓક્ટોબરે પેટાચૂંટણી યોજાશે અને 9 ઓક્ટોબરે મતગણતરી થશે. શુભેન્દુ અધિકારીના રાજીનામા બાદ નંદીગ્રામ બેઠક ખાલી થઈ હતી, જ્યારે હૂમાયૂં કબીરના રાજીનામા બાદ રેજીનગર બેઠક ખાલી થઈ હતી. બંગાળમાં બે બેઠકો પર પેટાચૂંટણી, TMCના બંને જૂથોને નવું નામ-ચિહ્ન

ચૂંટણી પંચે TMCના બંને જૂથોને અલગ-અલગ નામ અને ચૂંટણી ચિહ્ન ફાળવી દીધાં છે.

મમતા બેનર્જીના જૂથને 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' અને 'ફૂટબોલ ખેલાડી'નું ચિહ્ન મળ્યું છે, જ્યારે બીજા જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ' અને 'પરબિડિયું' આપવામાં આવ્યું છે.

તેના એક દિવસ પહેલાં પંચે બંને જૂથોને 'ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'જોડીયા ફૂલ-ઘાસ'વાળું મૂળ ચૂંટણી ચિહ્ન વાપરવા પર રોક લગાવી હતી. આ વચગાળાની વ્યવસ્થા છે. મૂળ નામ અને ચિહ્ન અંગેનો અંતિમ નિર્ણય હજુ આવવાનો બાકી છે.

હવે બંને જૂથો પેટાચૂંટણીમાં નવા પક્ષના નામ અને ચિહ્ન સાથે ચૂંટણી લડશે. નંદીગ્રામ લાંબા સમયથી TMC અને ભાજપ વચ્ચેના રાજકીય સંઘર્ષનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આ વિસ્તારમાં 2007ના જમીન અધિગ્રહણ વિરોધી આંદોલને મમતા બેનર્જી અને TMCને 2011માં સત્તા સુધી પહોંચાડવામાં મોટી ભૂમિકા ભજવી હતી. 2021માં મમતાએ અહીંથી બંગાળના વર્તમાન મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સામે ચૂંટણી લડી હતી, પરંતુ તેઓ હારી ગયાં હતાં. અધિકારી BJPમાં સામેલ થયા બાદ TMCના સૌથી મોટા પ્રતિસ્પર્ધી બની ચૂક્યા છે. 2026ની વિધાનસભા ચૂંટણીમાં શુભેન્દુ અધિકારીએ નંદીગ્રામ ઉપરાંત ભવાનીપુર બેઠક પરથી પણ ચૂંટણી લડી હતી અને બંને જગ્યાએ જીત મેળવી હતી. ભવાનીપુરમાં તેમણે મમતા બેનર્જીને 15,105 મતોથી હરાવ્યાં હતાં. અધિકારીને 73,917 મત મળ્યા હતા, જ્યારે મમતા બેનર્જીને 58,812 મત મળ્યા હતા. બાદમાં અધિકારીએ ભવાનીપુર બેઠક પોતાની પાસે રાખી અને નંદીગ્રામમાંથી રાજીનામું આપી દીધું. ત્યારબાદ નંદીગ્રામ બેઠક ખાલી થઈ હતી.



NSUIએ નીરજા ગુપ્તાના ફોટો પર લિપસ્ટિક લગાવી બંગડીઓ પછાડી

ગુજરાત યુનિ.માં પોલીસ સાથે ઝપાઝપી, કાચ તૂટ્યા; 200 કરોડથી વધુના કૌભાંડનો આક્ષેપ, 'ચાચી 420 પર FIR ક્યારે?'

અમદાવાદ, તા.19

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ લિપસ્ટિક સહિતના બિલ પાસ કરાવ્યા હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને આજે(19 સપ્ટેમ્બર) NSUIના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શન કરવા માટે પહોંચ્યા હતા. NSUIએ નીરજા ગુપ્તાના ફોટો પર લિપસ્ટિક લગાવી બંગડીઓ પછાડી હતી. જે દરમિયાન PSI સહિતના પોલીસ કર્મચારીઓએ NSUIના કાર્યકર્તાઓને ખેંચીને અટકાયત કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે NSUIના કેટલાક કાર્યકર્તાઓ તેમને બચાવવા માટે હાથ પકડી લીધો હતો. છતાં ખેંચીને લઈ જવામાં આવતા ઉગ્ર વાતાવરણ બની ગયું હતું.

જ્યારે મામલો ઉગ્ર બનતા પોલીસ અને NSUIના



કાર્યકર્તાઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું. NSUIના કેટલાક કાર્યકર્તાઓ મારામારી પર આવી ગયા હતા. જે દરમિયાન કુલપતિની ઓફિસમાં રાખવામાં આવેલ પાણીના કાચના ગ્લાસ અને કુલપતિની ઓફિસની બહાર ટેબલ પર રાખવામાં આવેલ કાચ પણ તૂટી ગયા છે.કાર્યકર્તાઓના બેનરમાં લખ્યું હતું કે, 'ચાચી 420 પર FIR ક્યારે?' 5 PSI સહિત 50થી વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવાયો

કુલપતિની ઓફિસમાં તોડફોડની ઘટના બાદ NSUIના તમામ કાર્યકરોને ટીંગાટોળી કરીને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા છે. ત્યારબાદ કુલપતિની ઓફિસનો દરવાજો



બંધ કરી દેવાયો છે અને ટાવરની બહાર 5 PSI સહિત 50થી વધુ પોલીસ જવાનોનો કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

'વિદ્યાર્થીઓના પૈસા નીરજા ગુપ્તાએ પોતાની લિપસ્ટિક સહિતના ખર્ચ માટે વાપર્યા'

NSUIના મહામંત્રી વિક્રમસિંહ ગોહિલે કહ્યું હતું કે, પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ અગાઉ 40 કરોડનું કૌભાંડ કર્યું હતું. જેની સામે વધુ એક હકીકત સામે આવી છે કે લિપસ્ટિક, પોતાના કપડા સહિતની વસ્તુઓ પણ લાવવામાં આવે છે, જે તમામ વસ્તુઓ પોતાના પૈસે નહી ગુજરાત યુનિવર્સિટીના પૈસાથી કરવામાં આવી છે. તેમજ વિદેશ



પ્રવાસ પણ ગુજરાત યુનિવર્સિટીના ખર્ચે જ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે જે પૈસા વાપરવા જોઈએ તે પૈસા નીરજા ગુપ્તાએ પોતાની લિપસ્ટિક સહિતના ખર્ચ માટે વાપરવામાં આવ્યા છે. આ મામલે યોગ્ય તપાસ કરવાની અમારી માગ છે.

અગાઉ પણ નીરજા ગુપ્તા પર લાગી ચૂક્યા છે ગેરરીતિના આરોપ

નીરજા ગુપ્તાએ પોતાની એક જ અમેરિકા ટૂર દરમિયાન કુલ 386.98 US ડોલર (ભારતીય ચલણ મુજબ આશરે 33,300 રૂપિયા)ની અંગત ખરીદી કરી હતી. સરકારી કે યુનિવર્સિટીના ફંડમાંથી અંગત વપરાશની વસ્તુઓ ખરીદવાના આ ગંભીર મુદ્દે હવે નીરજા ગુપ્તાની મુશ્કેલી વધી શકે છે. કારણ કે અગાઉ માનીતા લોકોની યુનિવર્સિટીમાં ભરતી અને મસમોટા પગાર આપવાનો વિવાદ ઉછળી ચૂક્યો છે.

આ ઉપરાંત દિવ્ય ભાસ્કરે જ ગત 22 ઓગસ્ટના રોજ એક ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ પબ્લિશ કર્યો હતો. જેમાં કુલપતિ પદે રહીને નીરજા ગુપ્તા કેન્દ્ર સરકારના એક પ્રોગ્રામ હેઠળ મહિને વધારાનો 4.20 લાખ રૂપિયા પગાર લેતા રહ્યા હોવાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. વળી આ પગાર પોતાની સહીથી જ પોતાના માટે મંજૂર થતો હતો. આ ઉપરાંત દિવ્ય ભાસ્કરે જ ગત 22 ઓગસ્ટના રોજ એક ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ પબ્લિશ કર્યો હતો. જેમાં કુલપતિ પદે રહીને નીરજા ગુપ્તા કેન્દ્ર સરકારના એક પ્રોગ્રામ હેઠળ મહિને વધારાનો 4.20 લાખ રૂપિયા પગાર લેતા રહ્યા હોવાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. વળી આ પગાર પોતાની સહીથી જ પોતાના માટે મંજૂર થતો હતો.

ABVPનું સ્ટુડન્ટ્સ રેડ નામથી આંદોલન, હોસ્ટેલોની મેશમાં ચેકીંગ કરશે : વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત ભોજન અપાતું ન હોવાના આક્ષેપ

અમદાવાદ, તા.19

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી અલગ અલગ હોસ્ટેલમાં ભોજન લીધા બાદ વિદ્યાર્થીઓ બીમાર પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. સુરતની પી.પી. સવાણી હોસ્ટેલ, આણંદની રાણક ગર્લ્સ હોસ્ટેલ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, વડોદરા, અમદાવાદ સહિતની અનેક જગ્યાએ આવી ઘટનાઓ સામે આવતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ(ABVP) દ્વારા સ્ટુડન્ટ્સ રેડ નામથી આંદોલન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યભરની સરકારી, અર્ધ સરકારી કે પછી યુનિવર્સિટી સાથે જોડાયેલી હોસ્ટેલમાં સરપ્રાઈઝ ચેકીંગ કરીને વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત ભોજન આપવામાં આવે છે તે બહાર લાવશે. જો ગુણવત્તા યુક્ત ભોજન નહીં આપવામાં આવતું હોય તો આંદોલન કરીને જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માંગ કરશે.

'મેશનું ખાવાથી વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ થઈ રહ્યું છે'

ABVPના પ્રદેશ મંત્રી દેવાંશ



બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ગુજરાતની અનેક યુનિવર્સિટીઓની કેન્ટિન અને મેશમાં અનેક વખત જીવાત નીકળવાની ઘટના સામે આવી છે. તેમજ અનેક જગ્યાએ મેશનું ખાવાથી વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ થઈ રહ્યું છે. સુરેન્દ્રનગર, આણંદ સહિત અનેક જગ્યાએ હોસ્ટેલની કેન્ટિનમાં આ પ્રકારની ઘટનાઓ સામે આવી છે. વિદ્યાર્થીઓ પોતાના ઘરથી અને ગામથી દૂર આવીને આ હોસ્ટેલમાં રહે છે ત્યાં જ તેમને યોગ્ય ગુણવત્તાનું જમવાનું આપવામાં આવતું નથી.

'આ પ્રકારની ઘટનાઓ વિદ્યાર્થીઓના સપના અને આરોગ્ય સાથે ચેડા કરનારી ઘટના છે. સારા સપના સાથે જ્યારે માતા પિતા બાળકોને અલગ શહેરમાં અભ્યાસ કરવા માટે મોકલતા હોય છે ત્યારે સારું ગુણવત્તા યુક્ત ભોજન મળે તેવી આશા રાખતા હોય છે. પરંતુ હોસ્ટેલ અને મેશમાં યોગ્ય ગુણવત્તાનું ભોજન આપવામાં તમામ લોકો નિષ્ફળ નીવડ્યા છે.'

ABVPનું રાજ્યમાં સ્ટુડન્ટ્સ રેડ નામથી આંદોલન

વધુમાં દેવાંશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, દરેક જગ્યાએ ટેન્ડર સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. જે ઓછું ટેન્ડર ભરે તેને કામગીરી સોંપવામાં આવે છે પરિણામે વિદ્યાર્થીઓને ભોજનની ગુણવત્તામાં કોમ્પ્રોમેઝ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પોષણ યુક્ત ભોજન આપવામાં આવતું નથી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ આ પ્રકારની ઘટનાઓને યોગ્ય માનતી નથી. જેથી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સમગ્ર ગુજરાતમાં સ્ટુડન્ટ્સ રેડ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભોજનની ગુણવત્તા અને વિદ્યાર્થીઓની પ્રાથમિકતાને ધ્યાને લઈને તમામ સરકારી અને અર્ધ સરકારી યુનિવર્સિટીઓમાં રેડ કરવામાં આવશે. યુનિવર્સિટી તેમજ તેના સાથે જોડાયેલી હોસ્ટેલોની કેન્ટીનમાં રેડ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને અપાતાં ભોજનની ચકાસણી કરાશે

આગામી સમયમાં આંદોલનને લઈને દેવાંશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, હોસ્ટેલમાં આવેલી કેન્ટીનોનું પાણી બહારથી લાવવામાં આવતા શાકભાજીની ગુણવત્તા તમામ વસ્તુઓની ચકાસણી કરવામાં આવશે. હોસ્ટેલના જ વિદ્યાર્થીઓને સાથે રાખી રેડ કરવામાં આવશે. વિદ્યાર્થીઓના ભોજનમાં વપરાતું તેલ, ઘી, દાળ સહિતની વસ્તુઓની ગુણવત્તા કેવી છે તેની ચકાસણી કરવામાં આવશે. જ્યાં ગંદકી હશે ત્યાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ જાતે જ સફાઈ કરશે અને ગુણવત્તા યુક્ત ભોજન વિદ્યાર્થીઓને મળે તે માટે આંદોલન કરશે. ઉગ્ર આંદોલન કરીને વોર્ડન અને રેકટર પાસેથી જવાબ પણ માંગવામાં આવશે. છતાં કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો જવાબદાર લોકોને દૂર કરવાની માંગણી પણ કરવામાં આવશે.

કિંજલ દવે મુંબઈમાં તો એશ્વર્યા અમદાવાદમાં ખેલૈયાઓને ડોલાવશે : આદિત્ય ગઢવી અને કીર્તિદાન ગઢવી આ વખતે ક્યાં રમઝટ બોલાવશે?

અમદાવાદ, તા.19

ગુજરાતમાં નવરાત્રિ 2026નો ધીમેધીમે માહોલ જામી રહ્યો છે. આ વર્ષે ઘણા જાણીતા સિંગર પરફોર્મ કરી ખેલૈયાઓનો ડોલાવવા તૈયાર થઈ ગયા છે. ખાસ કરીને અમદાવાદમાં આદિત્ય ગઢવી, દિવ્યા ચૌધરી, જિગ્નેશ કવિરાજ, હાર્દિક દવે, ઈશાની દવે સહિતના અનેક સિંગર અમદાવાદમાં નવરાત્રિ કરવા આવવાના છે, ત્યારે આ વર્ષે નવરાત્રિમાં ખેલૈયાઓને નવું શું જોવા મળશે અને કયા સિંગર કયા વેન્યૂ પર આવશે તેને લઈને હાર્દિક દવે સાથે વાતચીત કરી હતી.

નવરાત્રિના અસલ અર્થ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ છીએ: હાર્દિક દવે

આ અંગે સિંગર હાર્દિક દવેએ જણાવ્યું હતું કે, અમે છેલ્લા 3-4 વર્ષથી ઘણી બધી વસ્તુઓ બદલવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. એમાંનો એક પ્રયત્ન છે આપણી ડિક્શનરી, આપણો શબ્દકોશ. જેમ કે, અમે વેન્યૂ નથી કહેતા, ગરબી ચોક કહીએ છીએ. સશક્ત નવરાત્રિ એ એક એવો પ્રયત્ન છે કે જેમાં નવરાત્રિના અસલ અર્થ સુધી પહોંચવાનો એક સભાન પ્રયત્ન અમે કરીએ છીએ.

દર વર્ષે 70% નવાં જ લોકગીતો કમ્પોઝ કરતા હોઈએ'



અમે દર વર્ષે અલગ-અલગ નવા નવા ગરબા લાવતા હોઈએ છીએ. અમારું એવું માનવું છે કે ક્રિએટિવિટી છે એ દર વર્ષે થવી જોઈએ. દર વર્ષે નવું આવવું જોઈએ. દર વર્ષે 60થી 70% નવાં જ લોકગીતો કમ્પોઝ કરતા હોઈએ. એમાં માતાજીના શબ્દો લખીને ગાતા હોઈએ.

'સોલા ભાગવત ખાતે અમારી નવરાત્રિ કરી રહ્યા છીએ'

અત્યારે એક ગરબો એવો છે કે જે નવું કમ્પોઝિશન છે. 'સોળ સજીને માઁ... દિવા બાળીને માઁ... તમે... આવો અંબે માળી, મઢી આવો બિરદાળી માઁ... આવો બિરદાળી, મઢી આવો બિરદાળી માઁ... રમવા આવો માડી, રમવા આવો...' આ એક ટ્રેન્ડિંગ છે. આ વર્ષે અમારી નવરાત્રિ સોલા ભાગવતની જગ્યામાં થઈ રહી છે.

'નવરાત્રિની તૈયારી અમારી આખા વર્ષની હોય છે'

અમારું ગ્રુપ ખૂબ મોટું છે તો કદાચ થોડાક સમયમાં જગ્યા પણ ચેન્જ થવાની શક્યતા છે, પરંતુ હમણાં તો આ જગ્યા ફિક્સ છે. કદાચ અડધો કે એક ટકો શક્યતા એવી છે. અમે હજુ ડિસાઈડ કરવામાં એક-બે દિવસ સમય વધારે લેવાના છીએ.

24 કલાકમાં રાજ્યના 224 તાલુકામાં વરસાદ

■ સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર લો પ્રેશરમાં કન્વર્ટ થતાં વરસાદી માહોલ રહેશે, કચ્છ-સૌરાષ્ટ્રમાં હજુ પણ વરસાદની ઘટ

અમદાવાદ, તા.19

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 224 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના ગીર ગઢડામાં 3 ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે 66 તાલુકામાં એકથી ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જો કે સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ પણ વરસાદની ઘટ છે.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ અને છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાની આગાહી કરી છે. દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આગામી બે દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. હાલમાં સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર સિસ્ટમમાં પરિવર્તિત થતાં તેમજ મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ હોવાના કારણે વરસાદી માહોલ જળવાઈ રહેશે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ 616.8 મીમી



વરસાદ નોંધાયો છે, જે સામાન્ય વરસાદ 673.9 મીમી કરતાં 8% ઓછો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ભારે વરસાદની કોઈ શક્યતા નથી. છૂટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે અને કેટલાક સ્પેલ રાજ્યમાં વરસાદી ઝાપટા પડી શકે છે. આ સિવાય લો પ્રેશર સિસ્ટમ સિવાય અન્ય એક મોનસુન ટ્રક સિસ્ટમ પણ સક્રિય થતા રાજ્યમાં હળવા વરસાદની આગાહી છે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. હાલમાં સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર સિસ્ટમમાં પરિવર્તિત થતાં તેમજ મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ હોવાના કારણે વરસાદી માહોલ જળવાઈ રહેશે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ 616.8 મીમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય વરસાદ 673.9 મીમી કરતાં 8% ઓછો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ભારે વરસાદની કોઈ શક્યતા નથી. છૂટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે અને કેટલાક સ્પેલ રાજ્યમાં વરસાદી ઝાપટા પડી શકે છે. આ સિવાય લો પ્રેશર સિસ્ટમ સિવાય અન્ય એક મોનસુન ટ્રક સિસ્ટમ પણ સક્રિય થતા રાજ્યમાં હળવા વરસાદની આગાહી છે.

થલતેજમાં આચાર્ય પતિએ દહેજ માટે પત્નીને માર માર્યો : પત્નીએ હોસ્પિટલમાં સારવાર કરાવવી પડી, 20 વર્ષની દીકરી હોવા છતાં વારંવાર ઝઘડા કરી ત્રાસ આપતા ફરિયાદ



અમદાવાદ, તા.19

શહેરના થલતેજ વિસ્તારમાં રહેલી મહિલાએ આચાર્ય પતિ સામે માનસિક અને શારીરિક ત્રાસ આપતો હોવાની ફરિયાદ નોંધાવી છે. લગ્નના 21 વર્ષ બાદ પણ પતિ દહેજ માટે પત્નીને ત્રાસ આપીને મારઝૂડ કરતો હતો. એટલી હદે માર માર્યો હતો કે, પત્નીએ હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર કરવી પડી હતી. જે અંગે પત્નીએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી પોલીસ તપાસ શરૂ કરી છે.

વિરમગામમાં રહેતા ત્યારથી માર મારતો

40 વર્ષીય મહિલાના પતિ વિરમગામમાં આચાર્ય તરીકે નોકરી કરે છે. મહિલાને 20 વર્ષની દીકરી છે, જ્યારે એક 11 વર્ષનો દીકરો છે. મહિલા જ્યારથી લગ્ન કરીને આવ્યા ત્યારથી પતિ નાની નાની બાબતોમાં ઝઘડો કરી ત્રાસ આપતો હતો. જ્યારે વિરમગામમાં રહેતા ત્યારથી પતિએ મારઝૂડ શરૂ કરી હતી.


સસરાએ ઉછીના આપેલા પૈસા પરત માગતા ફરી માર માર્યો

મહિલાના પિતા પાસેથી પતિએ મકાન લેવા માટે ઉછીના પૈસા લીધા હતા. જે પૈસા પરત માગતા પતિએ મહિલાને કહ્યું હતું કે, દહેજમાં કંઈ આપ્યું નથી અને દીકરીને મકાન લેવા પૈસા આપ્યા તે પૈસા કેમ પાછા માંગો છો. આ રીતે અવારનવાર મહિલાને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. થોડા દિવસ અગાઉ જ દહેજ બાબતે ફરીથી મારઝૂડ કરી હતી. જેના કારણે મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારે હવે આ સમગ્ર મામલે મહિલાએ આચાર્ય પતિ વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મહિલાના પિતા પાસેથી પતિએ મકાન લેવા માટે ઉછીના પૈસા લીધા હતા. જે પૈસા પરત માગતા પતિએ મહિલાને કહ્યું હતું કે, દહેજમાં કંઈ આપ્યું નથી અને દીકરીને મકાન લેવા પૈસા આપ્યા તે પૈસા કેમ પાછા માંગો છો. આ રીતે અવારનવાર મહિલાને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. થોડા દિવસ અગાઉ જ દહેજ બાબતે ફરીથી મારઝૂડ કરી હતી. જેના કારણે મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારે હવે આ સમગ્ર મામલે મહિલાએ આચાર્ય પતિ વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રસ્તા પરથી પસાર થતા લોકોને રોકીને લૂંટતી ટોળકી : ગીતામંદિર પાસે સગીર સહિત 4 શખસનો બસમાંથી જાગૃત નાગરિકે વીડિયો ઉતાર્યો

અમદાવાદ, તા.19

અમદાવાદના ગીતામંદિર પાસે લુખ્ખાતત્વોનો આતંક સામે આવ્યો છે. જેમાં રસ્તા પરથી પસાર થતા મુસાફરો અને લોકોને ચાર જેટલા યુવકો લૂંટી રહ્યા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોના આધારે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ઝોન 6 ડીસીપી ભગીરથસિંહ ગઢવીએ ભાસ્કરને કહ્યું કે, એક વીડિયો ધ્યાને આવ્યો તેમાં કેટલાક લોકો રાહદારીઓને રોકીને ચેક કરી રહ્યા છે. આ અંગે એક યુવકની ઓળખ થઈ છે. તેમજ આ વીડિયો ક્યારનો છે તેની પણ તપાસ ચાલુ છે. ગીતા મંદિર બસ સ્ટેન્ડ ખાતે રોજના લાખો મુસાફરો અવરજવર કરે છે. ત્યારે બસ સ્ટેન્ડ પાસેનો એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં એક સગીર સહિત ચાર જેટલા લોકો રસ્તા પરથી પસાર થતા રાહદારી અને મુસાફરોને રોકીને તેમને ડરાવી ધમકાવીને તેમના ખિસ્સા ચેક કરીને સામાન લૂંટી લેતા નજરે આવે છે. આ દરમ્યાન બસમાં સવાર એક જાગૃત નાગરિકે વીડિયો બનાવી વાઈરલ કર્યો હતો. વિડીયો પોલીસને ધ્યાને આવતા ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદના ગીતામંદિર પાસે લુખ્ખાતત્વોનો આતંક સામે આવ્યો છે. જેમાં રસ્તા પરથી પસાર થતા મુસાફરો અને લોકોને ચાર જેટલા યુવકો લૂંટી રહ્યા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોના આધારે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ઝોન 6 ડીસીપી ભગીરથસિંહ ગઢવીએ ભાસ્કરને કહ્યું કે, એક વીડિયો ધ્યાને આવ્યો તેમાં કેટલાક લોકો રાહદારીઓને રોકીને ચેક કરી રહ્યા છે. આ અંગે એક યુવકની ઓળખ થઈ છે. તેમજ આ વીડિયો ક્યારનો છે તેની પણ તપાસ ચાલુ છે. ગીતા મંદિર બસ સ્ટેન્ડ ખાતે રોજના લાખો મુસાફરો અવરજવર કરે છે. ત્યારે બસ સ્ટેન્ડ પાસેનો એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં એક સગીર સહિત ચાર જેટલા લોકો રસ્તા પરથી પસાર થતા રાહદારી અને મુસાફરોને રોકીને તેમને ડરાવી ધમકાવીને તેમના ખિસ્સા ચેક કરીને સામાન લૂંટી લેતા નજરે આવે છે. આ દરમ્યાન બસમાં સવાર એક જાગૃત નાગરિકે વીડિયો બનાવી વાઈરલ કર્યો હતો. વિડીયો પોલીસને ધ્યાને આવતા ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

'FAKE NEWS સહન નહીં થાય' : ટ્રમ્પે CNN સહિત 3 મીડિયા હાઉસ પર લગાવ્યો ગંભીર આરોપ, વ્હાઇટ હાઉસના દરવાજા કાયમી બંધ કર્યા

વૉશિંગ્ટન ડી.સી., તા.19

વોશિંગ્ટનમાં 18 સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે CNN, MSNOW અને પોલિટિકોને વ્હાઇટ હાઉસમાંથી પ્રતિબંધિત કરવાની જાહેરાત કરી.

ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું કે આ સંસ્થાઓના સતત ફેક ન્યૂઝ કવરેજને કારણે આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમણે આગળ પણ અન્ય મીડિયા સંસ્થાઓ પર આવા પ્રતિબંધો મૂકવાની ધમકી આપી.

ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા સાઇટ પર લખ્યું કે આ પ્રતિબંધ તાત્કાલિક અસરથી લાગુ થશે. તેમણે આ સંસ્થાઓના રિપોર્ટિંગને "FAKE NEWS" ગણાવ્યું. તો બીજી તરફ વિપક્ષી નેતાઓ અને પ્રેસ સ્વતંત્રતા માટે લડતી સંસ્થાઓએ આ પગલાંને ગેરબંધારણીય ગણાવીને 'અમેરિકામાં સરમુખત્યારશાહીની શરૂઆત' ગણાવી છે.

આ પહેલાં ટ્રમ્પે ફેબ્રુઆરી 2025માં એસોસિએટેડ પ્રેસ (AP)ના પત્રકારો પર પણ આવો જ પ્રતિબંધ મૂક્યો હતો. તે સમયે ટ્રમ્પે APના પત્રકારોને ઓવલ ઓફિસ, એર ફોર્સ વન અને અન્ય કાર્યક્રમોમાં જવા પર રોક લગાવી



હતી. આ કાર્યવાહી APએ ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલવાના તેમના નિર્ણયનું સમર્થન ન કર્યા બાદ કરવામાં આવી હતી.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને માહિતી આપી.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને માહિતી આપી.

ત્રણેય સંસ્થાઓ ટ્રમ્પના નિર્ણયો પર સવાલ ઉઠાવતી રહી છે

CNN- 24 કલાક ચાલતી ટીવી ન્યૂઝ ચેનલ અને ડિજિટલ વેબસાઇટ. અમેરિકન રાજકારણના મોટા સમાચાર અને ફેક્ટ-ચેકિંગ કરે છે. ટ્રમ્પના નિવેદનો અને નીતિઓ પર સતત તીખા સવાલો ઉઠાવતી રહી છે.

MS NOW- કેબલ ટીવી ન્યૂઝ ચેનલ અને ડિજિટલ મીડિયા. લેફ્ટ-ઓફ-સેન્ટર રાજકીય ચર્ચાઓ અને ઓપિનિયન શો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ટ્રમ્પ પ્રશાસન અને તેમની નીતિઓનો સૌથી મુખર ટીકાકાર ચેનલ માનવામાં આવે છે.

પોલિટિકો- પ્રમુખ ડિજિટલ ન્યૂઝ વેબસાઇટ અને રાજકીય અખબાર. વ્હાઇટ હાઉસ અને અમેરિકી સંસદના આંતરિક સમાચારો તથા નીતિઓનું રિપોર્ટિંગ કરે છે. ટ્રમ્પ પ્રશાસનના આંતરિક નિર્ણયો, વિવાદો અને વ્યૂહરચનાઓનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરતું આવ્યું છે.

ટ્રમ્પ પક્ષપાતનો આરોપ લગાવતા રહ્યા છે

વર્ષ 2016થી જ ટ્રમ્પ CNNના સમાચારોને સતત 'ફેક ન્યૂઝ' કહેતા રહ્યા છે અને તેમના કાર્યકાળ દરમિયાન અગાઉ પણ આ ચેનલના પત્રકારોના વ્હાઇટ હાઉસ પાસ રોકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત તેમણે 'ન્યૂયોર્ક ટાઇમ્સ' અને 'વૉલ સ્ટ્રીટ જર્નલ' જેવા મોટા અને પ્રતિષ્ઠિત અખબારો પર પણ પોતાની વિરુદ્ધ પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો અને તેમના પર માનહાનિના કેસ પણ દાખલ કરાવ્યા.

ટ્રમ્પે આ તમામ સંસ્થાઓના અહેવાલો પર ખુલ્લેઆમ સવાલો ઉઠાવ્યા અને તેમના પર જાણીજોઈને ખોટા ઇરાદાથી સમાચાર ચલાવીને તેમને નિશાન બનાવવાનો આરોપ મૂક્યો.

APએ દાખલ કર્યો કેસ

APએ આ મામલે કેસ કર્યો હતો. આ મામલો હજુ ચાલુ છે. ટ્રમ્પ લાંબા સમયથી એવા મીડિયા કવરેજ સામે નારાજગી વ્યક્ત કરતા આવ્યા છે, જેને તેઓ પોતાના વિરુદ્ધ માને છે. મીડિયા સંસ્થાઓ સામે કેસ કરવા અને પત્રકારો પર વ્યક્તિગત રીતે હુમલો કરવાનો તેમનો જૂનો રેકોર્ડ છે.

તેઓ પત્રકારોને સામસામે અથવા સોશિયલ મીડિયા દ્વારા પણ નિશાન બનાવતા રહ્યા છે.

બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદથી ટ્રમ્પે ન્યૂયોર્ક ટાઇમ્સ, વૉલ સ્ટ્રીટ જર્નલ, BBC અને અન્ય મીડિયા સંસ્થાઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરી છે.

ટ્રમ્પનો નિર્ણય ગેરબંધારણીયઃ રિપોર્ટર્સ કમિટી ફોર ફ્રીડમ ઓફ ધ પ્રેસ

પ્રેસ સ્વતંત્રતા માટે કામ કરતી વિવિધ સંસ્થાઓ અને નેતાઓએ ટ્રમ્પના આ વલણની સખત શબ્દોમાં ટીકા કરી છે. 'રિપોર્ટર્સ કમિટી ફોર ફ્રીડમ ઓફ ધ પ્રેસ' ના પ્રમુખ બ્રુસ ડી. બ્રાઉને આ નિર્ણયને તદ્દન ગેરબંધારણીય ગણાવ્યો છે.

જ્યારે અમેરિકી સેનેટના નેતા ચક શુમરે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'ડોનાલ્ડ ટ્રમ્પ બરાબર એ જ કરી રહ્યા છે જે ઇતિહાસમાં સરમુખત્યારો કરતા આવ્યા છે. આ એક લોકશાહી દેશ છે અને અહીં સત્યને દબાવી શકાશે નહીં.'

બાંગ્લાદેશ-તુર્કી મળીને ડ્રોન ફેક્ટરી બનાવશે, ટેક્નોલોજી પણ ટ્રાન્સફર થશે : બોગુરામાં બનશે યુનિટ, ભારતની સરહદ માત્ર 75 કિમી દૂર

તુર્કીની ઓળખ દુનિયામાં તેના સૈન્ય ડ્રોન કાર્યક્રમથી બની છે. તેમાં બાયરક્તાર TB2 મુખ્ય છે.

ગાંધીનગર, તા.19

પાકિસ્તાન બાદ હવે તુર્કી બાંગ્લાદેશમાં પણ પોતાની ડિફેન્સ ઇન્ડસ્ટ્રીનો વ્યાપ વધારી રહ્યું છે. બાંગ્લાદેશ અને તુર્કી હવે મળીને ડ્રોન બનાવવાની તૈયારી કરી રહ્યા છે. બંને દેશોની ભાગીદારીથી બોગુરામાં ડ્રોન ફેક્ટરી બનાવવામાં આવશે.

આ ડ્રોન ફેક્ટરીનો ખર્ચ 25 હજાર કરોડ રૂપિયા છે. તુર્કી બાંગ્લાદેશને ડ્રોન બનાવવાની ટેક્નોલોજી પણ આપશે. બોગુરા ભારતની સરહદથી લગભગ 75 કિમી દૂર છે.

ફેક્ટરીની નજીક એરફોર્સ એરબેઝ પણ બનશે

બોગુરા બાંગ્લાદેશના ઉત્તર ભાગમાં આવેલું છે. અહીં જે વિસ્તારમાં ફેક્ટરીની યોજના છે, તેની નજીક જ બાંગ્લાદેશ એરફોર્સનો નવો એરબેઝ વિકસાવવામાં આવી રહ્યો છે. બોગુરા એરપોર્ટને પણ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર અપગ્રેડ કરવાની યોજના છે. ભારતના દૃષ્ટિકોણથી તેનું મહત્વ એટલા માટે વધી જાય છે કારણ કે બાંગ્લાદેશની લગભગ 4,096 કિલોમીટર લાંબી સરહદ ભારત સાથે જોડાયેલી છે.

એક્સપર્ટ અવિનાશ મોહનાની, આઈબીના ભૂતપૂર્વ સંયુક્ત નિર્દેશકના જણાવ્યા મુજબ, ભારતની સૌથી લાંબી, લગભગ ચાર હજાર કિલોમીટર લાંબી સરહદ બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે. આ ભારતના કોઈપણ પડોશી દેશ સાથેની સૌથી લાંબી સરહદ છે. સાથે જ, વિશ્વમાં કોઈપણ બે દેશો વચ્ચેની આ 5મી સૌથી લાંબી જમીની સરહદ માનવામાં આવે છે. ભારતના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો બાંગ્લાદેશના તુર્કી સાથેના સંરક્ષણ ગઠબંધનથી પૂર્વોત્તરના રાજ્યોમાં ખતરો વધશે. બાંગ્લાદેશની ભારત સાથે જોડાયેલી સરહદ પર ડ્રોન તૈનાત કરવાની પણ યોજના છે. બાંગ્લાદેશ સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાન વચ્ચેના મક્કા સંરક્ષણ કરારમાં પણ પ્રવેશ મેળવવા ઇચ્છે છે. પાકિસ્તાન તેમાં મધ્યસ્થીની ભૂમિકામાં છે.

તુર્કીએ ડ્રોન ટેકનોલોજી અનેક દેશો સુધી પહોંચાડી

તુર્કીની ઓળખ દુનિયામાં તેના સૈન્ય ડ્રોન કાર્યક્રમથી બની છે. તેમાં બાયરક્તાર TB2 મુખ્ય છે. તુર્કીએ ડ્રોન ટેકનોલોજી અનેક દેશો સુધી પહોંચાડી છે.

બાંગ્લાદેશ સાથે પણ ડ્રોન સહયોગ છેલ્લા કેટલાક સમયથી બંને દેશોના સંરક્ષણ સંબંધોનો મહત્વપૂર્ણ હિસ્સો બન્યો છે. ધ ડિપ્લોમેટે જૂન 2026માં અહેવાલ આપ્યો હતો કે બંને દેશો વચ્ચેના સહયોગનું કેન્દ્ર ડ્રોન છે અને સૈન્ય ઉપકરણોના સંયુક્ત ઉત્પાદન અંગે પણ ચર્ચા ચાલી રહી છે. બાંગ્લાદેશ પહેલેથી જ તુર્કીમાં બનેલાં સૈન્ય ઉપકરણોનો ઉપયોગ કરે છે. તેમાં ઓટોકરની COBRA શ્રેણીનાં બખ્તરબંધ વાહનો પણ સામેલ છે. ઓટોકરના જણાવ્યા અનુસાર COBRA IIનો ઉપયોગ વિશ્વના 20થી વધુ દેશોની સેનાઓ કરે છે.

તુર્કીની ડ્રોન બનાવતી કંપની પાકિસ્તાનમાં પણ છે

તુર્કી અને પાકિસ્તાન વચ્ચે પણ ડ્રોન તથા સંરક્ષણ ટેક્નોલોજી અંગેનો સહયોગ સતત વધી રહ્યો છે. તુર્કીની ડ્રોન બનાવતી કંપની બાયકર પાકિસ્તાનમાં પહેલેથી જ હાજર છે. 2023માં બાયકરની પાકિસ્તાની સહાયક કંપનીએ નેશનલ એરોસ્પેસ સાયન્સ એન્ડ ટેક્નોલોજી પાર્ક (NASTP) ખાતે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓ માટે કરાર કર્યો હતો. પાકિસ્તાન અને તુર્કી એરોસ્પેસ, ડ્રોન અને સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે સંયુક્ત સાહસો તથા ટેક્નોલોજી ટ્રાન્સફરને લઈને પણ વાતચીત કરી છે.

ઈરાનમાં સરકારના આહ્વાન પર લાખો લોકો રસ્તાઓ પર ઉતર્યા : યુદ્ધ પછીની સૌથી મોટી રેલી; 6 લાખ લોકોએ હથિયાર તાલીમ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું

ઈઝરાયલ, તા.19

ઈરાનમાં શુક્રવારે સરકારના આહ્વાન પર લાખો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા. રાજધાની તેહરાનમાં યોજાયેલી આ રેલી યુદ્ધ શરૂ થયા બાદ સરકારની સૌથી મોટી રેલીઓમાંની એક હતી. લોકોએ દેશની રક્ષા માટે હથિયાર ઉઠાવવા અને સૈન્ય તાલીમ લેવાની તૈયારી વ્યક્ત કરી. સરકારે આ અભિયાનનું નામ 'જાંફદાએ ઈરાન' રાખ્યું છે. તેનો અર્થ છે-ઈરાન માટે પોતાનો જીવ આપવા સુધી તૈયાર લોકો. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 6 લાખથી વધુ લોકો સૈન્ય તાલીમ માટે રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. રિવોલ્યુશનરી ગાર્ડના પ્રમુખે દાવો કર્યો છે કે તાલીમ લેનારાઓની સંખ્યા 10 લાખથી વધુ થઈ શકે છે. સરકારી પ્રસારણકર્તા અનુસાર, શુક્રવારે સવારે તેહરાનની શેરીઓમાં 3 લાખથી વધુ લોકો હાજર હતા। ઘણા લોકો સૈન્ય ગણવેશમાં હતા અને તેમના હાથમાં ઈરાનના ધ્વજ હતા. સરકારની યોજના આ લોકોને અસોલ્ટ રાઇફલ ચલાવવા સહિતની મર્યાદિત સૈન્ય તાલીમ આપવાની છે। ત્યાર બાદ દેશની સુરક્ષામાં મદદ માટે તેમનો ઉપયોગ થઈ શકે છે.

આ લોકોને દેશની સુરક્ષામાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ રિવોલ્યુશનરી ગાર્ડ અને બસીજ મિલિશિયા ઈરાનનું સરકાર સમર્થિત



અર્ધસૈનિક સંગઠન છે. તેનો ઉપયોગ સરકાર વિરોધી પ્રદર્શનોને રોકવા માટે થતો રહ્યો છે.

રેલીમાં અમેરિકા-ઇઝરાયલના મૃત્યુના નારા લગાવવામાં આવ્યા

રેલીમાં રાષ્ટ્રપતિ મસૂદ પઝશકિયાન, સૈન્ય કમાન્ડરો અને સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા. કેટલાક લોકોએ અમેરિકા અને ઇઝરાયલના ધ્વજોને પગથી કચડ્યા. અહીં 'અમેરિકાનો નાશ' અને 'ઇઝરાયલનો નાશ' જેવા નારા પણ લગાવવામાં આવ્યા.

રેલીમાં સામેલ 24 વર્ષની મરઝિયેહ અફાગી પોતાના નાના બાળક અને પતિ સાથે પહોંચી હતી. તેમણે કહ્યું કે તે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જણાવવા માંગે છે કે ઈરાનના લોકોને પોતાના દેશને લઈને તેમની ધમકીઓથી ડર લાગતો નથી. તેમણે કહ્યું કે ઈતિહાસમાં કોઈ પણ દેશ ઈરાન પર હુમલો કરીને અહીં લાંબા સમય સુધી કબજો જમાવી શક્યો નથી.

રેલીમાં હથિયારો અને ડ્રોન પણ દર્શાવવામાં આવ્યા

ઈરાને રેલી દરમિયાન માત્ર ભીડ જ નહીં બતાવી, પરંતુ પોતાની સૈન્ય શક્તિનું પણ પ્રદર્શન કર્યું. ત્યાં એન્ટી-એરક્રાફ્ટ સિસ્ટમ, મશીનગન અને ડ્રોન દર્શાવવામાં આવ્યા. રિવોલ્યુશનરી ગાર્ડે એવા ડ્રોન પણ પ્રદર્શિત કર્યા, જેનો ઉપયોગ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો સામે કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટ ખાડીનો અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે.

પુતિનની જીતનક્કી, છતાં રશિયામાં ચૂંટણી : યુક્રેનના કબજાવાળા વિસ્તારોમાં પણ મતદાન; યુદ્ધનો વિરોધ કરનારી પાર્ટી બહાર

અમેરિકા, તા.19

રશિયામાં શુક્રવાર એટલે કે 18 સપ્ટેમ્બરથી ત્રણ દિવસીય સંસદીય ચૂંટણી શરૂ થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની પાર્ટી યુનાઈટેડ રશિયાનું સંસદમાં વર્ચસ્વ જળવાઈ રહેવાની આશા છે. બીજી તરફ, યુક્રેન યુદ્ધનો ખુલ્લેઆમ વિરોધ કરતી યાબ્લોકો પાર્ટીને ચૂંટણીમાંથી બહાર કરી દેવામાં આવી છે.

2022માં યુક્રેન પર રશિયાના સંપૂર્ણ સૈન્ય હુમલા બાદ આ પ્રથમ સંસદીય ચૂંટણી છે. રશિયાના કબજા હેઠળના યુક્રેનના વિસ્તારોમાં પણ મતદાન થઈ રહ્યું છે. યુક્રેન અને યુરોપિયન સંઘે ત્યાં થઈ રહેલા મતદાનને ગેરકાયદેસર ગણાવ્યું છે.

રાષ્ટ્રપતિ પુતિને પણ શુક્રવારે ઑનલાઇન મતદાન કરીને ચૂંટણીમાં ભાગ લીધો.

પુતિનની પાર્ટીનું વર્ચસ્વ ફરી કેમ ચૂંટણી જરૂરી છે

ક્રેમલિન માટે આ ચૂંટણી માત્ર સંસદના સભ્યોની પસંદગી પૂરતી મર્યાદિત નથી. પુતિન ઈચ્છે છે કે મોટી સંખ્યામાં લોકો મતદાન કરે, જેથી સંદેશ જાય કે યુક્રેન યુદ્ધ દરમિયાન પણ જનતા સરકાર અને રશિયન સૈનિકોની સાથે ઊભી છે.

પુતિને શુક્રવારે ઑનલાઇન



મતદાન કર્યું. ચૂંટણી પહેલાં તેમણે કહ્યું હતું કે લોકોનો નિર્ણય દર્શાવશે કે લાખો લોકો રશિયન સૈનિકોની સાથે ઊભા છે અને દેશ એકજૂટ છે.

450 બેઠકો માટે થઈ રહ્યું છે મતદાન

રશિયાની સ્ટેટ ડ્યૂમાની 225 બેઠકો માટે લોકો રાજકીય પક્ષોને મત આપશે. બાકીની 225 બેઠકો માટે અલગ-અલગ વિસ્તારોમાંથી ઊભા રહેલા ઉમેદવારોમાંથી કોઈ એકની પસંદગી કરશે.

યુનાઈટેડ રશિયા ઉપરાંત કમ્યુનિસ્ટ પાર્ટી, એલડિપી, એ જસ્ટ રશિયા અને ન્યૂ પીપલ જેવી પાર્ટીઓ પણ ચૂંટણી લડી રહી છે.

જોકે, રશિયામાં તેમને સરકાર વિરુદ્ધ મજબૂત વિરોધ પક્ષો માનવામાં આવતા નથી. મોટા મુદ્દાઓ પર આ પાર્ટીઓ ઘણીવાર સરકારનો સાથ આપે છે. સંસદીય ચૂંટણી પહેલાં મોસ્કોમાં સત્તાધારી યુનાઈટેડ રશિયા પાર્ટીની ડિજિટલ ચૂંટણી જાહેરાત.

યુદ્ધવિરોધી યાબ્લોકો પાર્ટી ચૂંટણીની બહાર

યાબ્લોકો રશિયાની એકમાત્ર નોંધાયેલ પાર્ટી હતી, જે ખુલ્લેઆમ યુક્રેન યુદ્ધનો વિરોધ કરતી રહી છે. પાર્ટી યુદ્ધ સમાપ્ત કરવા અને વાતચીત દ્વારા શાંતિ સ્થાપવાની વાત કરે છે.

રશિયાની સુપ્રીમ કોર્ટે ઓગસ્ટમાં યાબ્લોકોના ઉમેદવારોની યાદીનું રજિસ્ટ્રેશન રદ કરી દીધું.

કોર્ટના જણાવ્યા અનુસાર, પાર્ટીએ ચૂંટણી પ્રચારમાં એવા લોકો પાસેથી મળેલા નાણાંનો ઉપયોગ કર્યો, જેમને વિદેશમાંથી નાણાં મળ્યાં હતાં. આ ઉપરાંત, પાર્ટીએ કેટલીક તસવીરો અને અન્ય પ્રચાર સામગ્રીનો પરવાનગી વિના ઉપયોગ કર્યો. ઈન્ટરનેટ પરના પ્રચારને લઈને પણ પાર્ટીએ નિયમો તોડ્યા.

જોકે, યાબ્લોકોનું કહેવું છે કે તેને વાસ્તવમાં યુક્રેન યુદ્ધના વિરોધમાં તેના વલણને કારણે ચૂંટણીમાંથી હટાવવામાં આવી હતી. પાર્ટીના કેટલાક ઉમેદવારો હજુ પણ અલગ-અલગ બેઠકો પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. બીજી તરફ, કેટલાક અન્ય યુદ્ધવિરોધી નેતાઓને જેલમાં મોકલવામાં આવ્યા છે અથવા તેમને રશિયા છોડવું પડ્યું છે.

વિપક્ષી પાર્ટી યાબ્લોકોના નેતા નિકોલાઈ રિબાકોવ આ મહિને મોસ્કોમાં એક કાર્યક્રમ દરમિયાન.

કબજા હેઠળના યુક્રેનિયન વિસ્તારોમાં પણ મતદાન

આ ચૂંટણીમાં રશિયા પહેલીવાર યુક્રેનના ડોનેત્સ્ક, લુહાંસ્ક, ખેરસોન અને ઝાપોરિઝ્ઝિયા પ્રાંતોના પોતાના કબજા હેઠળના વિસ્તારોમાં પણ મતદાન કરાવી રહ્યું છે. રશિયાએ 2022માં આ ચારેય વિસ્તારોને પોતાના દેશમાં સામેલ કરવાનો દાવો કર્યો હતો. જોકે, યુક્રેન અને મોટા ભાગના અન્ય દેશો રશિયાના આ દાવાને માન્યતા આપતા નથી. આ ચારેય વિસ્તારો પર પણ રશિયાનું સંપૂર્ણ નિયંત્રણ નથી. ક્રિમિયામાં પણ મતદાન થઈ રહ્યું છે. રશિયાએ 2014માં ક્રિમિયા પર કબજો કરીને તેને પોતાના દેશમાં સામેલ કરી લીધું હતું.

નાટો દેશોની રશિયા સાથેના સંભવિત સંઘર્ષની તૈયારી : હથિયારો, સૈનિકો અને સુરક્ષા માળખા પર વધુ ખર્ચ કરશે

કોપનહેગન/વોશિંગ્ટન, તા.19

યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુરોપના નાટો દેશો રશિયા સાથેના સંભવિત ટકરાવની તૈયારીમાં લાગી ગયા છે. હવે નાટો દેશો હથિયારો, સૈનિકો અને સુરક્ષા માળખા પર વધુ ખર્ચ કરશે.

રશિયા સતત યુરોપીય દેશોને ચેતવણી આપી રહ્યું છે. ગયા અઠવાડિયે BRICS સમિટ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે જો યુરોપીય દેશો યુક્રેનમાં પોતાના સૈનિકો તહેનાત કરશે, તો તેને યુદ્ધ માનવામાં આવશે.

આ તરફ ટ્રમ્પ પણ યુરોપીય દેશોને પોતાની સુરક્ષા પર વધુ ખર્ચ કરવા માટે ઘણી વખત કહી ચૂક્યા છે. આવી સ્થિતિમાં શુક્રવાર અને શનિવારે ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં નાટોના 32 સભ્ય દેશોના સંરક્ષણ વડાઓ મળ્યા હતા.

નાટો દેશો GDPના 5% સુરક્ષા પર ખર્ચ કરશે

બેઠકનું નેતૃત્વ ઇટાલીના એડમિરલ જ્યુસેપ કાવો દ્રાગોનેએ કર્યું છે. નાટો દેશોએ 2035 સુધીમાં સંરક્ષણ અને સુરક્ષા પર પોતાના GDPના 5% ખર્ચ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

આમાં 3.5% નાણાં સીધા સૈન્ય અને હથિયારો પર ખર્ચવામાં આવશે. બાકીના 1.5% રસ્તાઓ, સંચાર, સાયબર સુરક્ષા અને આવા અન્ય કામો પર ખર્ચવામાં આવશે, જે યુદ્ધ અથવા મોટા સંકટના સમયે ઉપયોગી થાય છે.

અર્થાત્, આવનારા વર્ષોમાં યુરોપના દેશો માત્ર વધુ હથિયારો જ નહીં ખરીદે, પરંતુ સૈનિકોની તાલીમ, સૈન્ય મથકો અને અન્ય જરૂરી સુવિધાઓ પર પણ ખર્ચ વધારશે.

આ જ તૈયારીના ભાગરૂપે અલગ-અલગ દેશોએ પોતાના સ્તરે પણ પગલાં લેવાનું શરૂ



કરી દીધું છે.

જર્મનીમાં જૂના તબીબી બંકરો ફરી ખોલવાની તૈયારી

જર્મનીમાં 1979માં બનાવવામાં આવેલા તબીબી બંકરોનો ફરીથી ઉપયોગ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. યુદ્ધ અથવા મોટા હુમલાની સ્થિતિમાં ઘાયલોની સારવારની વ્યવસ્થા કરવી તેમનો હેતુ છે.

નોર્વે પણ યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે પોતાની હોસ્પિટલ્સની તૈયારી વધારી રહ્યું છે. ત્યાં યુદ્ધમાં ઘાયલ સૈનિકો અને સામાન્ય લોકોની સારવાર માટે 7 હજાર બેડ ઉપલબ્ધ કરાવવાની તૈયારી છે.

નોર્વેમાં સેના અને હોસ્પિટલો મળીને ઘાયલ લોકોને બહાર કાઢવા અને તેમની સારવાર કરવાની તૈયારી પણ કરી રહી છે.

ટ્રમ્પે કહ્યું હતું- યુરોપિયન દેશોએ અમેરિકા પર વધુ નિર્ભર ન રહેવું જોઈએ

નાટો દેશોના સંરક્ષણ ખર્ચમાં વધારો કરવા પાછળ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું દબાણ પણ એક મોટું કારણ છે. ટ્રમ્પ લાંબા સમયથી યુરોપિયન દેશોને પોતાની સુરક્ષા પર વધુ નાણાં ખર્ચવાની માગ કરતા આવ્યા છે.

તેમનું કહેવું છે કે યુરોપિયન દેશોએ પોતાની સુરક્ષા માટે અમેરિકા પર ખૂબ વધુ નિર્ભર ન રહેવું જોઈએ.

ગયા વર્ષે હેગમાં યોજાયેલી નાટો સમિટમાં સભ્ય દેશોએ 2035 સુધીમાં GDPના 5% જેટલો ખર્ચ સંરક્ષણ અને સુરક્ષા પર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો.

આ સાથે યુક્રેન યુદ્ધે પણ યુરોપને પોતાની સૈન્ય તૈયારીઓ વધારવા માટે મજબૂર કર્યું છે. યુદ્ધ દરમિયાન ડ્રોન, મિસાઇલ અને એર ડિફેન્સ જેવા ક્ષેત્રોમાં યુરોપીય દેશોની જરૂરિયાતો સામે આવી છે. નાટો હવે આ ખામીઓને દૂર કરવા પર પણ ભાર આપી રહ્યું છે.

પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં અત્યાર સુધી 31નાં મોત : 100થી વધુ લોકો ઘાયલ; વિસ્ફોટકોથી ભરેલી ગાડી મસ્જિદ સાથે અથડાઈ હતી

ઇસ્લામાબાદ, તા.19

ખૈબર પખ્તૂનખ્વાના કોહાટમાં મસ્જિદ પાસે પોલીસ પરિસર પર થયેલા આત્મઘાતી હુમલામાં મૃત્યુ પામનારાઓની સંખ્યા 31 થઈ ગઈ છે. મૃતકોમાં 16 પોલીસકર્મીઓ સામેલ છે. હુમલામાં 100થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી અનેકની હાલત ગંભીર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. હુમલો શુક્રવારે બપોરે થયો હતો. તે સમયે પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનો મસ્જિદમાં નમાજ પઢી રહ્યા હતા. આત્મઘાતી હુમલાખોર વિસ્ફોટકોથી ભરેલી કાર લઈને આવ્યો હતો અને તેણે કાર મસ્જિદની દીવાલ સાથે અથડાવીને વિસ્ફોટ કર્યો હતો.

કેટલાક હુમલાખોરો હજુ પણ છુપાયેલા

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, કેટલાક હુમલાખોરો હજુ પણ



સ્પેશિયલ બ્રાન્ચના વિસ્તારમાં છુપાયેલા છે. પોલીસ અને તેમની વચ્ચે રાત્રે ગોળીબાર પણ થયો હતો. હાલમાં કેટલા હુમલાખોરોએ હુમલો કર્યો હતો તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. શુક્રવારે 6 આતંકવાદીઓ માર્યા ગયા હોવાની માહિતી સામે આવી હતી.

વિસ્ફોટથી મસ્જિદ અને અન્ય ઇમારતોને નુકસાન થયું

તેજ વિસ્ફોટથી મસ્જિદ અને પરિસરની અન્ય ઇમારતોને ભારે નુકસાન થયું. દીવાલો ધરાશાયી થઈ ગઈ અને કાટમાળ સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગયો. ઘટનાસ્થળેથી સામે આવેલી તસવીરોમાં મોટી સંખ્યામાં ઈંટો-પથ્થરો અને તૂટેલી દીવાલો દેખાઈ આવી.

પોલીસ મુખ્યાલયમાં અનેક મહત્વપૂર્ણ વિભાગોની કચેરીઓ

જ્યાં હુમલો થયો તે કોઈ સામાન્ય પોલીસ ચોકી નહોતી. કોહાટનું ઓલ્ડ પોલીસ લાઈન્સ પરિસર જિલ્લા સ્તરનું મોટું પોલીસ મુખ્યાલય છે. અહીં આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરતું કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ (CTD), સ્પેશલ બ્રાન્ચ અને પોલીસના અન્ય એકમોની કચેરીઓ આવેલી છે. આ જ કારણસર હુમલાખોરોએ પોલીસ પરિસરને નિશાન બનાવ્યું. વિસ્ફોટ બાદ તેમણે પરિસરની અંદર આવેલા પોલીસ ઠેકાણાઓ સુધી પહોંચવાનો પ્રયાસ પણ કર્યો.

તંત્રી લેખ

ઘરડાં વિના ગાડાં ના વળેઃ ચન્દ્રા આગળ ટાટા સન્સે અંતે ઝૂકવું પડયું

પ્રસંગપટ

મહત્ત્વનો અને જાણકાર માણસ કંપનીમાંથી જતો રહે ત્યારે શૂન્યાવકાશ સર્જાતો હોય છે. દેશના નામાંકિત બિઝનેસ ગૃહમાંથી જ્યારે ચેરમેન એન. ચંદ્રશેખરને રાજીનામું આપ્યું, ત્યારે કંપનીને એમ હતું કે તેમની જગ્યાએ બીજી ગોઠવણ કરી દઈશું, પરંતુ કંપનીનો આઈપીઓ આવી રહ્યો છે ત્યારે તેમની જરૂરિયાત ઊભી થઈ હતી અને તેમની સમક્ષ કંપનીએ ઝૂકવું પડયું. ગુજરાતી કહેવત 'ઘરડાં ગાડાં વાળે' અહીં બંધબેસતી આવે છે. ટાટા ગુરપમાં જેને 'ચન્દ્રા' જેવા હુલામણા નામે દિવંગત રતન ટાટા અને અન્ય ડિરેક્ટરો બોલાવતા હતા, તે એન. ચંદ્રશેખરનને ટાટા સન્સના ચેરમેન પદે ફરી નિમણૂક કરવાના ટાટા ટ્રસ્ટના નિર્ણયના કારણે દેશનું સૌથી મોટું અને સૌથી નામાંકિત બિઝનેસ ગુરપ આંતરિક વિવાદમાં સપડાયું છે. સોફ્ટવેરથી માંડીને સોલ્ટ (મીઠા) સુધીના બિઝનેસમાં અગ્રેસર રહેનાર ટાટા ગુરપની કંપનીઓએ ગ્રાહકોનો ભરોસો જીત્યો છે, પરંતુ તેમના આંતરિક વિખવાદો ગુરપની ઈમેજને ધક્કો પહોંચાડી રહ્યા છે. બે મહિના અગાઉ ટાટા ગુરપના સીઈઓ અને ચેરમેન એન. ચંદ્રશેખરને ત્રીજી ટર્મ માટે પોતે ચેરમેન તરીકે રહેવા તૈયાર નથી એમ કહીને દેશના કોર્પોરેટ અને ફાઈનાન્સ સેક્ટરને ચોંકાવી દીધું હતું.

હવે જ્યારે ટાટા ટ્રસ્ટે ગુરુવારે એન. ચંદ્રશેખરનને ફરીવાર ચેરમેન બનાવવાનો નિર્ણય બહુમતીથી લીધો ત્યારે ટાટા સન્સના વડા નોએલ ટાટાએ આંચકો અનુભવ્યો હતો. એક તરફ ટાટા સન્સના બોર્ડે આઈપીઓ માટે મંજૂરી આપી છે, તો બીજી તરફ એન. ચંદ્રશેખરનનો મુદ્દો વિવાદ ઊભો કરી રહ્યો છે, કેમ કે ટાટા સન્સના નોએલ ટાટાએ આ નિમણૂકને ગેરકાયદેસર ગણાવી છે.

ચેરમેન તરીકે એન. ચંદ્રશેખરનની ફરી વરણી સામે ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાએ વાંધો ઉઠાવીને કહ્યું છે કે, 'મેં અને ટ્રસ્ટના એક નોમિની ડિરેક્ટરે ચન્દ્રાની ફેરનિમણૂકના નિર્ણયની વિરુદ્ધમાં મતદાન કર્યું છે.'

ટાટા ટ્રસ્ટ અને ટાટા સન્સ વચ્ચેની કોલ્ડ વોર અનેકવાર સપાટી પર આવી ચૂકી છે. કહે છે કે ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા સમગ્ર ગુરૂપ પર પકડ ઊભી કરવા માંગતા હતા. એન. ચંદ્રશેખરનને તેઓ ત્રીજી ટર્મ માટે ચેરમેન પદ આપવા તૈયાર નહોતા. નોએલ ટાટાનો પ્લાન જાણી જતાં ચંદ્રશેખરને પણ જાહેરાત કરી દીધી હતી કે તેઓ ત્રીજી ટર્મ માટે એપ્લાય નહીં કરે. નોએલ ટાટાના આઈડિયા અનુસાર બધું ચાલતું હતું. નોએલ ટાટા પોતાની નજીકના લોકોને કંપનીમાં ટોપ પર બેસાડવા માંગતા હતા. અહીં મહત્ત્વનું એ પણ છે કે ટાટા ટ્રસ્ટ પાસે ટાટા સન્સ કરતાં વધુ સત્તાઓ હતી. ટાટા ટ્રસ્ટે નવા રોકાણ કે નવા ઉદ્યોગ સાહસો માટે નોએલ ટાટાના ટાટા સન્સ પાસે જવું પડતું હતું. જ્યારે બધા વચ્ચે સંબંધો સારા હતા ત્યારે માર્કેટમાં પણ સારા સંકેતો પહોંચતા હતા, પરંતુ ટાટા ટ્રસ્ટે જ્યારથી ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરનની ઉપેક્ષા શરૂ કરી, ત્યારથી ડખા બહાર આવવા લાગ્યા હતા અને કોર્પોરેટ સર્કલમાં ચર્ચાનો વિષય બન્યા હતા. એન. ચંદ્રશેખરનનું મહત્ત્વ સમજ્યા વગર ટાટા સન્સે તેમનું રાજીનામું મંજૂર પણ કર્યું હતું અને ટાટા ટ્રસ્ટને સિલેક્શન કમિટી મારફતે નવી નિમણૂક માટે કહ્યું હતું. ટાટા ટ્રસ્ટે જ્યારે ચંદ્રશેખરનની ફરી નિમણૂક કરી ત્યારે કહ્યું કે બહુમતી ડિરેક્ટરોએ ફેરનિમણૂકને મંજૂરી આપી હતી, પણ નોએલ ટાટાએ તેનો વિરોધ કર્યો હતો. નોએલ ટાટાએ એન. ચંદ્રશેખરનની ફેરનિમણૂકનો વિરોધ કરીને કંપનીની ઈમેજને ધક્કો પહોંચાડયો છે. નોએલ ટાટા ચન્દ્રાનો વિરોધ પહેલેથી કરતા આવ્યા છે, કેમ કે તેઓ સગાવાદમાં વધુ માને છે.

નવી દિલ્હીઃ ચૂંટણી પંચના TMC અંગેના નિર્ણયથી રાહુલ ગાંધી નારાજ થયા છે. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચ ભાજપ સાથે મળીને રાજકીય પક્ષોને વિભાજીત કરી તેમના પ્રતીકો છીનવી રહ્યું છે. પહેલા શિવસેના, પછી NCP અને હવે TMC સાથે પણ આવું જ થયું. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા 'X' પર આકરા પ્રહારો કર્યા. ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી લોકોના હકની રક્ષા કરવાની છે, પરંતુ તે જનતાના નિર્ણયને બદલતી શક્તિઓને મદદ કરે છે.

'વોટ ચોરી પછી હવે પાર્ટી ચોરી'

મુંબઈના સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સચીન વાંઝે વિવિધ આરોપો હેઠળ ઘણા વર્ષોથી જેલમાં છે.



નવીદિલ્હી : તૃણમુલ કોંગ્રેસ બાબતે હવે ચૂંટણી કમિશને લીધેલા નિર્ણય પછી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી રાતાપીળા થઈ ગયા છે. એમણે આ નિર્ણયની આકરી ટીકા કરી છે. ચૂંટણી કમિશને પશ્ચિમ બંગાળની પેટા ચૂંટણી માટે તૃણમુલ કોંગ્રેસના બંને જૂથોને ફુલ અને ઘાસના ચિન્હ વાપરવાની ના કહી છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, ચૂંટણી કમિશનની બંધારણીય જવાબદારી લોકોના હકની રક્ષા કરવાની છે. જોકે ચૂંટણી કમિશન એવી શક્તિઓને મદદ કરે છે કે જે જનતાના નિર્ણયને બદલી નાખે છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે પહેલા શીવસેના, પછી એનસીપી અને હવે તૃણમુલ કોંગ્રેસ દર વખતે એક જ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે. એક રાજકીય પક્ષને વહેંચવા માટે ભાજપ અને ચૂંટણી કમિશન હાથ મેળવે છે. ત્યાર પછી એનું ચૂંટણી ચિન્હ ઝૂટવી લેવામાં આવે છે. જ્યારે એક આખા પક્ષને ચોરી લેવામાં આવતો હોય ત્યારે કરોડો ભારતીઓના મતની ચોરી થાય એની નવાઈ નથી.

જજો વિરુદ્ધ બેનામી ફરિયાદ કરનારા બિલ્ડરો સંકટમાં

છેલ્લા થોડા દિવસો દરમિયાન સુપ્રિમ કોર્ટના જજો, એમીકસ ક્યુરી (ન્યાય મિત્ર) અને વકીલો વિરુદ્ધ મોટી સંખ્યામાં બેનામી ફરિયાદો કરવામાં આવી છે. ચીફ જસ્ટીસએ આ ફરિયાદોને ગંભીરતાથી લીધી છે. સુપ્રિમ કોર્ટે ઘણી રિયલ એસ્ટેટ કંપનીઓ અને બિલ્ડરો પર સબવેંશન સ્કીમનો દુરઉપયોગ કરવા બાબતે, ઘર ખરીદનારાઓને દગો કરવા માટે, પ્રોજેક્ટમાં મોડુ કરીને રોકાણકારોના પૈસા પરત નહીં કરવા માટે કડકાઈ બતાવી હતી. ત્યાર પછી જજો અને વકીલો સામે બેનામી ફરિયાદ થવા માંડી હતી. બિલ્ડરો સામે તપાસ શરૂ થયા પછી આવી ફરિયાદો વધી હતી. જેને માટે સુપ્રિમ કોર્ટે બિલ્ડરોને ઠપકો આપ્યો હતો. સીજેઆઈ સૂર્યકાંત અને જસ્ટીસ જોય માલ્ય બાગચી તેમજ જસ્ટીસ વી મોહનાની બેંચે કહ્યું હતું કે, 'અમે આ ફરિયાદોની સીબીઆઈ તપાસ કરવાનો હુકમ આપીશું કે જેથી ખબર પડે કે આવી ફરિયાદો પાછળ કોણ છે.'

પતંજલી ઘીને બનાવટી કહેવાનું બ્રજભૂષણ સિંહને ભારે પડયું

એક જમાનામાં ભાજપના માનીતા યોગ ગુરુ બાબા રામદેવ હવે ભાજપ સામે શીંગડા ભેરવવા માંડયા છે. જંતર મંતર પર થયેલા આંદોલન વખતે એમણે સરકારની આકરી ટીકા કરી હતી અને હવે ભાજપના ભૂતપૂર્વ સાંસદ બ્રજભૂષણ શરણ સિંહ સાથે પણ બાબા રામદેવની દુશ્મનાવટ વધી છે. ભારતીય કુસ્તી મહાસંઘના ભૂતપૂર્વ પ્રમુખ બ્રજભૂષણ શરણ સિંહ કાયદાકીય મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. બાબા રામદેવની કંપની પતંજલીએ બ્રજભૂષણ શરણ સિંહ સામે બદનક્ષીનો દાવો દાખલ કર્યો છે. પતંજલી ફૂડ્સ લીમીટેડએ બ્રજભૂષણ શરણ સિંહ સામે ૫૦ કરોડની બદનક્ષીનો દાવો કર્યો છે. મધ્યપ્રદેશની હાઈકોર્ટમાં કેસની સુનાવણી થઈ રહી છે. બ્રજભૂષણ શરણ સિંહના વકીલએ જવાબ દાખલ કરવા માટે સમય માંગ્યો છે. બ્રજભૂષણ શરણ સિંહએ પતંજલીના ઘીની ગુણવત્તા પર સવાલ કર્યો હતો. ૨૦૨૨માં બ્રજભૂષણ શરણ સિંહે જાહેર મંચ પરથી પતંજલીના ઘીને બનાવટી કહ્યું હતું અને લોકોને ઘરમાં ગાય કે ભેંસ પાળવાની અપીલ કરી હતી.

કેનેડા સરકારને લોરેન્શની ધમકીથી વિદેશ મંત્રાલય દ્વિધામાં

સાબરમતી જેલમાં કેદ ગેંગસ્ટર લોરેન્શ બિશ્નોઈના ઘણા મારાઓ કેનેડામાં રહે છે. લોરેન્શ બિશ્નોઈની ગેંગે કેનેડા સરકારને ધમકી આપીને એમના દેશ પર રાજ કરવાની બડાઈ હાંકી હતી. આ મતલબનો પત્ર ભારતમાંથી મોકલવામાં આવ્યો હતો. આ પત્ર કેનેડાના એક મીડિયા હાઉસ પાસે આવ્યો છે.

લોરેન્શ બિશ્નોઈએ કેનેડા સરકારને લશ્કર અને પોલીસના નામે ધમકી આપી હતી. ખરેખર આ પત્ર કોણે લખ્યો છે એની તપાસ ચાલી રહી છે. પત્રમાં કંઈક આવું લખવામાં આવ્યું છે. 'અમે ભારતની ગેંગ છીએ અને કેનેડાની હેંશિયત નથી કે અમને રોકી શકે. કેનેડા પર અમારૂ રાજ હશે. કેનેડામાં અમારા ૫,૫૦૦થી વધુ ગેંગસ્ટર છે. તેઓ મામુલી રકમ માટે ફાયરીંગ કરી શકે એમ છે. પોલીસ સ્ટેશન પર પણ અમે ગોળીબાર કરી શકીએ એમ છીએ.' આ પત્રની હકીકત ભારતના વિદેશ મંત્રાલયને જાણ થતા વિદેશ મંત્રાલય દ્વિધામાં પડી ગયું છે કે, આ બાબતને કઈ રીતે મૂલવવી.

નીટ સીસ્ટમ પર નિલેકણી સમીતીનો રીપોર્ટ તૈયાર

કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટને કહ્યું છે કે, નીટમાં સુધારા વધારા કરવા માટે બનાવવામાં આવેલી કમીટીનો રીપોર્ટ તૈયાર થઈ ગયો છે. નંદન નિલેકણીની અધ્યક્ષતામાં આ સમીતી બનાવવામાં આવી હતી.

આ મહિનાના અંત સુધીમાં વચગાળાનો રીપોર્ટ સરકારને સોંપવામાં આવશે. સોલીસીટર જનરલ તુષાર મહેતા અને જસ્ટીસ પીએસ નરસિંહમ્હા અને જસ્ટીસ આલોક અરાધેની બેંચને કહ્યું હતું કે, તમામ સૂચન પેનલની સમક્ષ મૂકવામાં આવ્યા હતા. આ પેનલએ ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન કે રાધાકૃષ્ણનની કમીટીના સભ્યો સાથે પણ વાતચીત કરી હતી. બેંચે 'ડીપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ'ના જોઈન્ટ સેક્રેટરીને કહ્યું હતું કે, અત્યાર સુધી લેવામાં આવેલા પગલા બાબતે કોર્ટમાં સોગંધનામુ દાખલ કરે. બેંચે મહેતાને કહ્યું હતું કે, સૌથી અગત્યની વાત એ છે કે સરકાર નીટની પરીક્ષા કરવા માટેની પ્રક્રિયા સંસ્થાકીય કરવા પર વિચાર કરે.

ટીએમસીના બંને ઝઘડતા જૂથોને ચૂંટણી ચિન્હો મળ્યા

તૃણમુલ કોંગ્રેસના મમતા બેનર્જી જૂથને 'મમતા અખિલ ભારતીય તૃણમુલ કોંગ્રેસ' નામ મળ્યું છે.

એમના વિરોધી અરૂપ રોયના નેતૃત્વવાળા જૂથને 'ડેમોક્રેટીક તૃણમુલ કોંગ્રેસ' નામ આપવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની છ બેઠકો પર ઓક્ટોબર મહિનાની છઠ્ઠી તારીખે પેટા ચૂંટણી થવાની છે.

આ પેટા ચૂંટણી માટે ચૂંટણી કમિશને કાર્યવાહી કરી છે. મમતા જૂથને ચૂંટણી ચિન્હ તરીકે 'ફૂટબોલ ખેલાડી'નું ચિન્હ મળ્યું છે જ્યારે રોયના નેતૃત્વવાળા જૂથને ચૂંટણી ચિન્હ તરીકે 'એન્વેલપ'નું નિશાન મળ્યું છે.

બંને જૂથોને અખિલ ભારતીય તૃણમુલ કોંગ્રેસ નામનો ઉપયોગ નહીં કરવાનું કહેવાયું છે. બંને પક્ષોને બે ફૂલ અને ઘાસ વાળુ ચૂંટણી ચિન્હ વાપરવાની પણ મનાઈ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં પૂર્વ મેદીનીપુર જિલ્લાની નંદીગ્રામ અને મુર્સીદાબાદ જિલ્લાની રેઝીનગર વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણી થવાની છે.

'મને બદનામ કરવા માટે મારૂ નામ ઘસડવામાં આવે છે'

મુંબઈના સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સચીન વાંઝે વિવિધ આરોપો હેઠળ ઘણા વર્ષોથી જેલમાં છે. દિશા સાલિયાન અપમૃત્યુ કેસમાં સીબીઆઈની એફઆઈઆરમાં એમનું નામ દાખલ કરવામાં આવ્યું છે.

એમણે આ એફઆઈઆરને કારણે સ્પેશિયલ એનઆઈએ કોર્ટમાં દાદ માંગી છે. વાંઝેનો આરોપ છે કે એફઆઈઆરમાં એમનું નામ આવ્યા પછી કેટલાક વકીલો અને મીડિયા દ્વારા એમના તરફ વાતાવરણ કરવાનો અને એમને બદનામ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

એમણે કોર્ટ સમક્ષ માંગણી કરી છે કે જો સીબીઆઈ આ કેસમાં એમની ધરપકડ કરવાની માંગણી કરે તો કોઈપણ ચૂકાદો આપતા પહેલા એમનો પક્ષ જરૂર સાંભળવામાં આવે. સચીન વાંઝે મુકેશ અંબાણીના ઘર એન્ટીલિયાની બહાર બોમ્બ મૂકવાના કેસમાં તેમજ મનસુખ હિરેન હત્યાકાંડના કેસમાં જેલવાસ ભોગવી રહ્યા છે.

વિઘ્નહર્તા ગણપતિ-શ્રીમદ્ ભાગવતના આદિ લેખક અને સત્કર્મના પ્રથમ રક્ષક



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થી થી મહારાષ્ટ્ર ગુજરાત સહીત કેટલાક રાજ્યોમાં ગણેશત્સવ ઉજવી રહયા છીએ ત્યારે આજે જોઈએ તો જ્યાં દરેક શુભ કાર્યની શરૂઆત થાય છે.કોઈપણ સત્કર્મ,કોઈપણ શુભ કાર્ય, કોઈપણ મહાન ગ્રંથની શરૂઆત કરતા પહેલા આપણે સૌથી પહેલા શું કરીએ છીએ? 'શ્રી ગણેશાય નમઃ'

આ માત્ર એક પરંપરા નથી, આ એક વિજ્ઞાન છે.વેદોના જ્ઞાતા, અઢાર પુરાણોના રચયિતા, બ્રહ્મસૂત્રના પ્રણેતા મહર્ષિ વેદવ્યાસ જ્યારે જીવનના અંતિમ તબક્કે પહોંચ્યા. બુદ્ધિનો પરિપાક થયો, જ્ઞાનનો પરિપાક થયો, જીવનનો પરિપાક થયો, ત્યારે તેમણે એક એવા ગ્રંથની રચના કરવાનો સંકલ્પ કર્યો જે પરિપૂર્ણ હોય. જે સાક્ષાત નારાયણ સ્વરૂપ હોય. જેનું શ્રવણ કરવાથી નાસ્તિક આસ્તિક બને,આસ્તિકને માર્ગદર્શન મળે, અને આત્મારામ કોટિના યોગી ઓ પણ પ્રેમમાં પાગલ બની જાય.

તે ગ્રંથ એટલે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ. પણ આવા પરિપૂર્ણ અને દિવ્ય ગ્રંથની રચનામાં સૌથી મોટો ભય કયો? વિઘ્નનો ભય. સત્કર્મમાં વિઘ્ન તો આવે જ. એટલે જ વ્યાસજીએ આ ગ્રંથના આરંભ માં કોઈ દેવી-દેવતાને નહીં, સીધા વિઘ્નહર્તા ગણપતિ મહારાજનું આવહાન કર્યું. અને ત્યાંથી જ ભાગવતની સાચી યાત્રા શરૂ થાય છે

વ્યાસાશ્રમમાં ભાગવતના આરંભ માટે વ્યાસજીએ ગણપતિનું ધ્યાન ધર્યું અને ગણપતિ મહારાજ તરત જ પ્રગટ થયા.વ્યાસજીએ કહ્યું, 'મારે ભાગવત શાસ્ત્રની રચના કરવી છે, જે પ્રેમશાસ્ત્ર છે, જે પરિપૂર્ણ નારાયણનું સ્વરૂપ છે. પરંતુ આટલું દિવ્ય જ્ઞાન લખશે કોણ?'

ગણપતિ મહારાજે સ્મિત સાથે કહ્યું, 'હું લખવા તૈયાર છું. પરંતુ મારી એક શરત છે. હું એક ક્ષણ પણ નવરો નહીં બેસું. મારી લેખણ ક્યારેય અટકશે નહીં.' આ સંવાદ સામાન્ય નથી. એક બાજુ છે જ્ઞાનના સાગર વ્યાસજી, જે વક્તા બનવા તૈયાર છે, અને બીજી બાજુ છે બુદ્ધિના દેવતા ગણપતિ, જે લેખક બનવા તૈયાર છે. ભાગવતનો આ પ્રથમ સંબંધ જ આપણને શીખવે છે કે કોઈપણ જ્ઞાન ત્યારે જ ટકે છે જ્યારે તેને બુદ્ધિ અને અવિરત પરિશ્રમે લખવામાં આવે.

ઉંદરનું રહસ્યઃ ઉદ્યોગ જ્યાં, ત્યાં રિદ્ધિ-સિદ્ધિ.ગણપતિનું વાહન ઉંદર છે.આ વાત આપણે બધા જાણીએ છીએ, પણ તેનો અર્થ શું?

ઉંદર એટલે સતત કોતર્યા કરવું, સતત પ્રવૃત્ત રહેવું, એટલે ઉદ્યોગ. જે માણસ ઉદ્યોગરૂપી ઉંદર પર સવારી કરે છે, સતત પુરુષાર્થ કરે છે, તેની જ રિદ્ધિ અને સિદ્ધિ દાસી બને છે. આળસુ માણસના ઘરે લક્ષ્મી ક્યારેય ટકતી નથી.

ગણપતિ કહે છે કે 'હું એક ક્ષણ પણ નવરો નહીં બેસું' એટલે તેઓ આપણને સંદેશ આપે છે કે સત્કર્મમાં આળસ ન હોવી જોઈએ. ભગવત કથાનું શ્રવણ, ભગવાનના નામનો જપ, તે અવિરત થવો જોઈએ. ૨૪ કલાક ભગવત ચિંતન થવું જોઈએ. ગણપતિએ વ્યાસજીને કહ્યું કે તમારે ચોવીસ કલાક કથા કરવી પડશે. આ સતત ભક્તિનો જ સંકેત છે. ગણપતિનું પૂજન એટલે જિતેન્દ્રિય થવું આપણે દરેક કાર્યની શરૂઆત માં ગણપતિનું પૂજન કેમ કરીએ છીએ?કારણ કે ગણપતિ વિઘ્ન હર્તા છે. પણ સૌથી મોટું વિઘ્ન ક્યાં છે? બહાર નથી, આપણી અંદર છે. આપણી ઈન્દ્રિયો, આપણું મન, આપણો લોભ.

ભાગવતમાં અનેક વખત એવા પ્રસંગો આવે છે જેનો લક્ષ્યાર્થ સમજવો પડે. જેમ કે હિરણ્યાક્ષના મુકુટની ટોચ સ્વર્ગને અડતી હતી અને તેના શરીરથી દિશાઓ ઢંકાઈ જતી હતી.આ કોઈ રાક્ષસના શરીર નું માપ નથી, આ લોભનું માપ છે. લોભ દહાડે દહાડે વધે છે, આકાશને આંબે છે અને બધી દિશાઓને ઢાંકી દે છે. આ લોભરૂપી, કામરૂપી, ક્રોધરૂપી વિઘ્નોને હરનાર છે ગણપતિ. એટલે ગણપતિનું પૂજન એટલે બાહ્ય પૂજા નહીં, ગણપતિનું પૂજન એટલે જિતેન્દ્રિય થવું. જેની ઈન્દ્રિયો તેના કાબુમાં છે, તેના જીવનમાં કોઈ વિઘ્ન આવી શકતું નથી. જે જિતેન્દ્રિય છે, તે જ ભાગવત જેવા ગહન શાસ્ત્રને સમજી શકે છે અને લખી શકે છે.વ્યાસજીની ચતુરાઈ અને કૂટ શ્લોકનું રહસ્ય ગણપતિની શરત સાંભળીને વ્યાસજી પણ ચતુરાઈ કરી. તેમણે સામે શરત મૂકી, 'હું જે બોલું તે યોગ્ય છે કે અયોગ્ય તે સમજી- વિચારીને લખજો.' આ શરત પાછળ મોટું રહસ્ય હતું. ગણપતિ અતિ બુદ્ધિમાન છે, તેમની લેખન ગતિ અતિ તેજ છે. વ્યાસજીને તો માનવદેહ છે, તેમને સ્નાન, સંધ્યા, ભોજન બધું કરવાનું હોય. એટલે વ્યાસજી દર સો શ્લોકે એક કૂટ શ્લોક, એટલે કે ગહન અર્થવાળો શ્લોક મૂકી દેતા. ગણપતિ તે કૂટ શ્લોકનો અર્થ સમજવામાં થોડો સમય રોકાય, એટલા સમયમાં વ્યાસજી પોતાના બીજા કાર્યો પતાવી લે. આ લીલા આપણને શીખવે છે કે શાસ્ત્રનું શ્રવણ માત્ર શબ્દો સાંભળવાથી નથી થતું, તેના અર્થનું મનન કરવું પડે છે. વક્તા અને શ્રોતાએ બંનેએ તેના લક્ષ્યાર્થનો વિચાર કરવો પડે છે. અને બીજું, સત્કર્મમાં વિઘ્ન આવે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.આ વિઘ્ન ન આવે તે માટે જ ભાગવત માં સાત દિવસની કથાનો ક્રમ બતાવ્યો છે. કારણ કે કળિયુગમાં માણસનું આયુષ્ય ઓછું છે, એકાગ્રતા ઓછી છે. જો કથા એક હજાર દિવસ ચાલે, જેમ કે નૈમિષારણ્યમાં શૌનકાદિક ઋષિઓની કથા એક હજાર દિવસ ચાલી હતી, તો વિઘ્નો અનેક આવશે. એટલે વ્યાસજીએ કૃપા કરીને સાત દિવસનો ટૂંકો અને સઘન માર્ગ બતાવ્યો. મંગલાચરણમાં ગણપતિનું પ્રથમ સ્થાન કેમ?વ્યાસજીએ ભાગવતના મંગલા ચરણમાં સૌથી પહેલા ગણપતિને વંદન કર્યું - શ્રી ગણેશાય નમઃ પછી સરસ્વતીને વંદન કર્યું. કેમ? કારણ કે વિઘ્ન દૂર થયા પછી જ બુદ્ધિમાં સમજ આવે છે. સરસ્વતીની કૃપાથી સમજ આવે છે.

ત્યાર પછી સદગુરુને વંદન કર્યું. સમજ આવ્યા પછી જો ગુરુ ન મળે તો તે સમજ અહંકાર બની જાય છે.અને અંતે ભાગવતના પ્રધાન દેવ શ્રીકૃષ્ણને વંદન કર્યું.

આ ક્રમ જીવનનો ક્રમ છે. પહેલા જીવનના વિઘ્નો દૂર કરો,જે ગણપતિ કરે છે. પછી જ્ઞાન મેળવો, પછી ગુરુને શરણે જાઓ અને પછી કૃષ્ણ સુધી પહોંચો. ગણપતિ વગર આ યાત્રા શરૂ જ ન થઈ શકે.વિઘ્ન હર્તાથી પ્રેમશાસ્ત્ર સુધી ભાગવતની રચના પછી વ્યાસજીને ચિંતા થઈ કે આ પ્રેમશાસ્ત્ર કોને આપું? આ એવું શાસ્ત્ર છે જેનો પ્રચાર અતિશય વિરક્ત જ કરી શકે. જન્મથી વૈરાગી હોય તે જ તેનો અધિકારી બની શકે. એટલે તેમણે શિવજીની આરાધના કરી, જે સાક્ષાત વૈરાગ્યનું સ્વરૂપ છે.

સંસારી વ્યવહાર હોય, ધર્મ હોય, કે અધ્યાત્મ હોય, અંતિમ નીપજ શાંતિ જ હોવી જોઈએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ માસ પૂરો થતાં શરૂશરૂમાં બધાને એવું લાગશે કે શંકર વિના જીવન કંકર જેવું છે. રુદ્રી પાઠને અંતે શાંતિ અધ્યાય કરીને પણ એક આધ્યાય આવે છે,! અને માનવ સહજ ભક્તિ ભાવના લેખાંજોખાં કર્યા, કે શું શાંતિ મળી? સામાન્ય રીતે આપણે જે કંઈ કરતા હોઈએ, એટલે કે વ્યવહાર હોય, કે પછી ધર્મ હોય, કે આધ્યાત્મક હોય, અંતિમ નીપજ શાંતિ જ હોવી જોઈએ, અને જો મળે તો ઈશ્વરે સ્વીકાર્યું એવો ભાવ થાય. પરંતુ સાંપ્રત સમાજમાં શાંતિ દુર્લભ છે, એ સત્યને ઝુટલાવી શકાય તેમ નથી. પરિવારો અશાંત છે, એને કારણે સમાજ અશાંત છે. સમાજ અશાંત છે, એને કારણે દેશ અશાંત છે, અને લગભગ બધાં જ દેશની આ પરિસ્થિતિ હોવાથી, વિશ્વ આખું આજે અશાંત છે. શાંત અને અશાંત એ માત્ર વિરોધી શબ્દ નથી, તત્વતઃ વિરુદ્ધાભાસ તો બતાવે જ છે. પરંતુ આસમાન જમીન જેટલી દુરી હોય, એમ જીવન આખું સમાપ્ત થઈ જાય છતાં શાંતિ મળતી નથી. કોઈ ગમે તેટલો દાવો કરે કે શાંતિ મેળવી લીધી, પણ એક કડવું વેણ સાંભળે, ત્યાં ઉપરથી નીચે સુધી સમસમી જાય, અને તરત જ સામેવાળાને એકની બદલે ચાર સંભળાવી દે,એટલે શાંતિની માત્ર વ્યાખ્યા જ થઈ શકે. ઈશ્વર શાંતાકાર છે, ભુજંગ પર શયન કરવા છતાં શાંત છે, કારણકે એની પ્રત્યેક ચેષ્ઠામાં ક્યાંય ઉપદ્રવ કે ઉદ્વેગ દેખાતો નથી. ઉપક્રમ, ઉપશ્રુતિ, અનુસંધાન, અને ઉપસંહાર આ રીતે જોઈએ તો આપણા ચિંતનનો આજે ઉપસંહાર કરવાનો દિવસ છે. એટલે કે ભગવાન શંકર વિશે આપણે ઘણી બધી વાતો કરી, અને ઘણું બધું સાતત્ય કેળવીને શિવ તત્વની એકદમ નજીકથી પ્રતીતિ કરી. સદગુરુ કૃપાનાં તટ પર બેસી રોજ નવો વિરડો ખોદી નવાં જળ પ્રાપ્ત કર્યા, હવે એ જળ ચાખવાનો દિવસ છે.તયારે શિવનાં શુદ્ધ સ્વરૂપ વિશે ચિંતનમાં વાત કરીશું.

શંકરનું સ્મરણ થતાં આંખો સામે, મૃગચર્મ પર પદ્માસન લગાવી બેઠાં હોય,એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું,જટામાંથી ગંગધાર વ્હેતી હોય, માથે બીજનો ચંદ્ર ચમકતો હોય, ભાલમાં ત્રીજુ નેત્ર હોય, સર્પના ઘરેણાં બનાવી પહેર્યા હોય, આખાં શરીરે ભસ્મનું લેપન કર્યું હોય, એવું પૂર્ણ વૈરાગી સ્વરુપ. ભાગ્યે જ કોઈ દેવ એવો હશે જેસ્મશાનમાં પણ રહી શકે, તેને રહેવા નથી મહેલની આવશ્યકતા, કે તેને પહેરવા નથી કિંમતી શણગારની જરુરત. કૈલાસમાં જટા બાંધી, દિગાંબર રહેવું એજ તેની નિરામયી ઓળખાણ! છતાં તેને આરાધે તેનો બેડો પાર કરે, ધન ઐશ્વર્યનાં ઢગલા કરે. કુબેર તેને દરવાજે ચોંકી કરે, એવી એની લાયકાત છે. રાય રંકનાં ભેદ વગર સૌ કોઈની ઉપાસનાથી પ્રસન્ન થાય, ભેદભાવ વગર બધાને વરદાન આપે, અને સમસ્ત જગતનું કલ્યાણ કરવાં ત્રીજી આંખ ખોલી પ્રલય પણ કરે. સમુદ્ર મંથનનાં સમયેનીકળેલું કાલકૂટ વિષ જગતનાં કલ્યાણ માટે પી જાય. ભગીરથનાં તપથી પ્રસન્ન થઈને વિષ્ણુએ ગંગાને પૃથ્વી પર જવા આદેશ આપ્યો, અને એ શક્તિશાળી ગંગાને પોતાની જટામાં સમાવી લીધી. ક્ષય રોગથી પીડાતા ચંદ્રને પોતાનાં ભાલનુ ઘરેણું બનાવી કાયમ ઈજ્જતનું સ્થાન આપ્યું, લોક નિંદાનાં ઝેરને હાથ, કાન, કે ગળા ઉપર જ રાખવાં, અંતરમાં પ્રવેશવા દેવા નહીં, એવો સંદેશો આપવા સર્પનો શણગાર કર્યો. સંસારી હોવાથી ભોગ વિનાશનું કારણ પણ બની શકે, એવી જાગૃતિ માટે સ્મશાનમાં નિવાસ કર્યો. સમાધિમાંથી જાગૃત થયાં, કે તરત જ કામદેવને ભસ્મ કર્યા. કામ ભાવ બહુ ખતરનાક છે,જો કાબુમાં રહે તેમ ન હોય તો એને કાબુમાં કરવા શિવ મંત્ર મદદ કરી શકે. પરંતુ આ બધી જ ઉપલબ્ધિ કરતા સૌથી મોટી ઉપલબ્ધિ તેની કલ્યાણ છે. શિવને શિવ કહેવડાવવા પણ કલ્યાણની આવશ્યકતા છે. શંકરને અન્ય દેવથી જુદું પાડનાર કોઈ તત્ત્વ હોય તો તે એકમાત્ર કલ્યાણ છે. સ્વાર્થી દેવતાઓ સ્વર્ગ ઉપર તારકાસુરનો ભય વધતાં, શંકર વિવાહ માટે તુરંત રાજી થઈ ગયાં, અને તેની સમાધિ ભંગ કરવા માટે કામદેવને પણ ભસ્મ કરાવ્યો. એટલે કે સ્વાર્થ સામે પણ કલ્યાણનો ભાવ રાખી શકે તે જ શિવ છે. શિવ એટલે કલ્યાણ! ને કલ્યાણ એટલે જ શિવ!.

પરંતુ અત્યારે આપણે શિવનું શુદ્ધ સ્વરૂપ શું છે? એ વિશે વાત કરી રહ્યા છીએ. હિન્દુ ધર્મમાં ઈશ્વરત્વને પામવા માટેના ઘણાં માર્ગ છે,અને જેમાં સાકાર અને નિરાકાર બે સ્વરૂપે ઈશ્વરની કલ્પના કરવામાં આવે છે. મોટેભાગે સાકાર સ્વરૂપમાં જે તે દેવ દેવી હોય તેની મૂર્તિ રાખવામાં આવે છે, જેની સામે તે ઉપાસના કે પુજન અર્ચન કરીને ભાવ રાખે છે. પરંતુ નિરાકાર સ્વરૂપમાં તેનાં કોઈ ખાસ ગુણને આરાધવામાં આવે છે, આપણાં મુખ્ય ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ સૃષ્ટિના સર્જન પાલન અને સંહારક છે, એમ માનવામાં આવે છે.બ્રહ્માએ પોતાની સર્જન કળાથી સૃષ્ટિમાં જીવ સૃષ્ટિ ઉત્પન્ન કરી, વિષ્ણુએ પોતાની વિશાળતાથી સૌને સ્વીકાર્યા ,અને તેનું ભરણપોષણ કર્યું. શિવએ સદા સર્વદા સૌનાં હિતનું વિચારી કલ્યાણનો પંથ સ્વીકાર્યો. જીવનું પરમ કલ્યાણ કરવાં, કોમળથી કઠિન કૃપા કરે છે. રાવણને વરદાન આપે, અને રામના સેવક બની એ જ રાવણનાં કુળના નાશ માટે પણ પોતે જ જવાબદારી સ્વીકારે. એટલે કે મારે કે તારે, પરંતુ આખરે હોય એ કલ્યાણ માટે. એકવાર સમજાય જાય તો શંકર ભોળો લાગે, કોઈ જ આંટીઘૂંટી નહીં! કેવળ ને કેવળ શુદ્ધ સાત્વિક ભાવનો સરવાળો એટલે શિવ કહી શકાય. નંદીને ધર્મ કહેવામાં આવ્યો છે, એટલે ધર્મનાં વાહન પર બેસી અને પરમ ધર્મનું કાર્ય કરે તે શિવ! આપણે જાણીએ છીએ, કે માત્ર તિલક ટપકાં કરીને તો ધર્મની વાતો જ થાય, પણ જે ધર્મ કે સંપ્રદાયને આપણે અનુસરતા હોય, તેના બોધ પ્રમાણે જીવન જીવવું પડે! એ હિસાબે અમે હાટકેશનાં અંશો છીએ, અને અમારા ઈષ્ટદેવનો મૂળ બોધ કલ્યાણ છે,તો અમારે કલ્યાણની ભાવના રાખી જીવન જીવવું જોઈએ. આમતો નાગરની વ્યાખ્યા પણ એટલી જ સુંદર છે, કે જેના વાણી, વિચાર, કે વર્તન, એક પણમાં 'ગર 'ઝેર ન હોય તે નાગર,અને આવી વ્યક્તિ પોતાનાં હિત માટે બીજાનાં કલ્યાણને ભૂલી ન શકે. પરંતુ અફસોસ દેશકાળ પ્રમાણે જીવન મુલ્ય ભૂલાઈ ગયાં, ને સુખ સગવડ માટે ગુણોના સોદા થતાં હોય તેવું પણ જાણવા મળે. માત્ર ચંદ રુપિયા માટે કેવાં કેવાં ખેલ ખેલાતાં હોય છે.અમે નાના હતાં, ત્યારે એકવાર એક બોધકથા અમારા વડીલો દ્વારા કહેવામાં આવી હતી, કે પૃથ્વીને તેની પર વસતી પ્રજાનાં આચાર દુરાચારનું વજન લાગે નહીં, અને વારંવાર ઈશ્વરનાં અવતારને જન્મ લેવોપડે નહીં, માટે સાક્ષાત શિવ દ્વારા નાગરોનુ સર્જન થયું.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગૃહિણીઓને ઉદ્યોગસાહસિક બનાવવા તરફ એક મક્કમ પગલું

'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત નરોડા ખાતે યોજાયો 'આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમ'

ગૃહિણીઓ સ્વ-સન્માન સાથે આત્મનિર્ભર બને અને અન્યને રોજગારી આપે: મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા

અમદાવાદ તા.19

ગુજરાત સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' ના ભાગરૂપે અમદાવાદમાં નરોડા ખાતે નરોડા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલમાં મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાને વેગ આપતો 'આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'વોકલ ફોર લોકલ', 'ઘર ઘર સ્વદેશી' અને 'સશક્ત ઉદ્યોગસાહસિક, સમૃદ્ધ ગુજરાત'ના મંત્રને સાકાર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાજ્યની ગૃહિણીઓને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રેરિત કરી વધુ આત્મનિર્ભર બનાવવાનો હતો. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને સંબોધતા મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, દરેક મહિલામાં કંઈક ને કંઈક વિશેષ કૌશલ્ય અને શક્તિઓ છુપાયેલી હોય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓ માટે કૌશલ્ય વર્ધક તાલીમ વર્ગો અને સબસિડીવાળી સરકારી લોનની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહિલાઓએ હવે માત્ર નોકરી મેળવવા પૂરતું મર્યાદિત રહેવાને બદલે પોતે સ્વતંત્ર ધંધો-વ્યવસાય શરૂ કરીને અન્ય બહેનોને રોજગારી આપવાનો વિચાર કરવો જોઈએ.



તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીના 'વોકલ ફોર લોકલ' અભિયાન હેઠળ સ્થાનિક ઉત્પાદનો તૈયાર કરતી મહિલાઓને પ્રોત્સાહન અને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે. બનાસકાંઠાની પશુપાલક બહેનો, પટોળા બનાવતી બહેનો તેમજ કચ્છી ભરતકામથી વિશ્વભરમાં પ્રખ્યાત બનેલી બહેનોનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે, યોગ્ય તાલીમ અને મહેનતના બળે મહિલાઓ લાખો રૂપિયાની કમાણી કરીને પોતાના પરિવારનો આર્થિક આધાર બની શકે છે. મંત્રીશ્રીએ રાજનીતિ અને અન્ય ક્ષેત્રોમાં મહિલાઓની વધતી ભાગીદારીનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦% અનામત આપીને સશક્ત બનાવવામાં આવી છે. આજે દેશની દીકરીઓ સંરક્ષણથી લઈને દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે. કાર્યક્રમમાં હાજર નરોડાના ધારાસભ્ય ડો.પાયલબેન કુકરાણીએ મહિલાઓને સરકારી યોજનાઓ લાભ લેવાની અને તક ઝડપી આગળ વધવાની સલાહ આપી હતી. તેમણે મહિલાઓને ઘરની જવાબદારીઓને ટાઈમ મેનેજમેન્ટથી મેનેજ કરવાનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે મહિલાઓને બિઝનેસ સાથે નવું નવું શીખવા જણાવ્યું હતું. આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમમાં MSME કમિશનર ક્ષિપ્રા આગ્રે (IAS), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટીના ડેપ્યુટી ચેરમેન દિવ્યાબેન ખાખી, સ્થાનિક કોર્પોરેટર ચંદાબેન પટેલ, સી.ઈ.ડી. અધિકારી તથા કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં બહેનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' ના ભાગરૂપે અમદાવાદમાં નરોડા ખાતે નરોડા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલમાં મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાને વેગ આપતો 'આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'વોકલ ફોર લોકલ', 'ઘર ઘર સ્વદેશી' અને 'સશક્ત ઉદ્યોગસાહસિક, સમૃદ્ધ ગુજરાત'ના મંત્રને સાકાર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાજ્યની ગૃહિણીઓને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રેરિત કરી વધુ આત્મનિર્ભર બનાવવાનો હતો. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને સંબોધતા મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, દરેક મહિલામાં કંઈક ને કંઈક વિશેષ કૌશલ્ય અને શક્તિઓ છુપાયેલી હોય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓ માટે કૌશલ્ય વર્ધક તાલીમ વર્ગો અને સબસિડીવાળી સરકારી લોનની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહિલાઓએ હવે માત્ર નોકરી મેળવવા પૂરતું મર્યાદિત રહેવાને બદલે પોતે સ્વતંત્ર ધંધો-વ્યવસાય શરૂ કરીને અન્ય બહેનોને રોજગારી આપવાનો વિચાર કરવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીના 'વોકલ ફોર લોકલ' અભિયાન હેઠળ સ્થાનિક ઉત્પાદનો તૈયાર કરતી મહિલાઓને પ્રોત્સાહન અને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે. બનાસકાંઠાની પશુપાલક બહેનો, પટોળા બનાવતી બહેનો તેમજ કચ્છી ભરતકામથી વિશ્વભરમાં પ્રખ્યાત બનેલી બહેનોનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે, યોગ્ય તાલીમ અને મહેનતના બળે મહિલાઓ લાખો રૂપિયાની કમાણી કરીને પોતાના પરિવારનો આર્થિક આધાર બની શકે છે. મંત્રીશ્રીએ રાજનીતિ અને અન્ય ક્ષેત્રોમાં મહિલાઓની વધતી ભાગીદારીનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦% અનામત આપીને સશક્ત બનાવવામાં આવી છે. આજે દેશની દીકરીઓ સંરક્ષણથી લઈને દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે. કાર્યક્રમમાં હાજર નરોડાના ધારાસભ્ય ડો.પાયલબેન કુકરાણીએ મહિલાઓને સરકારી યોજનાઓ લાભ લેવાની અને તક ઝડપી આગળ વધવાની સલાહ આપી હતી. તેમણે મહિલાઓને ઘરની જવાબદારીઓને ટાઈમ મેનેજમેન્ટથી મેનેજ કરવાનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે મહિલાઓને બિઝનેસ સાથે નવું નવું શીખવા જણાવ્યું હતું. આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમમાં MSME કમિશનર ક્ષિપ્રા આગ્રે (IAS), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટીના ડેપ્યુટી ચેરમેન દિવ્યાબેન ખાખી, સ્થાનિક કોર્પોરેટર ચંદાબેન પટેલ, સી.ઈ.ડી. અધિકારી તથા કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં બહેનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અસારવા-ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલનું તલોદ, પ્રાંતિજ, જાદર અને ઈડર તથા નમો ભારત રેપિડ રેલનું વોંઘ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ

- **ટ્રેન નંબર 09406 - ખેડબ્રહ્મા-અસારવા મેળા સ્પેશિયલનો 21 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી આગમન/પ્રસ્થાનનો સમય ઈડર સ્ટેશન પર 15.55/15.56 કલાકે...**

અમદાવાદ (રેલ્વે), તા.19

"ભાદરવી પૂનમ" મેળામાં શ્રદ્ધાળુઓની વધારાની ભીડને જોતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા યાત્રીઓની સુવિધા માટે અસારવા-ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલ ટ્રેનનું તલોદ, પ્રાંતિજ, જાદર અને ઈડર તથા નમો ભારત રેપિડ રેલનું વોંઘ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે : ટ્રેન નંબર 09405/09406 અસારવા-ખેડબ્રહ્મા-અસારવા મેળા સ્પેશિયલ, ટ્રેન નંબર 09405 અસારવા-ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલનો 21 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી આગમન/પ્રસ્થાનનો સમય તલોદ સ્ટેશન પર 10.23/10.24 કલાકે, પ્રાતિંજ સ્ટેશન પર 10.38/10.39 કલાકે, જાદર સ્ટેશન પર 11.11/11.12 કલાકે અને ઈડર સ્ટેશન પર 11.31/11.32 કલાકે રહેશે. ટ્રેન નંબર 09406 - ખેડબ્રહ્મા-અસારવા મેળા સ્પેશિયલનો 21 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી આગમન/પ્રસ્થાનનો સમય ઈડર સ્ટેશન પર 15.55/15.56 કલાકે, જાદર સ્ટેશન પર 16.05/16.06 કલાકે, પ્રાંતિજ સ્ટેશન પર 16.43/16.44 કલાકે અને તલોદ સ્ટેશન પર 16.57/16.58 કલાકે રહેશે. ટ્રેન નંબર 94801/94802 નમો ભારત રેપિડ રેલ, ટ્રેન નંબર 94801 અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલનો 21 થી 23 સપ્ટેમ્બર 2026 સુધી વોંઘ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 21.08/21.09 કલાકે રહેશે. ટ્રેન નંબર 94802 ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલનો 22 થી 24 સપ્ટેમ્બર 2026 સુધી વોંઘ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 06.43/06.44 કલાકે રહેશે. આ વધારાના સ્ટોપેજથી ભાદરવી પૂનમ મેળામાં આવનાર-જનારા શ્રદ્ધાળુઓને ઉત્તમ રેલવે કનેક્ટિવિટી અને સુવિધા ઉપલબ્ધ થશે. ખેડબ્રહ્મા રેલવે સ્ટેશનથી અંબાજી માટે સીધી બસ સેવા, ભાદરવી પૂનમ મેળાના અવસર પર ખેડબ્રહ્મા આવનારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ખેડબ્રહ્મા રેલવે સ્ટેશનથી અંબાજી માટે સીધી બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. યાત્રી રેલવે સ્ટેશનથી સીધા બસ દ્વારા મા અંબેના ધામ અંબાજી પહોંચી શકે છે, જેનાથી તેમને વધારાના રિક્શા ભાડા અને સમયની બચત થશે.

કુજાડ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત 83 આંગણવાડી કાર્યકરો માટે સંવેદનશીલતા તાલીમ યોજાઈ

અમદાવાદ, તા.19

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત 'સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન' (DHEW) ટીમ દ્વારા દસ્ક્રોઈ તાલુકાના કુજાડ ICDS સેક્ટર કચેરી ખાતે 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર બહેનો માટે એક દિવસીય સંવેદનશીલતા અભિમુખતા તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દસ્ક્રોઈ સિટી ગ્રામ્ય ઘટક હેઠળ આવતા 18 ગામોની કુલ 83 જેટલી આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. તાલીમ સત્ર દરમિયાન દીકરીઓ પ્રત્યે સમાજમાં સકારાત્મક અને સંવેદનશીલ અભિગમ કેળવવા, તેમના શિક્ષણ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા તેમજ પ્રવર્તતી લિંગ અસમાનતા અને રૂઢિચુસ્ત માન્યતાઓ દૂર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત આંગણવાડી બહેનોને બાળલગ્ન અટકાવવા, દીકરીઓના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા, કિશોરીઓના સશક્તિકરણ અને તેમના સર્વાંગી વિકાસમાં કુટુંબ તેમજ સમાજની ભૂમિકા વિશે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપન તરફ આંગણવાડી કાર્યકરોને પોતાના કાર્યક્ષેત્રના ગામોમાં માતા-પિતા અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી સકારાત્મક વાતાવરણ ઊભું કરવા તેમજ જરૂરિયાતમંદ દીકરીઓ સુધી સરકારી યોજનાઓ પહોંચાડવા પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર તાલીમનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય સ્તરે કાર્યરત આંગણવાડી કાર્યકરોને વધુ સક્ષમ બનાવી 'દીકરીને સુરક્ષા, શિક્ષણ અને સમાન તક' સુનિશ્ચિત કરવાનો રહ્યો હતો. આ ઉપરાંત આંગણવાડી બહેનોને બાળલગ્ન અટકાવવા, દીકરીઓના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા, કિશોરીઓના સશક્તિકરણ અને તેમના સર્વાંગી વિકાસમાં કુટુંબ તેમજ સમાજની ભૂમિકા વિશે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપન તરફ આંગણવાડી કાર્યકરોને પોતાના કાર્યક્ષેત્રના ગામોમાં માતા-પિતા અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી સકારાત્મક વાતાવરણ ઊભું કરવા તેમજ જરૂરિયાતમંદ દીકરીઓ સુધી સરકારી યોજનાઓ પહોંચાડવા પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર તાલીમનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય સ્તરે કાર્યરત આંગણવાડી કાર્યકરોને વધુ સક્ષમ બનાવી 'દીકરીને સુરક્ષા, શિક્ષણ અને સમાન તક' સુનિશ્ચિત કરવાનો રહ્યો હતો.

ભાદરવી પૂનમ મેળાના અવસર પર અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે મેળા સ્પેશિયલ ટ્રેનની થઈ શરૂઆત



અમદાવાદ (રેલ્વે), તા.19

ખેડબ્રહ્મામાં આયોજિત થનારા પ્રસિદ્ધ "ભાદરવી પૂનમ" મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શન અને ધાર્મિક આયોજનમાં સામેલ થવા પહોંચે છે. માનનીયા સાંસદ, સાબરકાંઠા, શ્રીમતી શોભનાબેન બારૈયા અને માનનીય સાંસદ, અમદાવાદ પશ્ચિમ, દિનેશભાઈ મકવાણા દ્વારા મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશને "ભાદરવી પૂનમ" મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સુવિધા માટે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે વિશેષ ટ્રેન ચલાવવાની માંગણી કરવામાં આવી હતી. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા અસારવા-ખેડબ્રહ્મા-અસારવા વચ્ચે વિશેષ મેળા ટ્રેનનું સંચાલન આજે, 19 સપ્ટેમ્બર 2026 થી શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ સંચાલિત કરવામાં આવશે. ટ્રેનનું સમયપત્રક અને વિગતો : ટ્રેન નંબર 09405 અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ 19 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ અસારવાથી સવારે 09:35 કલાકે પ્રસ્થાન કરશે તથા આ ટ્રેન નરોડા 09.43/09.45 કલાકે, હિમ્મતનગર 10.58/11.00 કલાકે, વડાલી 11.40/11.42 કલાકે અને 12:10 કલાકે ખેડબ્રહ્મા પહોંચશે. ટ્રેન નંબર 09406 ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ 19 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ ખેડબ્રહ્માથી બપોરે 15:35 કલાકે પ્રસ્થાન કરશે તથા વડાલી 15.43/15.45 કલાકે, હિમ્મતનગર 16.23/16.25 કલાકે, નરોડા 17.23/17.25 કલાકે અને 18:10 કલાકે અસારવા પહોંચશે. સ્ટોપેજ અને કોચ સંરચના : સ્ટોપેજ : આ ટ્રેન બંને દિશાઓમાં નરોડા, હિમ્મતનગર અને વડાલી સ્ટેશનો પર રોકાશે. રેક અને ક્લાસ : આ ટ્રેન 08 કોચ વાળી MEMU રેકથી સંચાલિત થશે. જેમાં તમામ કોચ અનરિઝર્વ્ડ સેકન્ડ ક્લાસના હશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને વિગતવાર માહિતી માટે યાત્રી રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર વિઝિટ કરી શકે છે.


દરિયા કિનારે નદી ઉપર માત્ર ૧૨ માસમાં બન્યો હોય તેવો ગંભીરા બ્રિજ પ્રથમ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દર પખવાડિયાએ બ્રિજના કામની સમીક્ષા કરી નિયત સમય મર્યાદામાં પૂરૂ કરાવ્યું, કામ દરિયામાં ભરતી અને ઓટના કારણે મહી નદીમાં પ્રવાહના પડકારને પરાસ્ત કરી નવો બનાવાયો પૂલ

ગાંધીનગર, તા.19

વડોદરા અને આણંદ જિલ્લાને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે જોડાતા ગંભીરા બ્રિજનું કામ માત્ર માત્ર માસમાં પૂર્ણ કરીને માર્ગ અને મકાન વિભાગે વિક્રમ રચ્યો છે. દરિયાની ભરતીઓટ સાથે નદી ઉપર ૮૫૮.૭૫ લંબાઈનો બ્રિજ માત્ર બાર માસમાં પૂર્ણ થવાની દેશમાં આ સંભવતઃ પ્રથમ ઘટના છે. તેની પાછળનું મુખ્ય ચાલક બળ છે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ! ઘણા લોકોને એમ છે કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ એમનું ચાલક બળ કેવી રીતે બન્યા ? તો ચાલો સમજીએ આ વિક્રમી ઘટનાનો ક્રમ સમજીએ. આ મહત્વનો પૂલ તૂટવાની ઘટનાને રાજ્ય સરકારે બહુ જ ગંભીરતાથી લીધી હતી. રાહતબચાવની કામગીરી ઉપરાંત આવી દુર્ઘટનાનું પુનરાવર્તન ના થાય એ માટે મુખ્યમંત્રીશ્રીના આદેશને પગલે રાજ્યના નાનામોટા તમામ પૂલોની ચકાસણી કરવામાં આવી હતી. આટલું જ નહી ! મુજપુર





અને ગંભીરને જોડવા નવો પૂલ બનાવવા માટે એક જ પખવાડિયાની અંદર વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. નવો પૂલ બનાવવા માટેની પ્રક્રીયા ત્વરિત શરૂ કરવામાં આવી હતી. હવે એ દરમિયાન આંકલાવ અને પાદરાના છાત્રો અને નોકરિયા વર્ગને પડતી મુશ્કેલીને ધ્યાને રાખીને મુખ્યમંત્રીશ્રીએ જૂના બ્રિજ ઉપર લોખંડનું સ્ટ્રક્ચર મૂકી બાઇક માટે ફરી ચાલું કરવા માટે રૂ. ૯ કરોડ મંજૂર કર્યા અને ત્રણેક માસમાં આ સ્ટ્રક્ચર મૂકાઇ જાય એ માટે એજન્સી સાથે સતત સંકલન સાધવામાં આવ્યું.

લોખંડની ફ્રેમ તૈયાર થઈને જ્યારે પૂલ ઉપર ગોઠવવાની પ્રક્રીયા ચાલતી હતી ત્યારે મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી સંબંધિત અધિકારીઓને ૧૫થી વધુ ફોન કરીને કામગીરી અંગે પૃચ્છા કરવામાં આવી હતી. આ બાબતની અંદાજ લગાવી શકાય કે, શ્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા અને આણંદના લોકોના હિત માટે કેટલી દરકાર લીધી છે. હવે વાત કરીએ નવા ગંભીરા પૂલની ! નિયત સમય મર્યાદામાં કામ કરવું સરળ નહોતું. કારણ કે, મોટો પડકાર દરિયામાં આવતા ભરતી અને ઓટ, તેના કારણે નદીમાં વધઘટ થતાં પ્રવાહ હતો. આમ છતાં, ટેક્નોલોજી તથા સતત મહેનતના કારણે પીલર ઉભા કરવામાં આવ્યા. ૮૫૮.૭૫ મિટરની લંબાઈના પૂલ માટે ૨૩ પિયર બનાવવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષ દરમિયાન મુખ્યમંત્રીશ્રી જાતે જ દર ૧૫ દિવસે માર્ગ અને મકાન વિભાગના સચિવ પાસે ગંભીરા બ્રિજ નિર્માણના કાર્યની પ્રગતિ જાણતા હતા, રિપોર્ટ જોઇ સમીક્ષા કરતા હતા. સમસ્યા હોય તો તો તેનું નિરાકરણ લાવતા હતા. એક વર્ષ દરમિયાન પ્રતિ પખવાડિયાનો આ તેમનો નિત્યક્રમ બની ગયો હતો. મુખ્યમંત્રીશ્રીના સતત ફોલોઅપને કારણે આ કામ પૂર્ણ થયું છે. આ ઉપરાંત તેમણે સંબંધિત પદાધિકારીઓ અને અધિકારીઓને પણ સ્થળ સ્થિતિનું સતત નિરીક્ષણ કરતા રહેવા સૂચના આપી હતી. આવા કારણોથી જ મુખ્યમંત્રીશ્રી મૃદુ છતાં મક્કમ સ્વભાવના તરીકે ઓળખાય છે ! તેમના દ્રઢ મનોબળથી આ પૂલનું કામ સમયમર્યાદામાં પૂર્ણ થયું ! હવે તા. ૨૦ના રોજ વરણામા ખાતે યોજાનાર કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રી દ્વારા નવનર્મિત બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. રિપોર્ટ જોઇ સમીક્ષા કરતા હતા. સમસ્યા હોય તો તો તેનું નિરાકરણ લાવતા હતા. એક વર્ષ દરમિયાન પ્રતિ પખવાડિયાનો આ તેમનો નિત્યક્રમ બની ગયો હતો. મુખ્યમંત્રીશ્રીના સતત ફોલોઅપને કારણે આ કામ પૂર્ણ થયું છે. આ ઉપરાંત તેમણે સંબંધિત પદાધિકારીઓ અને અધિકારીઓને પણ સ્થળ સ્થિતિનું સતત નિરીક્ષણ કરતા રહેવા સૂચના આપી હતી. આવા કારણોથી જ મુખ્યમંત્રીશ્રી મૃદુ છતાં મક્કમ સ્વભાવના તરીકે ઓળખાય છે ! તેમના દ્રઢ મનોબળથી આ પૂલનું કામ સમયમર્યાદામાં પૂર્ણ થયું ! હવે તા. ૨૦ના રોજ વરણામા ખાતે યોજાનાર કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રી દ્વારા નવનર્મિત બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે.

દાવો- અગરકર ચીફ સિલેક્ટરના પદ પરથી હટવા માંગે છે : BCCIને પત્ર, 4 ઓક્ટોબરે કાર્યકાળ પૂરો થઈ રહ્યો; બોર્ડને નવા સિલેક્ટરની શોધ

નવી દિલ્હી, તા.19



અજીત અગરકર ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટરનું પદ છોડવા માંગે છે. ન્યૂઝ એજન્સી PTIએ પોતાના એક અહેવાલમાં આ દાવો કર્યો છે. 48 વર્ષીય અગરકરે શુક્રવારે BCCIને એક પત્ર લખીને જણાવ્યું કે તેઓ આ પદ પર આગળ ચાલુ રહેવા માંગતા નથી. અગરકરનો વર્તમાન કાર્યકાળ 4 ઓક્ટોબરે પૂરો થઈ રહ્યો છે. તેમણે 2027ના વનડે વર્લ્ડ કપ સુધી પોતાનો કાર્યકાળ વધારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેઓ જુલાઈ 2023માં સિલેક્શન કમિટીના અધ્યક્ષ બન્યા હતા.

લોર્ડ્સ વનડે પહેલાં રોહિત શર્મા પ્રકરણ બાદથી અગરકરના પદ પર સવાલો ઊઠ્યા છે. કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે એક સિલેક્ટરે રોહિત શર્માને જણાવ્યું હતું કે તેઓ ટીમની યોજનાઓમાં સામેલ નથી. રોહિતે સદી ફટકારીને પોતાને સાબિત કર્યો. તે લોર્ડ્સમાં વનડે સદી ફટકારનાર પ્રથમ ભારતીય પણ બન્યો હતો. ત્યારબાદ BCCIએ મામલામાં હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.

અગરકર હટે તો પાર્થિવ પટેલ સંભવિત ઉમેદવાર

જો અગરકરનો કાર્યકાળ સમાપ્ત થાય છે, તો BCCI તાત્કાલિક નવા મુખ્ય પસંદગીકારની નિમણૂક કરી શકશે નહીં. બોર્ડે પહેલાં આ પદ માટે જાહેરાત બહાર પાડવી પડશે. ત્યારબાદ ઈન્ટરવ્યૂની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયાના કારણે નવા અધ્યક્ષની નિમણૂકમાં સમય લાગી શકે છે. અગરકરના સ્થાને પૂર્વ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન પાર્થિવ પટેલ સંભવિત ઉમેદવાર બની શકે છે. BCCIના સચિવ દેવજીત સૈકિયા, પ્રમુખ મિથુન મન્હાસ અને સંયુક્ત સચિવ પ્રભતેજ ભાટિયા. ત્રણેય BCCIની AGMમાં ભાગ લેવા પહોંચ્યા હતા. BCCIના સચિવ દેવજીત સૈકિયા, પ્રમુખ મિથુન મન્હાસ અને સંયુક્ત સચિવ પ્રભતેજ ભાટિયા. ત્રણેય BCCIની AGMમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

દીકરાની મેચ જોવા રાજકોટના મહેમાન બન્યા વીરુ : નિરંજન શાહ સ્ટેડિયમમાં અન્વય આર્યવીરની ધમાકેદાર બેટિંગ બાદ ઓસ્ટ્રેલિયા 7 રને હાર્યું

નવી દિલ્હી, તા.19



રાજકોટના જામનગર રોડ પર આવેલા નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રેણીની પ્રથમ મેચ રોમાંચક માહોલમાં રમાઈ હતી. સ્ટેડિયમમાં ક્રિકેટ પ્રેમીઓ માટે સૌથી મોટું આકર્ષણ પૂર્વ દિગ્ગજ ખેલાડીઓની નવી પેઢી રહી હતી. વીરેન્દ્ર સહેવાગના પુત્ર આર્યવીર સહેવાગ અને રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડ મેદાન પર સાથે રમતા જોવા મળ્યા હતા. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે ખુદ વીરેન્દ્ર સહેવાગ પણ સ્ટેડિયમમાં હાજર રહ્યા હતા. આખરી ઓવર સુધી ખેંચાયેલા આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ભારતે ઓસ્ટ્રેલિયાને 7 રને હરાવી શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે નિર્ધારિત ઓવરોમાં 6 વિકેટના નુકસાને 182 રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. જેમાં યશવર્ધન ચૌહાણે શાનદાર પ્રદર્શન કરતાં 34 બોલમાં 5 ચોગ્ગા અને 2 છગ્ગા સાથે ઝંઝાવાતી 54 રન ફટકાર્યા હતા. જ્યારે આર્યવીર સહેવાગે પિતાની ઝલક બતાવતાં 26 બોલમાં 5 ચોગ્ગા સાથે 28 રન અને અન્વય દ્રવિડે 18 બોલમાં 2 ચોગ્ગા તથા 3 ગગનચુંબી છગ્ગા સાથે 38 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. 183 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમે પણ આક્રમક રમત દાખવી હતી. કાંગારુ કેપ્ટન જેક ઝોસ્નેકે માત્ર 27 બોલમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 55 રન ફટકારીને મેચ ભારત પાસેથી છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો.

બટલર T-20માં 15,000 રન બનાવનાર પહેલા બેટર બન્યા : પોલાર્ડને પાછળ છોડ્યો; ઇંગ્લેન્ડે શ્રીલંકાને 7 વિકેટે હરાવ્યું

નવી દિલ્હી, તા.19



ઈંગ્લેન્ડના વિકેટકીપર બેટર જોસ બટલર T-20 ક્રિકેટમાં 15,000 રન બનાવનાર દુનિયાના પહેલા બેટર બની ગયા છે. 36 વર્ષના બટલરે વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ઓલરાઉન્ડર કિરોન પોલાર્ડને પાછળ છોડી દીધા. પોલાર્ડના નામે 14,994 રન છે. બટલરે આ સિદ્ધિ ગુરુવાર રાત્રે શ્રીલંકા સામેની બીજી T-20 ઈન્ટરનેશનલ મેચમાં હાંસલ કરી. તેમણે આ મેચમાં 16 બોલમાં 30 રન બનાવ્યા. આ મેચ ઈંગ્લેન્ડે 6 વિકેટે જીતી હતી.

ટોમ બેન્ટને ફિફ્ટી ફટકારી

કાર્ડિફના સોફિયા ગાર્ડન્સમાં શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરતાં 20 ઓવરમાં 9 વિકેટે 145 રન બનાવ્યા. ઈંગ્લેન્ડે 12.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું. ટોમ બેન્ટને 24 બોલમાં અણનમ 52 રન બનાવ્યા.

નિસાંકે ઝડપી શરૂઆત અપાવી

શ્રીલંકાએ પથુમ નિસાંકાની ઝડપી શરૂઆતના દમ પર 5 ઓવરમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના 55 રન બનાવી લીધા હતા. નિસાંકાએ 21 બોલમાં 37 રન બનાવ્યા. ત્યાર બાદ શ્રીલંકાની ઈનિંગ્સ લથડાઈ ગઈ. ટીમે બાકીની 15 ઓવરમાં 90 રન ઉમેરીને 9 વિકેટ ગુમાવી દીધી અને માત્ર 145 રન સુધી જ પહોંચી શકી.

ડૉસને 3 વિકેટ લીધી; પ્લેયર ઑફ ધ મેચ બન્યા

ઈંગ્લેન્ડના લિયમ ડૉસને 4 ઓવરમાં 32 રન આપીને 3 વિકેટ લીધી. તેમણે શ્રીલંકાની ઈનિંગ્સની વચ્ચે મહત્વપૂર્ણ વિકેટ મેળવી. તેમના ઉપરાંત જૈમી ઓવરટન, આદિલ રશીદ અને જોફ્રા આર્ચરે પણ કસી બોલિંગ કરી. બેન્ટને 24 બોલમાં ફિફ્ટી ફટકારી, 47 બોલ બાકી રહેતાં ઈંગ્લેન્ડે જીત મેળવી. 146 રનના લક્ષ્યનો પીછો કરતા ઈંગ્લેન્ડે આક્રમક શરૂઆત કરી.

ઉંમર 15 હોય કે 30, રાહ તો જોવી જ પડશે! : વૈભવને પ્લેઇંગ-11માં ન રમાડવા અંગે ગંભીરનું મોટું નિવેદન

નવી દિલ્હી, તા.19



5 વર્ષના વૈભવ સૂર્યવંશીને અફઘાનિસ્તાન સામેની ટી-20 સિરીઝમાં એક પણ મેચ રમવાની તક કેમ મળી નહીં? મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે આ સવાલનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ખેલાડીની ઉંમર 15 વર્ષ હોય કે 30 વર્ષ, તક માટે રાહ જોવી જ પડશે. ગંભીરે કહ્યું, 'વૈભવ સાથેની વાતચીત સ્પષ્ટ હતી કે તેણે તકની રાહ જોવી પડશે. જ્યારે તક મળશે, ત્યારે સતત મળશે.' ગંભીરે કહ્યું કે અમને ખબર છે કે તેનામાં કેવા પ્રકારની પ્રતિભા છે અને તે શું કરી શકે છે. પરંતુ જે ખેલાડી બે વર્ષથી સતત સારું રમી રહ્યો છે, તે ટીમમાં નવા આવેલા ખેલાડી કરતાં આગળ રહેશે. વૈભવે ઈંગ્લેન્ડમાં ડેબ્યૂ કર્યું હતું, વૈભવ સૂર્યવંશીએ થોડા મહિના પહેલાં ઈંગ્લેન્ડમાં પોતાની પહેલી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમણે ત્રણ મેચોમાં 42 રન બનાવ્યા હતા. ત્યારબાદ ઝિમ્બાબ્વે સામેની સિરીઝમાં 151 રન બનાવીને ટોપ સ્કોરર રહ્યો હતો. સંજુને બહાર રાખવો સૌથી મુશ્કેલ નિર્ણય હતો, ગંભીરે સંજુ સેમસનને ફરી તક આપવાના નિર્ણય અંગે કહ્યું કે વર્લ્ડ કપમાં પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ બનનાર ખેલાડી અચાનક ખરાબ બની જતો નથી. તેમને ઈંગ્લેન્ડ સિરીઝમાંથી બહાર રાખવો મારા કોચિંગ કાર્યકાળનો કદાચ સૌથી મુશ્કેલ નિર્ણય હતો. વર્લ્ડ કપની ઓપનિંગ જોડી સાથે જવા માગતા હતા, ગંભીરે કહ્યું કે આ સિરીઝમાં તેઓ વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ જોડી સાથે જવા માગતા હતા. આથી અભિષેક અને સંજુ સેમસનની જોડીને તમામ મેચોમાં જાળવી રાખી. બંનેએ ત્રણ મેચોમાં મળીને 346 રન બનાવ્યા. ભારતે અફઘાનિસ્તાનને ત્રીજી ટી-20માં 127 રનથી હરાવીને સિરીઝ 3-0થી જીતી.

'એક્ટિંગ કરિયરને લઈને પપ્પા સાથે ઘણીવાર બોલાચાલી થાય છે' : મલ્હાર અને પૂજાએ શેર કર્યા 'ચટણી'ના ખાટા-મીઠા અનુભવો

મુંબઈ, તા.19



ગુજરાતી થાળી 'ચટણી' વિના અધૂરી ગણાય છે. ત્યારે ગુજરાતી સિનેમાના પાવર કપલ, મલ્હાર ઠાકર અને પૂજા જોશી 'ચટણી'ના ખાટા, મીઠા, તીખા સ્વાદને મોટા પડદાં પર લઈ આવ્યા છે. પરિવારની સવા સો વર્ષ જૂની પરંપરા, ગામડાંના સ્વાદને શહેર સુધી લઈ જવાની યુવકની મથામણ અને આ બધા વચ્ચે પાંગરતા પ્રેમની સુંદર વાર્તા 'ચટણી' વિશે મલ્હાર અને પૂજાએ સાથે ખાસ વાતચીત કરી.

'ગુજરાતી પરિવારોમાં ચાલતી વાર્તાઓની વાત છે ચટણી'

'ચટણી' ફિલ્મથી જ પ્રોડ્યુસર તરીકે શ્રીગણેશ કરવાનું કેમ નક્કી કર્યું? આ અંગે વાત કરતા મલ્હારે કહ્યું કે, 'મને આ ફિલ્મની વાર્તા ખૂબ ગમી. આ મૂળિયા સાથે જોડાયેલી વાત છે. ગામ અને શહેરને જોડતી કડી છે. તેથી મને લાગ્યું કે આ પ્રોજેક્ટમાં કો-પ્રોડ્યુસર થવું જોઈએ. આ અનોખી વાર્તા છે. ગુજરાતી પરિવારોમાં ચાલતી વાર્તાઓની વાત છે, તો મને થયું કે આમાં તો જોડાવું જોઈએ.'

'ચટણીના દરેક ફ્લેવર્સ ફિલ્મમાં જોવા મળશે'

'ચટણી'ને સામાન્ય રીતે ગાઠિયા કે ભજીયા સાથે સાઇડ ડિશ તરીકે જોડાયેલી હોય છે, ત્યારે ફિલ્મને 'ચટણી' નામ આપવાનો વિચાર કેવી રીતે આવ્યો? તે અંગે પૂજાએ કહ્યું કે, 'આ હર્ષ શોધન અને સંદીપની વાર્તા છે. લેખકોને લખતી વખતે આ નામ મગજમાં આવ્યું હતું. બીજું એક એ પણ કે ફિલ્મમાં ચટણી જ મુખ્ય પાત્ર છે. ચટણીમાં તો કેટલા બધા ફ્લેવર હોય, ખાટા, મીઠા, તીખા... એ બધા જ ફ્લેવર્સ દર્શકોને આ ફિલ્મમાં જોવા મળશે. તેથી આનું નામ 'ચટણી' રાખવામાં આવ્યું.'

'ચટણી' ફિલ્મમાં મલ્હાર ઠાકર, પૂજા જોશી, પ્રશાંત બારોટ અને હેતલ મોદી મુખ્ય ભૂમિકામાં છે.

'ચટણી' ફિલ્મમાં મલ્હાર ઠાકર, પૂજા જોશી, પ્રશાંત બારોટ અને હેતલ મોદી મુખ્ય ભૂમિકામાં છે.

ફિલ્મના લીડ એક્ટર તરીકેની ભૂમિકા ભજવવામાં વધારે મજા આવી કે કો-પ્રોડ્યુસરની જવાબદારી નિભાવવામાં? એના વિશે વાત કરતા મલ્હારે કહ્યું કે, 'બંને ભૂમિકા ભજવવાની મજા આવી. કેમેરાની પાછળની એક અલગ દુનિયા છે. પણ કેમેરાની સામે હોવ અને એ જ સમયે કેમેરાની પાછળ પણ જવાબદારી નિભાવવાની હોય, તો તે અઘરું પણ છે. પણ અમે ખૂબ મજા કરી છે. જ્યારે ફિલ્મ તૈયાર થતી હોય છે, ત્યારે તે હંમેશા મજાની વાત હોય છે.' મલ્હારની વાતને આગળ વધારતા પૂજાએ કહ્યું કે, 'કેમેરાની સામે કામ કરવાની તો ખૂબ મજા આવતી જ હોય છે, તે તો અમારો પહેલો પ્રેમ છે. પણ આ વખતે મારા માટે કેમેરાની પાછળ કામ કરવાનો અનુભવ પહેલીવાર હતો. આ એક નવો અનુભવ હતો, જેમાં બહુ મજા આવી અને ઘણું બધું શીખવા પણ મળ્યું.'

આલિયાએ રાહાનો ચહેરો સંતાડ્યો

રણબીર કપૂરે વિસર્જન દરમિયાન જય શ્રીરામનો જયઘોષ કર્યો, સુનીતા-ગોવિંદા અલગ-અલગ બાપ્પાના વિસર્જનમાં પહોંચ્યા

મુંબઈ, તા.19



રણબીર કપૂરે શુક્રવારે પત્ની આલિયા ભટ્ટ અને માતા નીતૂ સાથે ગણેશ વિસર્જન કર્યું. આ દરમિયાન દીકરી રાહા ખોળામાં સૂતી જોવા મળી. આ સમયે રણબીરે પરિવાર સાથે ગણપતિ બાપ્પા મોરેયા અને જય શ્રી રામના જયકારા લગાવ્યા. પ્રોડ્યુસર એકતા કપૂરે પણ મુંબઈ સ્થિત પોતાના ઘરે ગણેશ પૂજાનું આયોજન કર્યું, જેમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીની અનેક હસ્તીઓ પહોંચી હતી. ગોવિંદા એકતા કપૂરના ઘરે પહોંચ્યો, જ્યારે તેની પત્ની સુનીતા ભત્રીજા કૃષ્ણા અભિષેક અને કશ્મીરા શાહના ઘરે યોજાયેલી ગણેશ આરતીમાં સામેલ થયાં. ટેલિવિઝન ક્વીન અને પ્રોડ્યુસર એકતા કપૂરે પણ પોતાના ઘરે ગણેશ પૂજાનું આયોજન કર્યું હતું, જેમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીની અનેક મોટી હસ્તીઓ સામેલ થઈ હતી. ગોવિંદા દીકરા યશવર્ધન સાથે આરતીમાં પહોંચ્યો. અંકિતા લોખંડે પતિ વિકી જૈન સાથે પહોંચી, જ્યારે આયુષ્માન ખુરાના, ચંકી પાંડે સહિત અનેક સેલેબ્સ આ સેલિબ્રેશનનો ભાગ બન્યા. ગોવિંદાની પત્ની સુનીતા આહૂજા તેના ભત્રીજા કૃષ્ણા અભિષેક અને કશ્મીરા શાહના ઘરે ગણપતિ સેલિબ્રેશનમાં સામેલ થઈ. આ દરમિયાન સુનીતાએ કપિલ શર્મા સાથે તસવીરો પડાવી. નોંધનીય છે કે, થોડા મહિના પહેલાં સુધી સુનીતાનો કૃષ્ણાના પરિવાર સાથે અણબનાવ ચાલી રહ્યો હતો. ગોવિંદા એકતા કપૂરના ઘરે પહોંચ્યો, જ્યારે તેની પત્ની સુનીતા ભત્રીજા કૃષ્ણા અભિષેક અને કશ્મીરા શાહના ઘરે યોજાયેલી ગણેશ આરતીમાં સામેલ થયાં. ટેલિવિઝન ક્વીન અને પ્રોડ્યુસર એકતા કપૂરે પણ પોતાના ઘરે ગણેશ પૂજાનું આયોજન કર્યું હતું, જેમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીની અનેક મોટી હસ્તીઓ સામેલ થઈ હતી. ગોવિંદા દીકરા યશવર્ધન સાથે આરતીમાં પહોંચ્યો. અંકિતા લોખંડે પતિ વિકી જૈન સાથે પહોંચી, જ્યારે આયુષ્માન ખુરાના, ચંકી પાંડે સહિત અનેક સેલેબ્સ આ સેલિબ્રેશનનો ભાગ બન્યા. ગોવિંદાની પત્ની સુનીતા આહૂજા તેના ભત્રીજા કૃષ્ણા અભિષેક અને કશ્મીરા શાહના ઘરે ગણપતિ સેલિબ્રેશનમાં સામેલ થઈ. આ દરમિયાન સુનીતાએ કપિલ શર્મા સાથે તસવીરો પડાવી. નોંધનીય છે કે, થોડા મહિના પહેલાં સુધી સુનીતાનો કૃષ્ણાના પરિવાર સાથે અણબનાવ ચાલી રહ્યો હતો.

કિશોર કુમારની બાયોગ્રાફી પર વિવાદ : 2 વર્ષ પહેલાં મળેલો નેશનલ અવોર્ડ પાછો ખેંચવાની માગ

મુંબઈ, તા.19



કિશોર કુમારની બાયોગ્રાફી 'કિશોર કુમાર: ધ અલ્ટિમેટ બાયોગ્રાફી'ને નેશનલ ફિલ્મ અવોર્ડમાં બેસ્ટ સિનેમા બુક તરીકે પસંદ કરવામાં આવતાં વિવાદ ઊભો થયો છે. પટના હાઈકોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય તથા NFDCને પૂછ્યું કે આખરે આ પુસ્તક ભારતીય સિનેમા પર કેવી રીતે છે. પટનાના હિન્દી લેખક અને સાહિત્યિક વિવેચક અનંત પ્રસાદ સિન્હાએ આ પુસ્તકને અવોર્ડ આપવામાં આવે તેની વિરુદ્ધ અરજી દાખલ કરી છે. તેઓ 'અનંત' નામથી લખે છે. સિન્હાએ અરજીમાં 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં 'બેસ્ટ સિનેમા બુક'નો અવોર્ડ રદ કરવાની માગ કરી છે. આ પુરસ્કાર અનિરુદ્ધ ભટ્ટાચાર્ય અને પાર્થિવ ધરના પુસ્તક 'કિશોર કુમાર: ધ અલ્ટિમેટ બાયોગ્રાફી'ને મળ્યો હતો. મામલો જસ્ટિસ અજિત કુમારની અદાલતમાં સાંભળવામાં આવ્યો. કોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય, NFDC, જ્યુરી સભ્યો અને પુસ્તકના બંને લેખકોને નોટિસ જારી કરી છે. પુસ્તક હાર્પરકોલિન્સે પ્રકાશિત કર્યું છે. પુરસ્કારની જાહેરાત 16 ઓગસ્ટ 2024ના રોજ કરવામાં આવી હતી. તે 8 ઓક્ટોબર 2024ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં એનાયત કરવામાં આવ્યો હતો.

ભાગેડુ લલિત મોદીની ભૂમિકા ભજવવા માટે રણવીર સિંહ તત્પર : લંડન જઈને IPLના સ્થાપક સામે ઇચ્છા વ્યક્ત કરી હતી

મુંબઈ, તા.19



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના સ્થાપક લલિત મોદીના જીવન પર ફિલ્મ બનવા જઈ રહી છે. 'પિંકવિલા' (એન્ટરટેઇનમેન્ટ વેબસાઇટ)ના અહેવાલ મુજબ, આ બાયોપિકને સાજિદ નડિયાદવાલા પોતાના બેનર 'નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઇનમેન્ટ' હેઠળ પ્રોડ્યુસ કરશે.

ફિલ્મની સ્ક્રિપ્ટ લખવાનું કામ પૂર્વ ટીવી એક્ઝિક્યુટિવ અને પ્રોડ્યુસર સ્નેહા રજની કરી રહ્યાં છે. આ ફિલ્મ લલિત મોદીના શરૂઆતના જીવન, IPLની શરૂઆત, તેમની સફળતા અને બાદમાં જોડાયેલા વિવાદો પર આધારિત હશે.

થોડા સમય પહેલાં રણવીર સિંહે લલિતની ભૂમિકા ભજવવામાં રસ દાખવ્યો હતો. ન્યૂઝ એજન્સી ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં લલિત મોદીએ પણ પુષ્ટિ કરી હતી કે રણવીર તેમનું પાત્ર ભજવવા માગે છે. લલિત છેલ્લા લગભગ 16 વર્ષથી લંડનમાં રહે છે. મેકર્સ આ બાયોપિકમાં લલિત મોદીની માત્ર હેડલાઈન્સ અને વિવાદો પર ધ્યાન આપવાને બદલે તેમના અંગત જીવન અને કારકિર્દીના વિવિધ પાસાઓ દર્શાવવા માગે છે. ફિલ્મનું લેખન અને ડેવલપમેન્ટનું કામ હજુ ચાલુ છે. ANI સાથેની વાતચીતમાં લલિત મોદીએ જણાવ્યું હતું કે, સ્નેહા રજનીના નેતૃત્વ હેઠળની એક ટીમ તેમના ડઝનબંધ ઈન્ટરવ્યૂ લઈ ચૂકી છે. તેમણે એ પણ ખુલાસો કર્યો હતો કે, થોડાં વર્ષો પહેલાં એક્ટર રણવીર સિંહ તેમને મળવા લંડન પહોંચ્યા હતા અને તેમણે બાયોપિકમાં લલિત મોદીનું પાત્ર ભજવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જોકે, સ્ટાર કાસ્ટ અને ડિરેક્ટરને લઈને હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. લલિત મોદીનું નામ ભારતીય ક્રિકેટ, બિઝનેસ અને મનોરંજનને એકસાથે લાવવા માટે જાણીતું છે. વર્ષ 2008માં તેમણે BCCIના ઉપાધ્યક્ષ તરીકે ફ્રેન્ચાઇઝી આધારિત ટી20 ક્રિકેટ લીગ 'IPL'નો ખ્યાલ રજૂ કર્યો હતો. તેઓ તેના પ્રથમ ચેરમેન અને કમિશનર બન્યા. જોતજોતામાં IPL દુનિયાની સૌથી મોટી રમતગમત લીગમાં સામેલ થઈ ગઈ. જોકે, 2010માં કોચી ટસ્કર્સ કેરળ ફ્રેન્ચાઇઝીની શેરહોલ્ડિંગને લઈને વિવાદ ઊભો થયો. લલિત મોદીએ સોશિયલ મીડિયા પર સુનંદા પુષ્કરના 'સ્વેટ ઇક્વિટી' શેરનો ખુલાસો કર્યો હતો, જેના પછી તત્કાલીન કેન્દ્રીય મંત્રી શશિ થરૂરે પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.

UPI પર કોને GST ચૂકવવો પડશે અને કોને છૂટ મળશે? : પૂરી રકમ પર 18% ટેક્સ લાગશે કે માત્ર MDR ફી પર? જાણો તમામ સવાલોના જવાબ

નવી દિલ્હી, તા.19

હાઈ-વેલ્યુ UPI ટ્રાન્ઝેક્શન પર 15 ઓક્ટોબર 2026થી નવો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે MDR લાગુ થવા જઈ રહ્યો છે. સરકારના આ પગલા બાદ દુકાનદારો અને વેપારીઓના મનમાં ફી અને તેના પર લાગતા GSTને લઈને ઘણા સવાલો ઊભા થઈ રહ્યા છે.

જેમ કે- શું ગ્રાહકોના ખિસ્સા પર અસર પડશે? નાના દુકાનદારોનું શું થશે અને GSTની ગણતરી કેવી રીતે કરવામાં આવશે?

તમારા આવા તમામ સવાલોના જવાબ મેળવો

સવાલ: 15 ઓક્ટોબરથી UPI પેમેન્ટના નિયમોમાં શું ફેરફાર થવા જઈ રહ્યો છે?

જવાબ: 15 ઓક્ટોબરથી 2,000થી વધુના પસંદગીના UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ થશે. જોકે, આ ચાર્જ માત્ર વેપારીઓ એટલે કે મર્ચન્ટ્સે જ ચૂકવવો પડશે.

મોટાભાગના કિસ્સાઓમાં MDRનો દર 0.4% રાખવામાં આવ્યો છે, જેની મહત્તમ મર્યાદા પ્રતિ ટ્રાન્ઝેક્શન 300 નક્કી કરવામાં આવી છે. કેટલાક ખાસ



સેક્ટર્સ માટે આ ફ્લેટ 5 અને કેપિટલ માર્કેટ ટ્રાન્ઝેક્શન માટે 0.02% રહેશે.

સવાલ: શું સામાન્ય ગ્રાહકોને UPIથી ચુકવણી કરવા પર કોઈ ચાર્જ ચૂકવવો પડશે?

જવાબ: ના, ગ્રાહકોએ કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. સામાન્ય લોકો વચ્ચે થતી પર્સન-ટુ-પર્સન (P2P) ચુકવણીઓ પહેલાંની જેમ સંપૂર્ણપણે મફત રહેશે. આ ઉપરાંત કોઈ દુકાન અથવા વેપારીને 2,000 સુધીની UPI ચુકવણી કરવા પર પણ કોઈ ચાર્જ લાગશે નહીં. સરકાર અનુસાર, લગભગ 96% પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) ટ્રાન્ઝેક્શન પર તેની કોઈ અસર નહીં પડે.

સવાલ: શું 2,000 અથવા સમગ્ર UPI ટ્રાન્ઝેક્શનની રકમ પર 18% GST લાગશે?

જવાબ: ના, 18% GST સમગ્ર UPI ચુકવણીની રકમ પર નહીં, પરંતુ માત્ર MDR તરીકે લેવામાં આવતી સર્વિસ ફી પર લાગશે. ઉદાહરણ તરીકે, જો કોઈ ગ્રાહક કોઈ મર્ચન્ટને 10,000ની ચુકવણી કરે અને તેના પર 0.4% એટલે કે 40નું MDR બને, તો 18% GST માત્ર આ 40 પર લાગશે (જે 7.20 થાય છે). આ રીતે વેપારીને કુલ 47.20નો પ્રોસેસિંગ ચાર્જ ચૂકવવો પડશે.

સવાલ: જો MDR 5ના ફ્લેટ દરે લાગતો હોય, તો GST કેટલો થશે?

જવાબ: જે ટ્રાન્ઝેક્શનમાં MDR ફ્લેટ 5 રાખવામાં આવ્યો છે, ત્યાં 18% GST મુજબ 90 પૈસાનો ટેક્સ થશે. આવા કિસ્સામાં વેપારીએ MDR અને GST મળીને કુલ 5.90ની ચુકવણી કરવી પડશે.

સવાલ: શું વેપારીઓ આ GSTનો ઈનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેમ કરી શકે છે?

જવાબ: હા, જે બિઝનેસ GST હેઠળ રજિસ્ટર્ડ છે, તેઓ નિયમો અને શરતો અનુસાર MDR પર ચૂકવવામાં આવેલા GSTનો ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ક્લેમ કરી શકે છે. નિષ્ણાતોના મતે, રજિસ્ટર્ડ વેપારીઓ માટે આ GST કોઈ કાયમી કે વધારાનો ખર્ચ નહીં બને. જોકે, જે વ્યવસાયો GSTમાં રજિસ્ટર્ડ નથી, તેમના માટે આ એક વધારાનો ખર્ચ બની જશે.

સવાલ: નાના દુકાનદારો અને વેપારીઓ પર તેની શું અસર પડશે?

જવાબ: મોટા ભાગના નાના વેપારીઓ પર તેની કોઈ ખાસ અસર નહીં પડે. ઝીરો-MDR ફ્રેમવર્ક હેઠળ, જે નાના વેપારીઓ UPI QR કોડ દ્વારા મહિને 1 લાખ સુધીની ચુકવણી મેળવે છે, તેમના માટે MDR શૂન્ય જ રહેશે.

નાણાં મંત્રાલય અનુસાર, 40 લાખથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા 99% વેપારીઓના UPI ટ્રાન્ઝેક્શન 2,000થી ઓછા હોય છે અથવા તેઓ મહિને 1 લાખની મુક્તિ મર્યાદામાં આવે છે.

ચાંદી આ અઠવાડિયે ₹7988 મોંઘી, ₹2.37 લાખે પહોંચી : સોનું ₹1789 વધીને ₹1.54 લાખે પહોંચ્યું; જાણો તમારા શહેરના ભાવ

મુંબઈ, તા.19



આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં તેજી રહી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીના ભાવ 7,988 રૂપિયા વધીને 2.37 લાખ રૂપિયા થઈ ગયા છે. આ પહેલાં ગયા અઠવાડિયે એટલે કે 11 સપ્ટેમ્બરે તેનો ભાવ 2.29 લાખ રૂપિયા હતો. બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 1.52 લાખ રૂપિયાથી વધીને 1,54 લાખ રૂપિયા થઈ ગયા છે. આ અઠવાડિયે તેની કિંમતમાં 1,789 રૂપિયાનો વધારો થયો છે. પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ જોડાય છે, જેના કારણે અંતર વધતાં ભાવ વધે છે.

ખરીદીનું પ્રમાણ: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સે જે ભાવે ખરીદી કરી હોય તે નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે.

ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ અને ચાંદી 3 લાખ સુધી પહોંચી શકે છે

કોટક સિક્યોરિટીઝના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અનિન્દ્ય બેનર્જીના જણાવ્યા અનુસાર, સામાન્ય લોકોની સાથે RBI જેવી દુનિયાભરની સેન્ટ્રલ બેંકો પણ સતત સોનું ખરીદી રહી છે. આગળ અનિશ્ચિતતાના માહોલમાં પણ સોનામાં તેજી ચાલુ રહેશે અને પરિસ્થિતિ સુધરતાં ચાંદીમાં પણ મોટો ઉછાળો આવશે. હાલના વલણને ધ્યાનમાં લેતાં ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ અને ચાંદી 3 લાખ સુધી પહોંચી શકે છે.

આ વર્ષે સોનું 21 હજાર મોંઘું થયું

આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 21 હજાર મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખના ભાવે હતું, જે હવે 1.54 લાખ પર પહોંચી ગયું છે. બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ પ્રતિ કિલો હતી, જે હવે 2.37 લાખ પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ અને ચાંદીએ 3.86 લાખની ઓલટાઈમ હાઈ સપાટી પણ બનાવી હતી.

'નાની-નાની વાતે ગુસ્સે થાવ છું' : વસ્તુઓ પણ ફેંકવા લાગ્યો છું, પત્ની-બાળકો મારાથી ડરે છે; હું પોતાને કેવી રીતે સુધારું?

નવી દિલ્હી, તા.19


સવાલ- હું 38 વર્ષનો છું અને એક ખાનગી કંપનીમાં નોકરી કરું છું. પહેલાં હું પોતાને ખૂબ શાંત સ્વભાવનો માનતો હતો, પરંતુ છેલ્લા એક વર્ષથી મને નાની-નાની વાતો પર ખૂબ ગુસ્સો આવવા લાગ્યો છે.

ઓફિસમાં કોઈનાથી સામાન્ય ભૂલ થઈ જાય તો હું ભડકી ઊઠું છું. ઘરે પણ પત્ની અને બાળકો પર ગુસ્સો ઉતારી દઉં છું. નાની અમથી વાત પર મારો અવાજ ઊંચો થઈ જાય છે. ઘણી વાર ગુસ્સામાં વસ્તુઓ પણ પછાડી દઉં છું અથવા રૂમની બહાર જતો રહું છું.

ગુસ્સો શાંત થયા પછી પસ્તાવો પણ થાય છે. પત્ની કહે છે કે હવે ઘરમાં બધા લોકો મારો મૂડ જોઈને વાત કરે છે. સમજાતું નથી કે હું આટલો ગુસ્સાવાળો ક્યારે અને કેવી રીતે બની ગયો. શું આની પાછળ કોઈ માનસિક સ્વાસ્થ્યની સમસ્યા હોઈ શકે છે? હું મારા ગુસ્સાને કેવી રીતે નિયંત્રિત કરું?

નિષ્ણાત- ડૉ. દ્રોણ શર્મા, કન્સલ્ટન્ટ સાઇકિયાટ્રિસ્ટ, આયર્લેન્ડ, યુકે. યુકે, આઇરિશ અને જિબ્રાલ્ટર મેડિકલ કાઉન્સિલના સભ્ય.

વધુ ગુસ્સો આવવો અને ચીડિયાપણું વધવું, માત્ર સ્વભાવમાં



આવેલો ફેરફાર નથી. ગુસ્સા પાછળ અનેક શારીરિક અને માનસિક કારણો હોઈ શકે છે. જેમ કે સ્વાસ્થ્યથી લઈને જીવનની પરિસ્થિતિઓમાં કોઈ મોટો ફેરફાર થયો હોઈ શકે છે. તેથી અહીં સમસ્યાના મૂળ કારણને સમજવાની અને તેને દૂર કરવાની જરૂર છે.

ગુસ્સો વધવાના સંભવિત કારણો

ગુસ્સો પોતાનામાં કોઈ માનસિક બીમારી નથી. આ એક સામાન્ય લાગણી છે. આ સમસ્યા ત્યારે બને છે, જ્યારે ગુસ્સો વારંવાર આવે, ખૂબ તીવ્ર હોય, તેના પર નિયંત્રણ ન રહે અથવા તેની અસર કામ અને સંબંધો પર પડવા લાગે.

શું ગુસ્સાનું કારણ ડિપ્રેશન છે?

ડિપ્રેશનનો અર્થ હંમેશા ઉદાસ રહેવું અથવા રડતા રહેવું એવો નથી. કેટલાક પુરુષોમાં તે ચીડિયાપણું અને ગુસ્સાના રૂપમાં પણ દેખાઈ શકે છે. તેની સાથે કેટલાક અન્ય ફેરફારો પણ જોવા મળી શકે છે, જેમ કે-

નાની બાબતો પર ખૂબ વધારે ગુસ્સો આવવો.

હંમેશાં કામમાં ડૂબેલા રહેવું.

પહેલાં ગમતી વસ્તુઓમાં રસ ઓછો થવો.

લોકોથી દૂર થવા લાગવું.

રાત્રે ઊંઘ ન આવવી.

હંમેશાં થાક અનુભવવો.

પોતાને દોષ આપવો

દારૂનું સેવન વધવું

શું ગુસ્સાનું કારણ ઑફિસનો તણાવ છે? જો ગયા એક વર્ષમાં કામ સંબંધિત પરિસ્થિતિઓ બદલાઈ હોય, તો તેના પર પણ ધ્યાન આપો. પોતાને પૂછો કે શું તમારી સાથે આવું કંઈ થઈ રહ્યું છે-

કામનો ભાર પહેલાં કરતાં ઘણો વધી ગયો છે.

કામના કલાકો વધી ગયા છે.

હંમેશાં સમયમર્યાદાનું દબાણ રહે છે.

કામ અંગે નિર્ણય લેવાની સ્વતંત્રતા ઓછી થઈ ગઈ છે.

બોસ અથવા સહકર્મીઓ તરફથી સહયોગ મળતો નથી.

ઓફિસમાં વિવાદ અથવા અપમાનજનક વર્તનનો સામનો કરવો પડી રહ્યો છે.

તમારી જવાબદારીઓ સ્પષ્ટ નથી અથવા વારંવાર બદલાતી રહે છે.

નોકરીને લઈને અસુરક્ષા અનુભવાય છે.

સરકારી કર્મચારીઓ માટે 8મા પગાર પંચ પહેલાં સારા સમાચાર

સરકારી હેલ્થ સ્કીમના નિયમોમાં ઐતિહાસિક ફેરફાર, જાણો કેવી રીતે મળશે લાભ

ન્યૂયોર્ક, તા.19

8મા પગાર પંચની ચર્ચાઓ વચ્ચે કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ માટે મોટા અને રાહતભર્યા સમાચાર આવ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમ (CGHS)ના નિયમોમાં ઐતિહાસિક ફેરફાર કરતા 5 કિલોમીટરની ભૌગોલિક મર્યાદાની શરત સંપૂર્ણપણે દૂર કરી દીધી છે. મંત્રાલયના EHS વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ મુજબ, હવે કેન્દ્રીય કર્મચારીઓ દેશમાં ક્યાંય પણ નિયુક્ત હોય અથવા રહેતા હોય, તેઓ CGHS હેલ્થ સુવિધાનો લાભ લઈ શકશે. સરકારનો આ નવો નિયમ તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો છે. વર્ષ 2018ના નિયમો હેઠળ CGHSનો લાભ માત્ર એવા કર્મચારીઓને મળતો હતો, જેઓ કોઈ CGHS વેલનેસ સેન્ટરના 5 કિલોમીટરના વિસ્તારમાં રહેતા અથવા કામ કરતા હોય. જે કર્મચારીઓ આ નિર્ધારિત અંતરની બહાર નિયુક્ત હતા, તેમને CS(MA)



Rules, 1944 હેઠળ તબીબી બિલની ભરપાઈની સુવિધા આપવામાં આવતી હતી.

દૂરના વિસ્તારો અથવા બિન-CGHS શહેરોમાં પોસ્ટેડ કર્મચારીઓને 5 KMની આ મર્યાદાને કારણે સારવાર અને એમ્પેનલ્ડ હોસ્પિટલની સુવિધાઓનો લાભ લેવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. કર્મચારીઓની આ મુશ્કેલી દૂર કરવા માટે સરકારે અંતર સંબંધિત આ જૂના માપદંડને જ સંપૂર્ણપણે નાબૂદ કરી દીધો છે. કેવી રીતે મળશે ફાયદો?

સરકારના નવા આદેશ અનુસાર, જે કેન્દ્રીય કર્મચારીઓ હાલમાં સીજીએચએસ ક્ષેત્રની બહાર રહેવાના કારણે સીએસ(એમએ) રૂલ્સ 1944 હેઠળ તબીબી સુવિધા લઈ રહ્યા છે, તેમને હવે વન-ટાઈમ વિકલ્પ આપવામાં આવી રહ્યો છે.

આ વિકલ્પ પસંદ કરીને કર્મચારીઓ સીજીએચએસ લાભાર્થી બની શકે છે. જોકે, આ માટે કર્મચારીઓએ તેમના પે-મેટ્રિક્સ મુજબ નક્કી કરાયેલ માસિક સીજીએચએસ સબ્સ્ક્રિપ્શન ભરવું પડશે.

નવા નિયમની મુખ્ય શરતોનું ધ્યાન રાખવું જરૂરી

આરોગ્ય મંત્રાલયે આ વન-ટાઈમ વિકલ્પનો લાભ લેવા માટે કેટલાક અત્યંત જરૂરી નિયમો અને શરતો નક્કી કરી છે:

માત્ર એક જ વાર મળશે તક: સીજીએચએસ પસંદ કરવાનો આ વિકલ્પ માત્ર એક જ વાર મળશે. એક વાર વિકલ્પ સબમિટ કર્યા બાદ તેને અંતિમ માનવામાં આવશે અને ત્યારબાદ તેમાં ફેરફાર કરી શકાશે નહીં.

આખો પરિવાર કવર થશે: મુખ્ય કર્મચારી દ્વારા લેવાયેલો નિર્ણય તેના સમગ્ર પરિવાર પર સમાન રીતે લાગુ થશે. પરિવારના કેટલાક સભ્યોને સીજીએચએસ અને કેટલાકને સીએસ(એમએ)માં વહેંચવાની મંજૂરી નહીં હોય.

નિયમિત યોગદાન આપવું પડશે: સીજીએચએસ પસંદ કરનાર કર્મચારીએ દર મહિને નક્કી કરાયેલું સીજીએચએસ યોગદાન ભરવું જ પડશે, પછી ભલે તેનું પોસ્ટિંગ અથવા નિવાસનું સ્થળ કોઈ પણ હોય.

બમણો લાભ લઈ શકાશે નહીં: કર્મચારી અથવા તેનો પરિવાર એકસાથે સીજીએચએસ અને સીએસ(એમએ) બંને યોજનાઓ હેઠળ સારવારનો દાવો કરી શકશે નહીં.

લેખિતમાં બાંહેધરી આપવી પડશે: કર્મચારીએ એક બાંહેધરી આપવી પડશે કે તે બંને યોજનાઓમાંથી બમણો લાભ લઈ રહ્યો નથી. ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી આપવાના કિસ્સામાં કડક શિસ્તાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને આપવામાં આવેલા લાભની વસૂલાત કરવામાં આવશે.

ગોલ્ડ ETFમાં એક વર્ષમાં 35%નું વળતર મળ્યું : આના દ્વારા ઓછા પૈસામાં સોનામાં રોકાણ કરો, જાણો તેની સાથે જોડાયેલી ખાસ વાતો

નવી દિલ્હી, તા.19

રોકાણકારોને આ દિવસોમાં સોનામાં રોકાણ આકર્ષી રહ્યું છે. ઓગસ્ટમાં ગોલ્ડ ETFમાં રોકાણ જુલાઈના 1,558 કરોડ રૂપિયાથી વધીને 2,596 કરોડ રૂપિયા રહ્યું. ગોલ્ડ ETFએ છેલ્લા એક વર્ષમાં 35%થી વધુ વળતર આપ્યું છે.

જેફરીઝના ગ્લોબલ ઇક્વિટી સ્ટ્રેટેજી હેડ ક્રિસ વૂડનું માનવું છે કે સોનાના ભાવમાં આગળ પણ તેજી જોવા મળી શકે છે. આવી સ્થિતિમાં જો તમે સોનામાં રોકાણ કરવાની યોજના બનાવી રહ્યા હો, તો ગોલ્ડ ETF દ્વારા તેમાં રોકાણ કરી શકો છો.

ગોલ્ડ ETF શું હોય છે?

એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોનાના વધતા-ઘટતા ભાવો પર આધારિત હોય છે. ગોલ્ડ ETFની ખરીદી-વેચાણ શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. જોકે, તેમાં તમને સોનું મળતું નથી. જ્યારે તમે તેમાંથી બહાર નીકળવા ઇચ્છો, ત્યારે તમને તે સમયના સોનાના ભાવ જેટલી રકમ મળી જશે.



આમાં કેવી રીતે રોકાણ કરી શકાય?

ગોલ્ડ ETF ખરીદવા માટે તમારે તમારા બ્રોકર મારફતે ડીમેટ અકાઉન્ટ ખોલવું પડે છે. તેમાં NSE પર ઉપલબ્ધ ગોલ્ડ ETFના યુનિટ તમે ખરીદી શકો છો અને તેના જેટલી રકમ તમારા ડીમેટ અકાઉન્ટ સાથે જોડાયેલા બેંક અકાઉન્ટમાંથી કપાઈ જશે. તમારા ડીમેટ અકાઉન્ટમાં ઓર્ડર આપ્યાના બે દિવસ બાદ ગોલ્ડ ETF તમારા અકાઉન્ટમાં જમા થઈ જાય છે. ટ્રેડિંગ અકાઉન્ટ દ્વારા જ ગોલ્ડ ETF વેચી શકાય છે.

સોનામાં મર્યાદિત રોકાણ ફાયદાકારક

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભલે તમને સોનામાં રોકાણ કરવું પસંદ હોય, તેમ છતાં તમારે તેમાં મર્યાદિત રોકાણ જ કરવું જોઈએ. કુલ પોર્ટફોલિયોના માત્ર 10થી 15% હિસ્સાનું જ રોકાણ સોનામાં કરવું જોઈએ. કોઈ સંકટના સમયમાં સોનામાં કરેલું રોકાણ તમારા પોર્ટફોલિયોને સ્થિરતા આપી શકે છે. ગોલ્ડ ETF શું હોય છે?

એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોનાના વધતા-ઘટતા ભાવો પર આધારિત હોય છે. ગોલ્ડ ETFની ખરીદી-વેચાણ શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. જોકે, તેમાં તમને સોનું મળતું નથી. જ્યારે તમે તેમાંથી બહાર નીકળવા ઇચ્છો, ત્યારે તમને તે સમયના સોનાના ભાવ જેટલી રકમ મળી જશે. ગોલ્ડ ETF ખરીદવા માટે તમારે તમારા બ્રોકર મારફતે ડીમેટ અકાઉન્ટ ખોલવું પડે છે. તેમાં NSE પર ઉપલબ્ધ ગોલ્ડ ETFના યુનિટ તમે ખરીદી શકો છો અને તેના જેટલી રકમ તમારા ડીમેટ અકાઉન્ટ સાથે જોડાયેલા બેંક અકાઉન્ટમાંથી કપાઈ જશે. તમારા ડીમેટ અકાઉન્ટમાં ઓર્ડર આપ્યાના બે દિવસ બાદ ગોલ્ડ ETF તમારા અકાઉન્ટમાં જમા થઈ જાય છે. ટ્રેડિંગ અકાઉન્ટ દ્વારા જ ગોલ્ડ ETF વેચી શકાય છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભલે તમને સોનામાં રોકાણ કરવું પસંદ હોય, તેમ છતાં તમારે તેમાં મર્યાદિત રોકાણ જ કરવું જોઈએ. કુલ પોર્ટફોલિયોના માત્ર 10થી 15% હિસ્સાનું જ રોકાણ સોનામાં કરવું જોઈએ. કોઈ સંકટના સમયમાં સોનામાં કરેલું રોકાણ તમારા પોર્ટફોલિયોને સ્થિરતા આપી શકે છે.

અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં વિધવા સહાય ઓછી: માસિક 5 હજાર કરવા કલેક્ટરને રજૂઆત

અમદાવાદ, તા.19

ગુજરાતમાં 20 લાખથી વધુ વિધવા મહિલાઓને મળતી સરકારી સહાયની રકમ વધારીને માસિક રૂ.5,000 કરવામાં આવે તેવી રજૂઆત ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા કલેક્ટરને કરવામાં આવી છે. ખેડાવાલાએ જણાવ્યું કે ગુજરાતમાં 1250 રૂપિયા ચૂકાવવામાં આવે છે, જે બીજા રાજ્યની સરખામણીએ ઓછી છે. દિલ્લીમાં વિધાવા મહિલાઓને 2500, અંધ્રપ્રદેશમાં 4000 ચૂકવવામાં આવે છે. પતિના અવસાન બાદ પરિવારની જવાબદારી સંભાળતી મહિલાઓ માટે નિયમિત આવકનો અભાવ હોવાના કારણે આર્થિક મુશ્કેલીઓ ઊભી થતી હોય છે. આવી પરિસ્થિતિમાં હાલ મળતી સહાયની રકમમાં વધારો કરવામાં આવે તો વિધવા મહિલાઓને આર્થિક આધાર મળી શકે.રજૂઆતમાં વિધવા સહાય યોજનાની રકમમાં વધારો કરી માસિક રૂ.5,000 ચૂકવવાની માંગ સાથે પાત્ર લાભાર્થી મહિલાઓ સુધી યોજનાનો લાભ સરળતાથી પહોંચે તે માટે જરૂરી પગલાં ભરવાની પણ માંગ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ટેન્ડર નોટિસ (2026-2027)

અ.નં	ખાતું	ટેન્ડર નંબર	ટેન્ડરની વિગત / ટેન્ડર વેબસાઈટ
1	ENGINEERING DEPARTMENT (EAST ZONE)	E-TENDER NOTICE NO. 08/2026-27	WORK NAME :- PROVIDING & LAYING WATER DISTRIBUTION NETWORK AND SEWERAGE NETWORK AT AJPUR ARBUDA NAGAR AREA IN RAJIV GARIB NAGAR, NOOR NAGAR AND DIFFERENT LOCATION VARIOUS CHAWL AREA IN VIRATNAGAR WARD OF EAST ZONE OF AMC AREA Detail'S & TENDERS AVAILIABLE ON https://tender.nprocure.com
2	ઈજનેર વિભાગ (ઉત્તર ઝોન)	શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ નંબર: ૦૮/૨૦૨૬-૨૭ (ઉત્તર ઝોન)	કુલ ટેન્ડર 2 ઉત્તર ઝોનમા કુબેરનગર વોર્ડમાં છઠ પૂજા વિસર્જન કુંડ બનાવવાના કામ બાબત Detail's & tenders avalible on www.ahmedabadcity.gov.in www.amc.nprocure.com http://amc.nprocure.com
3	બગીચા ખાતુ	શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ નંબર: ૦૮/૨૦૨૬-૨૭ (ઓન લાઈન)	બગીચા ખાતામાં જુદા જુદા કામો માટે ઈ-ટેન્ડર નોટીસ નં.૮/૨૦૨૬-૨૭ (ઓનલાઈન) થી ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. આવા કામનાં અનુભવી કોન્ટ્રાક્ટરોએ ઈ-ટેન્ડરની www.ahmedabadcity.gov.in https://tender.nprocure.com મેળવી શકાશે. ભરેલ ઈ-ટેન્ડરો તારીખ ૩૦-૦૯-૨૦૨૬ નાં રોજ ૧૪.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

DATE 20/09/2026

ગુજરાત પોલીસ બેડામાં મોટા પાયે ફેરબદલ : 10 IPS અને SPS અધિકારીઓની બદલી-નિમણૂક

ગાંધીનગર, તા.19

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં વહીવટી સરળતા અને કાયદો-વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે મહત્વપૂર્ણ આંતરિક બદલી અને નિમણૂકના આદેશો જારી કરવામાં આવ્યા છે. 18 સપ્ટેમ્બર, 2026ના રોજ પ્રસિદ્ધ કરાયેલા સત્તાવાર જાહેરનામા અનુસાર રાજ્યના 10 જેટલા IPS અને SPS કક્ષાના ઉચ્ચ અધિકારીઓને નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ તમામ બદલી-નિમણૂકો જાહેર હિતને ધ્યાને રાખી તાત્કાલિક અસરથી અમલી બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં વહીવટી સરળતા અને કાયદો-વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે મહત્વપૂર્ણ આંતરિક બદલી અને નિમણૂકના આદેશો જારી કરવામાં આવ્યા છે. 18 સપ્ટેમ્બર, 2026ના રોજ પ્રસિદ્ધ કરાયેલા સત્તાવાર જાહેરનામા અનુસાર રાજ્યના 10 જેટલા IPS અને SPS કક્ષાના ઉચ્ચ અધિકારીઓને નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ તમામ બદલી-નિમણૂકો જાહેર હિતને ધ્યાને રાખી તાત્કાલિક અસરથી અમલી બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે:

4 યુવા IPS અધિકારીઓને મહત્વના ડિવિઝનની કમાન

રાજ્ય ગૃહ વિભાગ દ્વારા તાજેતરની બેચના 4 યુવાન આઈપીએસ અધિકારીઓને વિવિધ જિલ્લાઓમાં આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (ASP) તરીકે ફિલ્ડ પોસ્ટિંગ ફાળવવામાં આવ્યું છે:

માન્સી આર. મીના, IPS (GJ:2023): અમદાવાદ જિલ્લાના વિરમગામ ડિવિઝનના ASP તરીકે નિમણૂક.

મૌસમ હર્ષદભાઈ મહેતા, IPS (GJ:2023): વાવ-થરાદ જિલ્લાના દિયોદર ડિવિઝનના ASP તરીકે પદભાર. પ્રખર કુમાર, IPS (GJ:2024): દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ડિવિઝનના નવા ASP બનાવાયા.

કરણકુમાર મનસુખભાઈ પન્ના, IPS (GJ:2024): દાહોદ જિલ્લાના લિમખેડા ડિવિઝનના ASP તરીકે જવાબદારી સોંપાઈ.

6 વરિષ્ઠ SPS અધિકારીઓની બદલી

પોલીસ તંત્રના અનુભવી 6 સ્ટેટ પોલીસ સર્વિસ (SPS) અધિકારીઓની આંતરિક બદલી કરીને તેમને રાજ્ય રિઝર્વ પોલીસ દળ (SRPF) ના વિવિધ જૂથોમાં કમાન્ડન્ટ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે:



પોલીસ તંત્રના અનુભવી 6 સ્ટેટ પોલીસ સર્વિસ (SPS) અધિકારીઓની આંતરિક બદલી કરીને તેમને રાજ્ય રિઝર્વ પોલીસ દળ (SRPF) ના વિવિધ જૂથોમાં કમાન્ડન્ટ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે:

જે.આઈ. વસાવા, SPS: વડોદરા સિટી ટ્રાફિક (નોર્થ) ના ડીસીપી પદેથી બદલી કરીને કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-9, વડોદરા તરીકે મૂકાયા.

ડી.એમ. ચૌહાણ, SPS: મહેસાણા જિલ્લાના વિસનગર વિભાગીય પોલીસ વડા (SP) પદેથી કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-3, મડાણા (બનાસકાંઠા) તરીકે બદલી.

પ્રકાશકુમાર વિષ્ણુપ્રસાદ રાવલ, SPS: SRPF ગ્રુપ-15, ONGC મહેસાણાના કમાન્ડન્ટ (આસિસ્ટન્ટ કમાન્ડન્ટ) થી કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-4, પાવી (દાહોદ) ખાતે નિમણૂક.

બી.એલ. દેસાઈ, SPS: પંચમહાલ-ગોધરાના હેડક્વાર્ટર SP પદેથી કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-5, ગોધરા તરીકે નિયુક્ત.

એચ.પી. દોશી, SPS: જૂનાગઢ ચોકી પોલીસ ટ્રેનિંગ સેન્ટરના SP પદેથી કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-13, રાજકોટ તરીકે જવાબદારી. એલ.બી. ઝાલા, SPS: સુરત સિટી એફ-ડિવિઝનના ડીસીપી પદેથી બદલી કરીને કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-11, વાવ (સુરત) તરીકે મૂકવામાં આવ્યા છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ સંજીવ કુમારના આદેશથી બહાર પાડવામાં આવેલા આ નોટિફિકેશન મુજબ તમામ નિયુક્ત અધિકારીઓને વિલંબ કર્યા વિના તાત્કાલિક અસરથી પોતાનો નવો હોદ્દો સંભાળી લેવા સૂચના આપવામાં આવી છે. એલ.બી. ઝાલા, SPS: સુરત સિટી એફ-ડિવિઝનના ડીસીપી પદેથી બદલી કરીને કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-11, વાવ (સુરત) તરીકે મૂકવામાં આવ્યા છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ સંજીવ કુમારના આદેશથી બહાર પાડવામાં આવેલા આ નોટિફિકેશન મુજબ તમામ નિયુક્ત અધિકારીઓને વિલંબ કર્યા વિના તાત્કાલિક અસરથી પોતાનો નવો હોદ્દો સંભાળી લેવા સૂચના આપવામાં આવી છે.

નાની સરસણ ગામે માનનીય મોદીજીના જન્મદિવસની ઉજવણી

મહીસાગર, તા.19

મહીસાગર જિલ્લાના નાનીસરસણ ગામે માનનીય શ્રી મોદીજીના 76 મા જન્મદિવસની ઉજવણી ભીલોડીયા મંદિરે કરવામાં આવી. આ માટે સૌપ્રથમ સ્વચ્છતા કાર્યક્રમ રાખવામાં આવ્યો. જે દરમિયાન ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નું સ્વપ્ન સાકાર કરી રંગ-બેરંગી અનાજથી રંગોળી પુરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. 1000 દીપ પ્રાગટ્ય કરી મોદીજીની 25 વર્ષની જનસેવાને યાદ કરી પણઘટ મંદિરો તેમજ તળાવમાં દીવાઓ મુકતા નયન રમ્ય નજારો બની ગયો હતો મોદીજીના જયકાર કારના નારાઓ સાથે વાતાવરણ હૃદય દ્રાવક બની ગયું હતું પ્રાસંગિક પ્રવચન શ્રી મનહરભાઈ પંચાલ શ્રી શાંતિભાઈ પટેલ શ્રી શિવાભાઈ પટેલ તેમજ શ્રી દશરથભાઈ બારીયા દ્વારા કરવામાં આવ્યું દીવાઓના પ્રાગટ્ય દ્વારા લોકલાડીલા વડાપ્રધાન શ્રી મોદીજીના સ્વાસ્થ્ય સુખાકારી તેમજ લાંબા આયુષ્ય માટે અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરવામાં આવી. ભજન મંડળની મહિલાઓ દ્વારા ભજન તેમજ ધૂનની રમઝટ મચાવવામાં આવી આ પ્રસંગે ગામડી જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી શીતલબેન જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી અંબાબેન કેળવણીકાર શ્રી રામભાઈ, સરપંચ શ્રી પંકજભાઈ તેમજ યુવા વર્ગ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મનપા ચૂંટણી, AAPની 23 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

ગાંધીનગર, તા.19

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે, જેમાં આમ આદમી પાર્ટી (આપ) દ્વારા પોતાના 23 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરીને ચૂંટણી જંગમાં ઝંપલાવવામાં આવ્યું છે. આપના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા દ્વારા યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં આ યાદીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. પાર્ટીએ આ યાદીમાં ડોક્ટર, વકીલ અને વિવિધ ક્ષેત્રના શિક્ષિત ઉમેદવારોનો સમાવેશ કરીને એક સંતુલિત ઉમેદવાર પસંદગીનો પ્રયાસ કર્યો છે.

આ યાદીનું સૌથી ચર્ચાસ્પદ પાસું ટ્રાન્સજેન્ડર ઉમેદવારની પસંદગી છે. ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીના ઈતિહાસમાં પહેલીવાર સમાજના કિન્નર સમુદાયના સભ્ય એન્જલ માસી (પારેખ જય શૈલેષભાઈ) ચૂંટણી લડશે. આમ આદમી પાર્ટી દ્વારા એન્જલ માસીને વોર્ડ નંબર 10માંથી ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. તદુપરાંત વોર્ડ નંબર 10માંથી ડોક્ટર હાર્દિક તલાટી સહિત અન્ય વોર્ડના બળદેવભાઈ પટેલ, વિજયસિંહ વાઘેલા, શ્રેયા મકવાણા, પિંકી રાજપૂત, ભરતભાઈ જોશી જેવા અનેક સક્રિય કાર્યકર્તાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે વોર્ડ નંબર 6 માંથી વર્તમાન કોર્પોરેટર તુષાર પારેખ, સોનાબેન પટણી, પાર્વતીબેન વસાવા અને મેલાભાઈ ભાલોડિયાને ટિકિટ આપવામાં આવી છે.

ગત ચૂંટણીમાં આપને એક જ બેઠક મળી હતી

ગત ચૂંટણીના અનુભવોને યાદ કરતા આપના નેતૃત્વએ જણાવ્યું હતું કે, પહેલીવાર ચૂંટણી લડવા છતાં પાર્ટીને 20 ટકા જેટલા મતો અને એક બેઠક પ્રાપ્ત થઈ હતી. પાર્ટીને ગર્વ છે કે એક જ પ્રતિનિધિ એટલે કે કોર્પોરેટર તુષાર પરીખ હોવા છતાં તેમણે પ્રજાના પ્રશ્નો ઉઠાવીને એક મજબૂત વિપક્ષની ભૂમિકા નિભાવી હતી. આ વખતે પણ પાર્ટી પીવાના ચોખ્ખા પાણી, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, શિક્ષણ તેમજ રમત-ગમતના સુધારા જેવા જનહિતના મૂળભૂત મુદ્દાઓને લઈને પ્રજાની વચ્ચે જશે.

મેયર પદના ચહેરાની અગાઉથી જાહેરાત નહીં કરવામાં આવે

મેયર પદના ઉમેદવાર અંગે સ્પષ્ટતા કરતા આપના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, પાર્ટી અગાઉથી પોતાના મેયર પદના ચહેરાની જાહેરાત કરશે નહીં. ચૂંટણી પરિણામો આવ્યા બાદ ચુંટાયેલા પ્રતિનિધિઓની સર્વસંમતિથી જ મેયર નક્કી કરવામાં આવશે.

'સરકારી બાબુઓને નિવૃતિ બાદ એક્સ્ટેન્શન મળવું જોઈએ નહીં'

સી.આર.પાટીલે કહ્યું- 'આ પ્રથા યુવાપેઢી માટે નુકસાનકારક', શું ગુજરાત સરકાર પૂર્વ પ્રદેશ પ્રમુખની સલાહ માનશે?

ગાંધીનગર, તા.19

ગુજરાત અને કેન્દ્ર સરકારમાં અનેક મહત્વના પદ પર અધિકારીઓ નિવૃત થયા બાદ પણ એક્સટેશન બાદ એક્સટેન્શન મેળવી યથાવત રહેતા હોય છે. જેના કારણે જે પદ માટે જે હકદાર હોય છે તે વંચિત રહેતા હોય છે. ત્યારે સુરતમાં રોજગાર મેળામાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે આ મુદ્દાને લઈ મહત્વની વાત કરી.

પાટીલે કહ્યું કે, નોકરીના અંતિમ સમયમમાં અપાતા એક્સ્ટેન્શનનો હું સખત વિરોધી છું. સરકારી નોકરીમાં એક્સટેન્શન આપવાના કારણે નવયુવાનોના હકો છીનવાઈ જાય છે.

ઉંમરમાં એક દિવસ વધી જાય તો પણ યુવાન સરકારી નોકરીની તક ગુમાવી દે- પાટીલ

સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટરમાં આયોજીત રોજગાર મેળામાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે હાજરી આપી. કાર્યક્રમમાં યુવાઓને સંબોધતા પાટીલે પોતાના મનની વાત કરતા કહ્યું કે, તેઓ નોકરીના અંતિમ સમયમાં અપાતા એક્સટેન્શનના સખત વિરોધી છે. ઘણીવાર એવો તર્ક આપવામાં આવે છે કે, 30 કે 35 વર્ષના દીર્ઘ અનુભવનો લાભ લેવો જોઈએ, પરંતુ તેનાથી મોટું નુકસાન યુવા પેઢીને ભોગવવું પડે છે. જો કોઈ કર્મચારીને એક્સટેન્શન આપવામાં આવે, તો આજે જે નવો યુવાન નિયુક્તિ પત્ર મેળવી રહ્યો છે તેનો એક વર્ષનો અધિકાર છીનવાઈ જાય. આયુષ્યનો એક દિવસ પણ વધી જવાના કારણે કોઈ લાયક યુવાન સરકારી નોકરી મેળવવાની તક ગુમાવી બેસે છે.



સરકારી નોકરી અને કર્મચારીઓ પ્રત્યે વધતો અસંતોષ કેમ?

અન્ય એક મુદ્દા પર બોલતા પાટીલે કહ્યું કે, સામાન્ય રીતે લોકોના મનમાં સરકારી નોકરી કરનાર કર્મચારીઓ કે અધિકારીઓ પ્રત્યે એક નકારાત્મક છબી ઊભી થતી જતી હોય છે. આ સ્થિતિ પાછળ આપણી કામ કરવાની પદ્ધતિ અને સમયસર નિર્ણયો ન લેવાની માનસિકતા જવાબદાર છે. જ્યારે આપણે કોઈ મહત્ત્વના નિર્ણય લેવામાં અસહાય કે મોડા પડીએ છીએ, ત્યારે સામાન્ય નાગરિકોની જરૂરિયાતો સમયસર પૂરી થતી નથી. આ વિલંબને કારણે જરૂરિયાતમંદ વ્યક્તિઓને મોટું નુકસાન સહન કરવું પડે છે, જે સરકારી તંત્ર અને જનતા વચ્ચે અંતર વધારે છે.

સમયસર નિર્ણયો લેવાની અનિવાર્યતા

તેઓએ જણાવ્યું હતું કે, જીવન કે વહીવટી કામકાજમાં ક્યારેય નિર્ણયો લેવાનું કાલ પર છોડવું જોઈએ નહીં. જો કોઈ નિર્ણય આજે જ લેવાનો હોય, તો તેને તાત્કાલિક અમલમાં મૂકવો અનિવાર્ય છે. નિર્ણયોમાં થતી બિનજરૂરી દેરી માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર પેઢીના ભવિષ્યને પ્રભાવિત કરે છે. મનમાં એવો દ્રઢ સંકલ્પ રાખવો જોઈએ કે આપણને સોંપાયેલી જવાબદારીના નિર્ણયો યોગ્ય સમયે જ લેવાય, જેથી કોઈની પણ રાહ જોવી ન પડે અને યોગ્ય વ્યક્તિને સમયસર તેનો લાભ મળી શકે. તેઓએ જણાવ્યું હતું કે, જીવન કે વહીવટી કામકાજમાં ક્યારેય નિર્ણયો લેવાનું કાલ પર છોડવું જોઈએ નહીં. જો કોઈ નિર્ણય આજે જ લેવાનો હોય, તો તેને તાત્કાલિક અમલમાં મૂકવો અનિવાર્ય છે. નિર્ણયોમાં થતી બિનજરૂરી દેરી માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર પેઢીના ભવિષ્યને પ્રભાવિત કરે છે. મનમાં એવો દ્રઢ સંકલ્પ રાખવો જોઈએ કે આપણને સોંપાયેલી જવાબદારીના નિર્ણયો યોગ્ય સમયે જ લેવાય, જેથી કોઈની પણ રાહ જોવી ન પડે અને યોગ્ય વ્યક્તિને સમયસર તેનો લાભ મળી શકે.

CMOમાં 7 નિવૃત્ત અધિકારીઓ, અન્ય વિભાગોમાં પણ પોસ્ટ-રિટાયરમેન્ટ નિમણૂકો

ગુજરાત સરકારમાં અધિકારીઓની નિવૃત્તિ બાદ પણ તેમની સેવાઓ ચાલુ રાખવાની પદ્ધતિ ફરી ચર્ચામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO)ની સત્તાવાર વેબસાઈટ પર હાલમાં 7 નિવૃત્ત અધિકારીઓ વિવિધ મહત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત CMOની બહાર પણ નિવૃત્ત અધિકારીઓને કરાર આધારિત અથવા મહત્વના સરકારી પદો પર ચાલુ રાખવાના તાજેતરના કિસ્સા સામે આવે છે.

ગુજરાત સરકારમાં અધિકારીઓની નિવૃત્તિ બાદ પણ તેમની સેવાઓ ચાલુ રાખવાની પદ્ધતિ ફરી ચર્ચામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO)ની સત્તાવાર વેબસાઈટ પર હાલમાં 7 નિવૃત્ત અધિકારીઓ વિવિધ મહત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત CMOની બહાર પણ નિવૃત્ત અધિકારીઓને કરાર આધારિત અથવા મહત્વના સરકારી પદો પર ચાલુ રાખવાના તાજેતરના કિસ્સા સામે આવે છે.

આંગણવાડીની દેખરેખ માટે દરેક કેન્દ્ર પર 7 સભ્યોની કમિટી બનશે : માતાઓ, આશાવર્કર, આંગણવાડી કાર્યકર અને મહિલા શિક્ષિકા જોડાશે

ગાંધીનગર, તા.19

'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0'ને ગુજરાતમાં વધુ અસરકારક બનાવવા રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. હવે રાજ્યના દરેક આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી મેનેજમેન્ટ કમિટી (AMC) રચાશે. ખાસ વાત એ છે કે કમિટીના તમામ સભ્યો મહિલાઓ હશે. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ 0થી 6 વર્ષનાં બાળકોમાં કુપોષણ અને વિકાસાત્મક વિલંબ ઘટાડવા ઉપરાંત પોષણ, આરોગ્ય અને પ્રારંભિક બાળ શિક્ષણની સેવાઓની ગુણવત્તા સુધારવાનો છે.

કમિટીમાં કોણ-કોણ હશે?

દરેક આંગણવાડી માટે સંબંધિત CDPO દ્વારા કમિટી બનાવાશે. તેમાં કુલ 7 સભ્યો રહેશે. સંબંધિત મહિલા સુપરવાઈઝર અધ્યક્ષ, આંગણવાડી કાર્યકર સભ્ય-સચિવ રહેશે. ઉપરાંત 1 આશા કાર્યકર, આંગણવાડીમાં નોંધાયેલા 3થી 6 વર્ષનાં બાળકોની 2 માતા, સ્થાનિક SHG/NGO/CSOની 1 મહિલા સભ્ય અને નજીકની સરકારી પ્રાથમિક શાળાની 1 મહિલા શિક્ષિકા કમિટીમાં સામેલ થશે.

AMCની દર બે મહિને બેઠક યોજાશે, તેમાં આંગણવાડીનું નિયમિત સંચાલન, બાળકોને મળતી સેવાઓ, પોષણ આહાર, સ્વચ્છતા અને પાયાની સુવિધાઓની સમીક્ષા કરાશે. આંગણવાડી ભવન, પીવાનું પાણી, શૌચાલય, રસોડું, સ્ટોરેજ, ફર્નિચર, સાધનો અને Teaching Learning Material સહિતની સુવિધાઓ પણ તપાસાશે.

કુપોષિત બાળકોની આરોગ્ય તપાસ

કમિટી 0થી 6 વર્ષનાં બાળકોનું ગ્રોથ મોનિટરિંગ, 0થી 3 વર્ષનાં બાળકોના વિકાસાત્મક તબક્કા, આરોગ્ય તપાસ, કુપોષિત બાળકોની ઓળખ અને રેફરલ બાદના ફોલોઅપની સમીક્ષા કરશે. કોઈ પાત્ર બાળક કે સગર્ભા-ધાત્રી માતા આંગણવાડીની સેવાથી વંચિત ન રહે તે માટે પણ કમિટી કામગીરી કરશે.

મેનુથી લઈને ભોજનની ગુણવત્તા સુધી ચેકિંગ

પૂરક પોષણ આહારનું વિતરણ, ભોજનની ગુણવત્તા, તાજગી, સ્વચ્છતા અને નક્કી કરાયેલા પોષણ ધોરણોનું પાલન થાય છે કે નહીં તેની પણ સમીક્ષા થશે. THR, HCM અને અન્ય પોષણ સેવાઓની સ્થિતિ પણ બેઠકમાં તપાસવામાં આવશે.

પૂર્વ-પ્રાથમિક પ્રવૃત્તિઓ નિયમિત થાય છે કે નહીં તેની તપાસ

બાળકોના પ્રારંભિક શિક્ષણ માટે 'આધારશિલા' મુજબની પૂર્વ-પ્રાથમિક પ્રવૃત્તિઓ નિયમિત થાય છે કે નહીં તેની પણ કમિટી તપાસ કરશે. અભ્યાસક્રમ આધારિત પ્રવૃત્તિ, બાળ દિવસની થીમ મુજબની પ્રવૃત્તિ અને બાળકોના સર્વાંગી વિકાસના રેકોર્ડની પણ સમીક્ષા થશે.

ન્યુટ્રી-ગાર્ડનને વિકસાવવા પ્રયાસ

પંચાયત અને શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના સહયોગથી પોષણ વાટિકા (ન્યુટ્રી-ગાર્ડન) વિકસાવવા પ્રયાસ થશે. વાલીઓ, સ્વયંસેવકો, NGO, CSR અને અન્ય સંસ્થાઓને રમકડાં, શિક્ષણ સામગ્રી, કપડાં અને અન્ય જરૂરી સંસાધનો માટે સહયોગ આપવા પ્રોત્સાહિત કરાશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર